gujaratvandan.com

નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

સાપ્તાહિક

# ગુજરાત વંદન

રવિવાર, 23 એપ્રિલ 2023

ચૈત્ર સુદ-03, વિક્રમ સંવત 2079 | કિંમત : રૂ. 5 | વાર્ષિક : રૂ. 260 | વર્ષ : 06 | અંક : 50 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12



દેશ છોડતા પ્રિયંકા ચોપરાનું છલકાયુ દર્દઃ કહ્યું- પોતાના લોકોથી દૂર રહેવું મુશ્કેલ

પેજ 11

**સુવિચાર**

માણસ ને મળતી દરેક વસ્તુ કાંઈ એની જ મહેનતથી મળતી નથી... ક્યારેક કોઈના આશીર્વાદ પણ કામ કરી જાય છે.

## શિવસેના બાદ હવે NCPના ભાગલા થશે?

## મહારાષ્ટ્રમાં રાજકીય ધમાસાણ, અજીત પવાર નવાજુની કરવા તત્પર

### સીએમ શિંદેનો હુંકારઃ અજીત પવાર આવશે તો અમે સાથે નહી બેસીએ, ભાજપનું મૌન

# મહારાષ્ટ્રમાં મહાભારતઃ શિંદેનું આસન હાલકડોલક?

ગુજરાત | વંદન

મહારાષ્ટ્રમાં ફરી એકવાર સત્તા માટે રાજકીય મહાભારત સર્જાય તેવા નવા સમીકરણો રચાઈ રહ્યાં હોવાનું જાણવા મળે છે. એમ મનાય છે કે શિવસેનામાં બળવો કરી ભાજપના ટેકાથી મુખ્યમંત્રી બનેલા એકનાથ શિંદે અને તેની સાથે બળવો કરી અલગ પડેલા ધારાસભ્યોની માન્યતાને લઈને કોઈ કાયદાકીય બાબતમાં શિંદે જુથને ફટકો પડે એમ જણાતા સત્તા ટકાવી રાખવા ભાજપે શરદ પવારની પાર્ટી એનસીપી તરફ નજર દોડાવી છે અને અગાઉ પણ એનસીપીમાંથી અલગ પડી ભાજપની સાથે અલ્પજીવી સરકાર બનાવનાર અજીત પવાર ફરીથી નવાજુની કરવાના મુડમાં હોય તેમ તેમણે કહ્યુ છે કે તેવો મુખ્યમંત્રી થવા તૈયાર છે. બીજી તરફ મુખ્યમંત્રી શિંદે દ્વારા એમ કહેવામાં આવ્યુ છે કે જો અજીત પવાર આવશે તો તેવો ભાજપની સાથે નહીં રહે. દરમિયાન શરદ પવારે એવો ઈશારો કર્યો છે તેમણી પાર્ટીના કેટલાક ધારાસભ્ય અજીત પવારની સાથે જઈ શકે છે તો બીજી તરફ શરદ પવારની પુત્રી અને સાંસદ સુપ્રિયા સુલે દ્વારા પણ ગર્ભીત અને ગંભીર ઈશારો કરાયો છે કે 15 દિવસમાં મહારાષ્ટ્ર અને દિલ્હીમાં રાજકીય બોમ-ધડાકા થવાના છે. આ તમામ બાબતોં એ તરફ ધ્યાન દોરી રહ્યું છે કે મહારાષ્ટ્રમાં કંઈક ઉથલપાથલના એંધાણ વર્તાઈ રહ્યાં છે. અલબત સમગ્ર પરિસ્થિતિ હજુ સ્પષ્ઠ થઈ શકી નથી. પણ કંઈક નવા જુની થાય તેમ છે.

10 મહીના પહેલા બાલા સાહેબની રાજકીય પાર્ટી શિવસેનામાં ભંગાણ પડ્યું હતું. બળવાખોર શિંદે દ્વારા કેટલાક ધારાસભ્યોને લઈને

...અનુસંધાન પેજ નં. 6 પર







### શું મહારાષ્ટ્રમાં ફરી રાજકીય ભાગલા?

2019માં મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી બાદ રાજકીય ઉથલપાથલ ચાલી રહી છે. ઠાકરે દ્વારા ભાજપ નહી પણ એનસીપી અને કોંગ્રેસના ટેકાથી મહાવિકાસ અઘાડી સરકાર બની ત્યારથી પણ ઉથલપાથલ સતત્ ચાલુ રહી અને 10-11 મહીના પહેલા શિવસેના પાર્ટીમાં બળવો થયો ભાગલા પડ્યા. હવે અનસીપીના ભાગલા પડે તેવા નિર્દેશો મળી રહ્યાં છે કેમકે એનસીપીના સુપ્રીમોં શરદ પવારના ભત્રીજા અજીત પવાર એનસીપીમાં બળવો કરી ભાગલા પાડે તો નવાઈ નહી.


## અજીત પવાર દ્વારા પીએમ મોદીના ભારોભાર વખાણ



ભાજપમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ એકમાત્ર શક્તિશાળી નેતા છે. જેમણે 2014 અને 2019માં એકલા હાથે ભાજપને જીત અપાવી છે. એનીસીપીના નેતા અજીત પવારે વડાપ્રધાન મોદીના ભારોભાર વખાણ કરીને એમ પણ કહ્યું કે જે. વાજપઈ, અડવાણી અને મુરલી મનોહર જોશી ન કરી શક્યા તે વડાપ્રધાન મોદીએ કરી બતાવ્યુ છે, અને મોદી પછી કોણ એમ જો કોઈ સવાલ આવે તો કોઈ અન્ય નામ નજરે પડતું નથી.

## ન્યૂઝ બ્રિફ

### છેલ્લા 24 કલાકમાં કોરોનાના 12 હજારથી વધુ કેસ, 42ના મોત



કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે શનિવારે જણાવ્યું હતું કે, ભારતમાં 24 કલાકના ગાળામાં 12,193 નવા કોવિડ-19 કેસ નોંધાયા છે, જેમાં સંક્રમણના સક્રિય કેસોની સંખ્યા વધીને 67,556 થઈ ગઈ છે. કોરોના વાયરસના કારણે મૃત્યુઆંક વધીને 5,31,300 પર પહોંચી ગયો છે જેમાં 42 દર્દીના મોત થયા છે. કોવિડ કેસોની સંખ્યા 4,48,81,877 નોંધાઈ છે.

### PM મોદીની કેરળ મુલાકાતમાં આત્મઘાતી હુમલાની ધમકી



વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કેરળ પ્રવાસ પહેલા એક ધમકીભર્યો પત્ર મળ્યો છે, જે બાદ સમગ્ર રાજ્યને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યું છે. કેરળ ભાજપના અધ્યક્ષ કે. સુરેન્દ્રનને પત્ર મોકલનાર વ્યક્તિએ 24 એપ્રિલે કોચીમાં યોજાનાર પીએમ મોદીના કાર્યક્રમ દરમિયાન આત્મઘાતી બોમ્બ વિસ્ફોટની ધમકી આપી હતી. તેણે આ ધમકીનો પત્ર પોલીસને આપ્યો હતો, જેમાં નામ અને સરનામું પણ લખેલું હતું. પોલીસ તરત જ પત્રમાં દર્શાવેલ સરનામે પહોંચી ગઈ. પોલીસના જણાવ્યા અનુસાર, આ સરનામે એક વ્યક્તિ મળી આવ્યો હતો, જે ધમકીભર્યો પત્ર સાંભળીને ખૂબ જ ડરી ગયો હતો. તેણે આવો કોઈ ધમકીભર્યો પત્ર લખવાનો ઈન્કાર કર્યો અને કહ્યુ કે કોઈએ તેને ફસાવવા માટે તેના નામે આ ખોટો ધમકી પત્ર લખ્યો છે. પોલીસ અનુસાર, વ્યક્તિએ કહ્યું કે તેને ખબર નથી કે આખી ઘટના શું છે. જો કે કેરળમાં સાવચેતીના ભાગરૂપે હાઈ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. વાહનોની તપાસ કરવામાં આવી રહી છે. બસ સ્ટોપ, રેલવે સ્ટેશન અને એરપોર્ટ પર પણ તકેદારી વધારી દેવામાં આવી છે.

### ISROએ સિંગાપોરના બે સેટેલાઈટ લોન્ચ કર્યા



ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન એ બીજા મોટા મિશન પર શનિવારે રોજ ધ્રુવીય સેટેલાઈટ લોન્ચ વ્હીકલ લોન્ચ કર્યું છે. આ રોકેટ સિંગાપોરના બે મોટા ઉપગ્રહો અને ઈન-હાઉસ પ્લેટફોર્મ સાથે ઉડાન ભરી હતી. નોંધનીય છે કે PSLV-C55 મિશનને આંધ્રપ્રદેશના શ્રીહરિકોટા સ્થિત સતીશ ધવન સ્પેસ સેન્ટરથી બપોરે 2:19 કલાકે લોન્ચ કરવામાં આવ્યું હતું. પીએસએલવીની આ 57મી ઉડાન છે અને પીએસએલવી કોર એકલા ગોઠવણીનો ઉપયોગ કરવા માટેનું 16મું મિશન છે. આ મિશનને TLEOS-2 નામ આપવામાં આવ્યું હતું.

### બાદશાહ તેના નવા ગીતને લઈને કાનૂની દાવપેચમાં ફસાયો



ફેમસ બોલિવુડ સિંગર બાદશાહ પોતાના નવા ગીતને લઈને કાનૂની દાવપેચમાં ફસાઈ શકે છે. મધ્ય પ્રદેશના ઈન્દોરમાં એક હિન્દુવાદી સંગઠને તેની સામે ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવાની ફરિયાદ નોંધાવી છે. 'અભી તો પાર્ટી શુરૂ હોઈ હૈ', 'ડીજે વાલે બાબું' જેવા લોકપ્રિય ગીતોના ગાયક બાદશાહનું અસલી નામ આદિત્ય પ્રતીક સિંહ સિસોદિયા છે. ઈન્દોર પોલીસના એક અધિકારીએ શુક્રવારના રોજ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે ઈન્દોર સ્થિત સંગઠન 'પરશુરામ સેના'એ ગાયક બાદશાહ પર કથિત રીતે અભદ્ર શબ્દો ધરાવતા નવા ગીતમાં 'ભોલેનાથ' શબ્દનો ઉપયોગ કરીને ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવાનો આરોપ લગાવ્યો છે.

## કોંગ્રેસનો દાવોઃ સત્યપાલ મલિકની સાથે આવું તો થવાનુ જ હતુ

■ સીબીઆઈએ સત્યપાલને બોલાવતા કોંગ્રેસે આપી પ્રતિક્રિયા

ગુજરાત | વંદન

જમ્મુ-કાશ્મીરના પૂર્વ રાજ્યપાલ સત્યપાલ મલિકને કેન્દ્રીય તપાસ એજન્સી સીબીઆઈએ સમન્સ મોકલ્યા છે. તેમને 27થી 28 એપ્રિલે હાજર રહેવા કહેવાયું છે. મલિકે પોતે તેની જાણકારી આપી. જોકે, તપાસ એજન્સીએ મલિકના આ દાવાની પુષ્ટિ નથી કરી. સત્યપાલ મલિકે જણાવ્યું કે, તપાસ એજન્સીએ તેમને જમ્મુ-કાશ્મીરમાં કથિત વિમા કૌભાંડ મામલે સ્પષ્ટીકરણ આપવા બોલાવ્યા છે. તેમને દિલ્હી ઓફિસે આવવા કહેવાયું છે. તેના પર કોંગ્રેસે તાત્કાલિક પ્રતિક્રિયા આપતા કહ્યું કે, 'આ તો થવાનું જ હતું.મલિક ગત ઘણા વર્ષોથી મોદી સરકારના કટ્ટર ટીકાકાર રહ્યા છે.'

જમ્મુ-કાશ્મીરના પૂર્વ રાજ્યપાલ સત્યપાલ મલિકે જણાવ્યું કે, તેમને રિલાયન્સ જનરલ ઈન્શ્યોરન્સ સાથે જોડાયેલા કૌભાંડને લઈને સીબીઆઈ કોઈ બાબતો જાણવા ઈચ્છે છે. ઉલ્લેખનીય છે કે, સત્યપાલ મલિકે સરકારી કર્મચારીઓ માટે મેડિકલ ઈન્શ્યોરન્સ પોલિસીનો અને જમ્મુ-કાશ્મીરના કિરુ હાઈડ્રોઈલેક્ટ્રિક પાવર પ્રોજેક્ટને લગતા 2,200 કરોડ રૂપિયાના કામનો કોન્ટ્રાક્ટ આપવામાં કૌભાંડનો આરોપ લગાવ્યો હતો અને તેના આધારે ગત વર્ષે એપ્રિલમાં સીબીઆઈએ બે એફઆઈઆર નોંધી હતી.

આ અહેવાલ સામે આવતા જ કોંગ્રેસે ટ્વિટ કરી કહ્યું કે, 'આખરે પીએમ મોદીથી રહેવાયું નહીં. સત્યપાલ મલિકે દેશની સામે તેમની હકીકત ખોલી દીધી. હવે સીબીઆઈએ મલિકને બોલાવ્યા છે. એ તો થવાનં જ હતું.' પોતાની ટ્વિટમાં કોંગ્રેસે મીડિયાને પણ નિશાન બનાવ્યા. પાર્ટીએ કહ્યું કે, 'બીજી એક બાબત બનશે. ગોદી મીડિયા હજુ પણ ચૂપ રહેશે, લખી લો.'

### CBIને પુછપરછ કરવી હોય તો માર ઘરે આવે હું નહી જવું



પૂર્વ રાજ્યપાલ સત્યપાલ મલિકના કેસમાં નવો વળાંક આવ્યો છે. મલિકે કહ્યું છે કે તેમને સેન્ટ્રલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (CBI)ની ઓફિસમાં જવાની જરૂર નથી. તેના બદલે સીબીઆઈના અધિકારીઓ પોતે તેને મળવા ઘરે આવવાના છે. પૂર્વ રાજ્યપાલ સત્યપાલ મલિકના સતત નિવેદનો બાદ રાજકીય વાતાવરણ ગરમાયું છે. આ દરમિયાન તેમને સીબીઆઈના સમન્સનો મામલો સામે આવ્યો હતો. જે બાદ કોંગ્રેસ અને AAPના નેતાઓ કેન્દ્ર સરકારને ઘેરી રહ્યા છે.

## ખેલાડીઓની સુરક્ષામાં મોટી ચૂક

### કોહલી જ્યાં રોકાયો હતો તે હોટલમાંથી 3 હિસ્ટ્રીશીટરો ઝડપાયા

ગુજરાત | વંદન



ઈન્ડિયન પ્રીમિયર લીગ 2023 હાલમાં ભારતમાં 12 અલગ-અલગ સ્થળોએ ચાલી રહી છે. અત્યાર સુધીમાં (21 એપ્રિલ) તમામ 10 ટીમો વચ્ચે 29 મેચ રમાઈ છે. પરંતુ આ દરમિયાન ખેલાડીઓની સુરક્ષામાં ભંગનો એક નવો મામલો સામે આવ્યો છે જેણે બધાને ચોંકાવી દીધા છે.

જે હોટલમાં IPL રમી રહેલી ટીમ રોકાઈ હતી ત્યાં ત્રણ હિસ્ટ્રીશીટરોએ પણ આ જ હોટલમાં રૂમ બુક કરાવ્યા હતા. ત્રણેય ત્યાં આરામથી રહેતા હતા. પરંતુ પોલીસે તત્પરતા દાખવતા ત્રણેય આરોપીઓની અટકાયતી કાર્યવાહી હેઠળ ધરપકડ કરી છે.ચંદીગઢની આઈટી પાર્ક પોલીસે આ કાર્યવાહી કરી છે. મોટી વાત એ છે કે જે ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે તેમની સામે ફાયરિંગ અને અન્ય કેસ નોંધાયેલા છે. એટલે કે આના પરથી અંદાજ લગાવી શકાય છે કે ત્રણેય ગુનેગારો કેટલા ગંભીર છે. આઈપીએલ ટીમની હોટલમાંથી ત્રણેયની ધરપકડ ખૂબ જ ગંભીર બાબત છે. ગુરુવારે પંજાબ કિંગ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB) વચ્ચે મોહાલીમાં મેચ રમાઈ હતી. આ મેચમાં RCBનો 24 રને વિજય થયો હતો.

...અનુસંધાન પેજ નં. 6 પર

## 14-14 લાખનું ઈનામ ધરાવતી 2 મહિલા નક્સલી કમાન્ડર ઠાર

■ મધ્યપ્રદેશના બાલાઘાટમાં સુરક્ષાદળ અને નક્સલીઓ વચ્ચે એન્કાઉન્ટર

ગુજરાત | વંદન



મધ્યપ્રદેશના બાલાઘાટમાં પોલીસને મોટી સફળતા મળી છે. બાલાઘાટ જિલ્લાના ગઢી પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના કડલા જંગલમાં શનિવારે સવારે લગભગ 3 વાગ્યે હોક ફોર્સ અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી. લાંબા સમય સુધી ચાલેલા ગોળીબારમાં હોક ફોર્સના જવાનોએ બે કટ્ટર મહિલા નક્સલવાદીઓને ઠાર કર્યા હતા.

જિલ્લા પોલીસે પુષ્ટિ કરી કે મહિલા નક્સલવાદી સુનીતા અને સરિતા એન્કાઉન્ટરમાં માર્યા ગયા. સુનિતા એસીએમ ભોરમ દેવ એરિયા કમાન્ડર, તાડા દલમમાં હતા. હાલમાં તે વિસ્તાર દલમમાં કામ કરતી હતી. જ્યારે, સરિતા ખાટિયા મોચા ACM, કબીર સાથે ગાર્ડ તરીકે કામ કર્યું હતું. તે પણ હાલમાં વિસ્તાર દલમમાં આવી હતી.

પોલીસની માહિતી મુજબ આ એન્કાઉન્ટરમાં વધુ નક્સલીઓ ઘાયલ થવાની શક્યતા છે. હોક ફોર્સના જવાનોએ જંગલમાં સઘન શોધખોળ શરૂ કરી છે. આઈજીપી બાલાઘાટ સંજય કુમાર, પોલીસ અધિક્ષક બાલાઘાટ સમીર સૌરભ અને હોક ફોર્સના ટોચના અધિકારીઓ ઘટનાસ્થળે હાજર છે. બંને મહિલા નક્સલવાદીઓ પર 14-14 લાખનું ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું. આ તરફ, હોક ફોર્સે 28 લાખનું ઈનામ ધરાવતી બે મહિલા નક્સલવાદીઓને ઠાર કરવામાં સફળતા મેળવી છે.

## BJP નેતા સુરેન્દ્ર મટિયાલા હત્યા કેસમાં દિલ્હી પોલીસને સફળતા

■ શૂટર સહિત પાંચ આરોપીઓની ધરપકડ

ગુજરાત | વંદન



રાજધાની દિલ્હીના દ્વારકા વિસ્તારમાં ભારતીય જનતા પાર્ટીના નેતા સુરેન્દ્ર મટિયાલાની હત્યા મામલે મોટો ખુલાસો થયો છે. આ હત્યા કેસમાં નંદુ ગેંગનું નામ સામે આવ્યું છે. કહેવામાં આવી રહ્યું છે કે આરોપીઓ આ ગેંગ સાથે જોડાયેલા છે. સુરેન્દ્ર મટિયાલાની હત્યા કેસમાં પોલીસે બે સગીર સહિત 5 આરોપીઓની ધરપકડ કરી છે. આરોપીઓની ધરપકડની સાથે જ દિલ્હી પોલીસે પણ ચોંકાવનારો દાવો કર્યો છે. પોલીસનું કહેવું છે કે ધરપકડ કરાયેલા આરોપીઓને નિશાન બનાવવામાં આવ્યા હતા. હાલ પોલીસે આ હત્યા કેસમાં આગળની કાર્યવાહી હાથ ધરી છે.


...અનુસંધાન પેજ નં. 6 પર

### પૂછપરછમાં થઈ શકે છે મહત્વના ખુલાસા

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર બીજેપી નેતા સુરેન્દ્ર મટિયાલા કથિત રીતે પ્રોપર્ટીના વિવાદમાં સામેલ હતા. પોલીસે વિસ્તારમાં લગાવેલા સીસીટીવીની તપાસ કરી, જેમાં તેમને ઘણી મહત્વની બાબતો જાણવા મળી. હાલ પોલીસે 5 આરોપીઓની ધરપકડ કરી છે. આ પછી એવું માનવામાં આવે છે કે પૂછપરછ દરમિયાન આ આરોપીઓ ઘણી એવી બાબતોનો ખુલાસો કરી શકે છે, જે કેસને ઉકેલવામાં મદદરૂપ સાબિત થઈ શકે છે.

## મુંબઈમાં હાઈપ્રોફાઈલ સેક્સ રેકેટનો પર્દાફાશ, ભોજપુરી અભિનેત્રીની ધરપકડ

ગુજરાત | વંદન



પોલીસે હાઈપ્રોફાઈલ સેક્સ રેકેટનો પર્દાફાશ કર્યો છે. આ કેસમાં દરોડા બાદ એક ભોજપુરી અભિનેત્રીની પણ ધરપકડ કરવામાં આવી છે. પોલીસના જણાવ્યા અનુસાર, સુમન કુમારી નામની આ ભોજપુરી અભિનેત્રી હાઈપ્રોફાઈલ સેક્સ રેકેટમાં વચેટિયા તરીકે કામ કરતી હતી.

મુંબઈ પોલીસની સમાજ સેવા શાખા દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી છે. પોલીસના જણાવ્યા અનુસાર, તેમને આરે કોલોની વિસ્તારમાં આવેલી રોયલ પામ હોટલમાં સેક્સ રેકેટની માહિતી મળી હતી. પોલીસે સુમન કુમારી ભોજપુરી અભિનેત્રી પાસે નકલી ગ્રાહકને મોકલ્યો હતો. સુમન કુમારીએ તે નકલી ગ્રાહક સાથે ડીલ કરી, જેમાં તેણે દરેક મોડલ માટે 50 થી 80 હજાર રૂપિયા માંગ્યા. સુમન કુમારીએ નકલી પોલીસ ગ્રાહકને આરે કોલોની સ્થિત રોયલ પામ હોટલમાં મોકલ્યો હતો. મોડેલો અહીં પહેલેથી જ હાજર હતી. આ દરમિયાન પોલીસે સ્થળ પર પૈસા લેતા સુમન કુમારીની ધરપકડ કરી હતી. હોટલમાંથી 3 મોડલને પણ બચાવી લેવામાં આવી હતી.પોલીસના જણાવ્યા અનુસાર, સુમન કુમારી એક ભોજપુરી અભિનેત્રી છે જે ગ્રાહકોને મોડલ સપ્લાય કરે છે. આ મોડલ્સ ફિલ્મોમાં કરિયર બનાવવા માટે મુંબઈ આવી હતી, સંઘર્ષના સમયગાળામાંથી પસાર થઈ રહેલી આ મોડલ્સને પૈસાની જરૂર હતી. સુમન કુમારીએ તેનો સંપર્ક કર્યો અને તેને વેશ્યાવૃત્તિ માટે દબાણ કર્યું.

## 'ગદ્દાર પાર્ટી, BJPના એજન્ટ' મમતાએ ઈદના દિવસે જ અસદુદ્દીન ઓવૈસી પર કર્યા આકરા પ્રહાર

ગુજરાત | વંદન



આજે ઈસ્લામ ધર્મમાં માનનારા લોકો દેશભરમાં ઈદની ઉજવણી કરી રહ્યા છે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ પણ મુસ્લિમોને ઈદની શુભેચ્છા પાઠવી છે. આ અવસર પર તેઓ રાજનીતિ પણ ચૂક્યા ન હતા. તેમણે પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતામાં મુસ્લિમોની વચ્ચે અસદુદ્દીન ઓવૈસીનું નામ લીધા વગર તેમના પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે તેમની પાર્ટી ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીન (AIMIM)ને ગદ્દાર પાર્ટી ગણાવી હતી. આ સાથે ઓવૈસીને બીજેપીના એજન્ટ ગણાવ્યા છે.

કોલકાતામાં ઈદ નિમિત્તે નમાજ માટે આયોજિત એક સભાને સંબોધતા મમતા બેનર્જીએ કહ્યું કે, અમે બંગાળમાં શાંતિ ઈચ્છીએ છીએ. અમને રમખાણો નથી જોઈતા. અમે દેશમાં ભાગલા નથી ઈચ્છતા. જે લોકો દેશના ભાગલા પાડવા માંગે છે તેમને આજે ઈદ પર વચન આપું છું કે હું મારો જીવ આપવા તૈયાર છું પરંતુ હું દેશના ભાગલા નહીં થવા દઈશ.

આ દરમિયાન મમતા બેનર્જીએ અસદુદ્દીન ઓવૈસીનું નામ લીધા વગર તેમના પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે લોકોને કહ્યું, હું તમને ફક્ત એટલું જ કહેવા માંગુ છું કે, શાંત રહો અને કોઈનું સાંભળશો નહીં. એક

...અનુસંધાન પેજ નં. 6 પર

## અયોધ્યામાં ટ્રક અને બસની ટક્કરમાં 7 લોકોનાં મોત, 40થી વધુ ઈજાગ્રસ્ત

■ યુપીના સીએમ યોગીએ શોક વ્યક્ત કર્યો

ગુજરાત | વંદન




ઉત્તર પ્રદેશના અયોધ્યામાં થયેલ એક ભયાનક માર્ગ અકસ્માતમાં 7 લોકોના મોત થયા છે. મળતી માહિતી મુજબ અયોધ્યાથી આંબેડકર નગર તરફ જઈ રહેલી બસ એક ટ્રક સાથે અથડાઈને પલટી ગઈ. આ અકસ્માતમાં 40 થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. મળતી માહિતી મુજબ અકસ્માત લખનૌ-ગોરખપુર હાઈવે પર થયો હતો. જેમા બસ અને ટ્રક સામસામે અથડાયા હતા. ટક્કર એટલી જોરદાર હતી અને ટ્રક પલટી મારી બસની ઉપર પડી હતી. જણાવ્યા અનુસાર માર્ગ અકસ્માતનો ભોગ બનેલા સાત લોકોના મોત અત્યાર સુધીમાં થઈ ચૂક્યા છે. જ્યારે 40થી વધુ લોકો ઘાયલ થયા છે.મળતી માહિતી મુજબ દુર્ઘટના બાદ એક ડઝનથી વધુ એમ્બ્યુલન્સને ઘટનાસ્થળે મોકલવામાં આવી હતી. ઘાયલોને જિલ્લા હોસ્પિટલ અને મેડિકલ કોલેજમાં લઈ જવામાં આવ્યા હતા.

યુપીના સીએમ યોગી આદિત્યનાથે અકસ્માતમાં લોકોના મોત પર શોક વ્યક્ત કર્યો છે. મુખ્યમંત્રીએ વહીવટીતંત્રને ઘાયલોને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવા અને યોગ્ય સારવાર આપવાનો નિર્દેશ પણ આપ્યો છે.

### વાંકી નજરે...

સૌજન્યથી...



સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

## સ્ટેશન તૈયાર... બુલેટ ટ્રેન આવે એટલી વાર...!





અમદાવાદથી મુંબઈ સુધીની બુલેટ ટ્રેન શરૂ કરવા તેનું કામકાજ ધમધોકાર ચાલી રહ્યું છે. શહેરના સાબરમતી રેલવે સ્ટેશન ખાતે શરૂ થનાર બુલેટ ટ્રેન માટે અતિ આધુનિક પ્રકારનું રેલવે સ્ટેશન બનાવવામાં આવી રહ્યું છે. શહેરના ભાજપના બે સંસદ સભ્યો ડો. કિરીટ સોલંકી અને ધારાસભ્ય હર્ષદભાઈ પટેલ દ્વારા સ્થળ મુલાકાત લઈને પ્રોજક્ટ કામગિરી નિરીક્ષણ કર્યું હતું આ રેલવે સ્ટેશન ફાઈવ સ્ટાર હોટલને ટક્કર મારે તેવું સરસ મજાનું બનાવવામાં આવી રહ્યું છે. રેલવે સ્ટેશનનું બહારનું હિસ્સો તૈયાર થયો છે. આંતરિક સાજ સજાવટ વગેરી ચાલી રહ્યું છે. એમ મનાય છે કે, 2026થી બુલેટ ટ્રેન સાબરમતીથી ઉપડીને કાલુપુર થઈ મુંબઈ રવાના થશે. **તસ્વીર: મૌર્ય ભાગ્યવાન**

# ડમી ઉમેદવારની કોઈ પણ માહિતી આવશે તો પગલાં ભરાશે: અધ્યક્ષ

■ **માહિતી આપનારની ઓળખ ગુપ્ત રાખવામાં આવશે**

ગુજરાત | વંદન

ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળના ઈન્ચાર્જ અધ્યક્ષ હસમુખ પટેલની પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં તેમણે ડમી ઉમેદવારોને લઈને મોટું નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું કે ડમી ઉમેદવાર માટે બોર્ડને કોઈ પણ માહિતી આવશે તો પગલાં ભરવામાં આવશે. જો કે તે ઉમેદવારની સંપૂર્ણ ઓળખ આપવી પડશે. માહિતી આપનારની ઓળખ ગુપ્ત રાખવામાં આવશે.

હસમુખ પટેલે કહ્યું કે, જેણે સંમતિ પત્ર ભર્યુ હશે તે જ પરીક્ષા આપી શકશે. ત્યારે હવે પરીક્ષા માટે સંમતિ પત્ર ભરવાનો સમય પૂર્ણ થઈ ગયો છે. આ સ્પર્ધાત્મક પરીક્ષા માટે કુલ 8 લાખ 65 હજાર વિદ્યાર્થીઓએ સંમતિ પત્ર ભર્યું છે. સંમતિ પત્ર ભરનાર પરીક્ષાર્થી જ કોલલેટર ડાઉનલોડ કરી શકશે. આગામી સપ્તાહમાં કોલ લેટર ઉમેદવારો માટે ડાઉનલોડ થઈ શકશે. નોંધનીય છે કે, તલાટીની પરીક્ષા પાછી ઠેલાઈને 7 મેના રોજ લેવાની જાહેરાત કરવામાં આવી છે.



'ડમી ઉમેદવારો માટે બોર્ડને જે પણ માહિતી મળશે તેમાં ત્વરિત પગલાં લેવામાં આવશે. ભૂતકાળમાં પણ કોર્ટની પરીક્ષાઓની અંદર કોઈ ડમી ઉમેદવારે ભાગ લીધો હોય એવી જો તમારી પાસે માહિતી હોય તો ચોક્કસથી અમને માહિતી જણાવે. માહિતી આપનારે પોતાની ઓળખ સાથે આપવી પડશે જેથી કરીને કોઈને પણ તેમાં કોઈની વિરૂદ્ધ ખોટા આક્ષેપ કરવાની તક મળે નહીં. ભૂતકાળની પરીક્ષાઓની અંદર પણ આવું જો થયું હશે તો પણ, જે અમને માહિતી આપશે એની ઓળખ અમે ગુપ્ત રાખીશું. અમે ઓળખની અપેક્ષા એટલાં માટે રાખીએ છીએ કે કોઈની વિરૂદ્ધમાં કોઈને ખોટો આક્ષેપ કરવાની તક ન મળે. ઓળખ ગુપ્ત એટલાં માટે રાખીશું કે જેથી કરીને લોકો નિર્ભય થઈને અમને માહિતી આપી શકે. માત્ર આ ડમી ઉમેદવાર જ નહીં, પરીક્ષામાં કોઈ પણ ગેરરીતિ કરતું હોય તો તેવી કોઈ પણ માહિતી તમે અમને આપી શકશો. અમે કડકમાં કડક કાયદાનો ઉપયોગ કરીને કાયદેસરની કાર્યવાહી કરીશું. પણ એમાં લોકોના પૂરેપૂરા સહકારની અમને અપેક્ષા છે.'

8 લાખ 65 હજાર વિદ્યાર્થીઓએ સંમતિ પત્ર ભર્યું

સંમતિ પત્ર બાબતે ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળના ઈન્ચાર્જ અધ્યક્ષ હસમુખ પટેલે મહત્વની માહિતી આપી કે, પરીક્ષા આપવા માટે સંમતિ પત્ર ભરવાનો સમય પૂર્ણ થઈ ગયો છે. કુલ 8 લાખ 65 હજાર વિદ્યાર્થીઓએ સંમતિ પત્ર ભર્યું છે. આગામી 7 મેના દિવસે તલાટીની પરીક્ષા યોજાનાર છે. તેમણએ વધુમાં જણાવ્યું કે, પંચાયત પસંદગી મંડળ દ્વારા લેવાતી આ પરીક્ષા માટે કુલ ૮ લાખ ૬૫ ઉમેદવારોએ સંમતિ પત્ર ભરવામાં આવ્યું છે. અગાઉ ૧૭ લાખ કરતાં ઉમેદવારો પરીક્ષા આપવાના હતા, પણ ૮ લાખ ૬૫ હજાર ઉમેદવારો પરીક્ષા આપશે.

## વિધાનસભાની સમિતિઓની જાહેરાત, જાહેર હિસાબ સમિતિમાં કોંગ્રેસના 2 સભ્યોને સ્થાન મળ્યું





ગુજરાત | વંદન

ગુજરાત વિધાનસભાની સમિતિઓના નામો જાહેર કરી દેવામા આવ્યા છે. જેમાં ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના સભ્યોના નામનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સમિતિની જાહેરાતની સાથે જ વિધાનસભામાં ઈતિહાસ રચાયો છે. જેમાં જાહેર હિસાબ સમિતિમાં આ વખતે સત્તાપક્ષને સ્થાન મળ્યું છે. તેના અધ્યક્ષ તરીકે જીતુ વાઘાણીની નિમણુંક કરાઈ છે.

જાહેર હિસાબ સમિતીમાં કોંગ્રેસના બે સભ્યો અર્જુન મોઢવાડિયા અને સી જે ચાવડાને સ્થાન અપાયું છે. આ સમિતીમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય હેમંત આહિરનો પણ સમાવેશ કરાયો છે. અંદાજ સમિતિના ચેરમેન તરીકે મનીષાબેન વકીલને જાહેર કરાયા છે. તેમજ અંદાજ સમિતિમા કોંગ્રેસના ડો.તુષાર ચૌધરીનો સમાવેશ કરાયો છે. પંચાયતી રાજ સમિતિમાં પંકજ દેસાઈને અધ્યક્ષ બનાવાયા છે. કોંગ્રેસના ધારાસભ્ય ગેનીબેન ઠાકોરને પણ સ્થાન મળ્યું છે. રાજ્ય આદિજાતિ સલાહકાર પરિષદમા પી.સી.બરંડા અધ્યક્ષ બન્યા છે અને ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સમિતિમાં કિરીટ પટેલ, હાર્દિક પટેલનો સમાવેશ કરવામાં આવ્યો છે.

### 33 જિલ્લા-8 શહેરી ક્ષેત્રોમાં ક્ષય રોગ કેન્દ્રો કાર્યરત

# ગુજરાતમાં એક લાખ વ્યક્તિએ ટીબીના માત્ર ૧૩૭ દર્દીઓ...

■ **ગુજરાતમાં ટીબીના ૮૩,૬૯૩ દર્દીઓ : તે પૈકી ૭૦,૩૫૦ દર્દીઓ નિ-ક્ષય મિત્રો સાથે જોડાયા**

ગુજરાત | વંદન





ગુજરાતમાં પ્રતિ એક લાખ વ્યક્તિએ ક્ષય-ટીબીના ૧૩૭ દર્દીઓ છે. ભારતના અન્ય રાજ્યોની તુલનામાં આ સૌથી શ્રેષ્ઠ સ્થિતિ છે. વર્ષ-૨૦૨૫ સુધીમાં ભારતને ટીબી મુક્ત કરવાનું લક્ષ્યાંક પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપ્યું છે. ગુજરાતમાં આ લક્ષ્યની પ્રાપ્તિ માટે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા અત્યંત ગંભીરતાપૂર્વક કામગીરી થઈ રહી છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ 'પ્રધાનમંત્રીના ટીબી મુક્ત ભારત અભિયાન' અંતર્ગત ગુજરાતમાં ચાલી રહેલી કામગીરીની વિસ્તૃત સમીક્ષા કરી હતી.

ગુજરાતમાં અત્યારે ટીબીના ૮૩,૬૯૩ દર્દીઓ છે. તે પૈકીના ૭૦,૩૫૦ દર્દીઓ નિ-ક્ષય મિત્ર યોજના અંતર્ગત નિ-ક્ષય મિત્રો સાથે જોડાઈ ગયા છે. ઉદ્યોગગૃહો, સ્વૈચ્છિક સંગઠનો, રાજકીય પક્ષો અને વ્યક્તિગત દાતાઓ ટીબીના દર્દીઓને યોગ્ય પોષણ અને દવાઓ મળે તેની કાળજી લઈ રહ્યા છે. ગુજરાતમાં અત્યારે ૩,૬૭૨ નિ-ક્ષય મિત્રો કાર્યરત છે. છ થી નવ મહિનાની નિયમિત સારવાર અને પોષણક્ષમ આહારથી ટીબીના દર્દીઓ સાજા થઈ રહ્યા છે. ટીબીના દર્દીની ૧૫ થઈ ૨૦ દિવસ સુધી નિયમિત સારવાર પછી તેના દ્વારા અન્યને ચેપ લાગવાની સંભાવના થોડી ઓછી થઈ જાય છે. ગુજરાતમાં ૩૩ જિલ્લાઓમાં અને આઠ શહેરી ક્ષેત્રોમાં ક્ષય રોગ કેન્દ્રો કાર્યરત છે. તમામ તાલુકા કક્ષાએ અને નાના શહેરોમાં ૩૦૬ ટીબી સેન્ટર કાર્યરત છે. તમામ હોસ્પિટલ્સમાં ટીબીની સારવાર નિશુલ્ક ઉપલબ્ધ છે. રાજ્યમાં ડિટેકશન, ટ્રીટમેન્ટ અને પ્રિવેન્શન; તમામ મોરચે શ્રેષ્ઠ કામગીરી થઈ રહી છે.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ ગુજરાતમાં ક્ષય નિયંત્રણ માટે થઈ રહેલી કામગીરીથી સંતોષ વ્યક્ત કર્યો હતો. આરોગ્ય વિભાગના અધિકારીઓને અભિનંદન આપતાં તેમણે કહ્યું હતું કે, ક્ષય નિયંત્રણ કાર્યમાં સ્હેજ પણ ઢીલ કરવાની નથી. લક્ષ પ્રાપ્તિ માટે આવી જ ગંભીરતાથી કામ ચાલુ રાખવાનું છે.





રાજ્યના પાટનગર ગાંધીનગરમાં સેક્ટર 22માં સ્થિત સુપ્રસિદ્ધ પંચદેવ મંદિરની બાજૂમા પાણીની પાઈપ લીકેજના કારણે ચારે તરફ ગંદકી જોવા મળી રહી છે.ગંદકીને કારણે મચ્છરોનું સામ્રાજ્યને ફેલાયો છે. જેનાથી પાણીજન્ય અને મચ્છરજન્ય રોગો ફેલાવાની શક્યતા જોતા વહેલી તકે તેનો નિરાકરણ લાવવામાં આવે તેવી લોકલાગણી જોવા મળી રહી છે. **તસ્વીર: મૌર્ય ભાગ્યવાન**

## ધો.10-12ના પરિણામો જાહેર કરવા બોર્ડે તૈયારીઓ શરૂ કરી

ગુજરાત | વંદન



ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડની પરીક્ષાઓ લેવાઈ હતી, જેના પરિણામોને લઈને શિક્ષણ બોર્ડે તૈયારી આરંભી દીધી છે. બોર્ડ દ્વારા ધોરણ-10 અને ધોરણ-12 ના વિધાર્થીઓના પરિણામ જાહેર કરવા માટેની કામગીરી પુરજોશમાં શરૂ કરી દીધી છે. ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહનું પરિણામ પહેલા જાહેર કરવામાં આવે તેવી પ્રબળ શક્યતા છે. જ્યારે ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહનું પરિણામ મે મહિનાના પ્રથમ અથવા બીજા સપ્તાહમાં જાહેર થઈ શકે છે. તેમજ ધોરણ-12 સામાન્ય પ્રવાહનું પરિણામ મે મહિનાના અતિમ તબક્કામાં જાહેર થવાની અને ધોરણ 10નું પરિણામ જૂન માસના પ્રથમ સપ્તાહ બાદ જાહેર થાય તેવી પ્રબળ શક્યતાઓ છે.

ઉલ્લેખનિય છે કે, રાજ્યમાં 14મી માર્ચથી ગુજરાતમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થયો હતો. ધોરણ-10ની પરીક્ષા 28મી માર્ચ સુધી યોજાઈ હતી જ્યારે ધોરણ-12 સામાન્ય પ્રવાહની પરીક્ષા 29મી માર્ચ સુધી તેમજ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા 25 માર્ચ સુધી યોજાઈ હતી.

## થોડી ઈધર કી / થોડી ઉધર કી

### ધક ધક ગર્લ...માધુરી સાથે વડાપાઉં ખાતી વખતે ટીમ કૂકના હૃદયના ધબકારા કેટલા વધ્યા હશે..?! એપલની વોચને ખબર..!

શું જમાનો આવ્યો છે...? એપલવાળો ધક...ધક..ગર્લ માધુરી સાથે બેસીને ટેસથી વડાપાઉં ખાય છે અને વડાપાઉ વેચનારા એપલનો ફોન વાપરે છે...!





માધુરીએ જેની સાથે બેસીને વડાપાઉં ખાધો એ એપલ મોબાઈલ ફોનના માલિક ટીમ કૂક દ્વારા માધુરીને એપલનો લેટેસ્ટ ફોન ગિફ્ટમાં આપ્યો કે કેમ તે બહાર આવ્યું નથી પણ એપલનો સ્ટોર્સ મુંબઈમાં અને દિલ્હીમાં ખુલતાં એપલ ફોનના શોખીનો માટે જાણે કે જલસો પડી ગયો...જેને કહેવાય કે ટેસડો પડી ગયો..!

એપલના માલિક ટીમ કૂક દ્વારા સવાર સવારના નાસ્તા માટે માધુરીની સંગત કેમ પસંદ કરી તે તેમની પીઆર ટીમ જાણતી હશે પણ એક વાત તો નક્કી કે, ચોલી કે પીછે ક્યા હૈ...વાળી માધુરી દિક્ષિતને ધક ધક ગર્લ કાંઈ એમ જ નથી કહેતા....? માધુરી સાથે વડાપાઉં ખાતી વખતે ટીમ કૂકના હૃદયના ધબકારા કેટલા વધ્યા...એ તેમણે ધારણ કરેલી એપલ વોચે ગણ્યા હશે...?!

માધુરીની સાથે બેસીને એપલનો પ્રચાર કરનાર ટીમ કૂકની પ્રોડક્ટ ફટાફટ વેચાશે તેમાં કોઈ શક નથી પણ બોલીવુડની આટલી હોટ.. હોટ...અને બોલ્ડ...બોલ્ડ...અભિનેત્રીઓમાંથી માધુરીની પસંદગી દર્શાવે છે કે માધુરી એટલે માધુરી....ચહેરામાં મધુરતા...બોલચાલમાં શાલિનતા...અને ધક ધક કરને લગા..વાળી અદા તો ખરી જ...!

### ભારતે પણ એક સમયે "એક બાળક"ની પોલીસી અપનાવી પડશે...નહીંતર તો વધ્યા જ કરશે...વધ્યા જ કરશે...!!

આખરે ભારતે ચીનને પરાજય આપ્યો ખરો... પણ યુધ્ધના મેદાનમાં નહીં...વસ્તી વધારામાં...! વિશ્વમાં અત્યાર સુધી ચીન એટલે વસ્તી વધારામાં નંબર વન અને હવે ભારત નંબર વન...! ભારતની વસ્તી વધીને 142.86 કરોડની થઈ ગઈ....અને અટકવાની નથી...ખાયે જા...ખાયે જા...ની જેમ વધ્યા કરશે...વધ્યા કરશે...

જ્યારે ચીને વર્ષો પહેલાં અપનાવેલી એક બાળકની પોલીસીના પગલે



વસ્તી ઘટી જતા નંબર વનનો દરજ્જો ગુમાવ્યો સાથે ચીનના નાગરિકોની સ્થિતિ એવી થઈ ગઈ કે તેમને હવે વધુ બાળકો પેદા કરવામાં રસ જ નથી...! કેમ કે સરકારે અમલમાં મૂકેલા એક બાળકના કાયદાનો ડર નિકળતો નથી...!

ભારતે પણ એક તબક્કે ચીનની પોલીસી અપનાવવી પડશે નહીંતર લોકોની મસ્તીમાં વસ્તી તો વધ્યા જ કરશે...વધ્યા જ કરશે...અલબત, જ્યારે એવો નિર્ણય લેવાશે ત્યારે તેને ધાર્મિક રૂપ-સ્વરૂપ આપવામાં આવે તો નવાઈ નહીં. કારણ..? હિન્દુવાદી સંસ્થાઓ ભવિષ્યમાં વસ્તીની અસમતુલતાને ધ્યાનમાં રાખીને હિન્દુઓને વધુ બાળકો પેદા કરવા આહવાન કરે છે, ત્યારે મોંઘવારીથી ત્રસ્ત લોકો કહેતા હોય છે કે ખવડાવશે કોણ...?!

### તો, સાહેબાન...મેહરબાન...કદરદાન...દિલ થામ કે બૈઠો.... દિલ્હી ઔર મુંબઇ મેં હોને જા રહા હૈ...ધમાકા...!

એક છે સુપ્રિયા સુલે અને બીજા છે સુપ્રિયા શ્રીનેત. સુવે એનસીપીમાં છે અને શ્રીનેત કોંગ્રેસમાં છે. કોંગ્રેસની મિડિયા પીઆર ટીમમાં સુપ્રિયા સારી કામગીરી કરી રહી હોવાનું કવરેજ કરનાર મિડિયાને લાગ્યું છે. ભાષા પર સારૂ પ્રભુત્વ ધરાવનાર શ્રીનેત રાહુલ ગાંધીનો જોરદાર બચાવ કરે છે અન્ય પ્રવકતા પવન ખેડાની જેમ. તેમનુ કામ જ એ છે સંબિત પાત્રા અને અન્ય ભાજપના પ્રવકતાઓની જેમ.



વાત સુપ્રિયા સુલેની છે. એનસીપીના સુપ્રિમો શરદ પવારના દિકરીએ રાજકીય બોમ્બ ફોડ્યો છે કે 15 દિવસમાં મહારાષ્ટ્ર અને દિલ્હીમાં મચશે ઉથલપાથલ...સરકાર બદલાય...સીએમ બદલાય...અને ઘણુબધુ.. ઈશારો એ છે શિવસેનાના બળવાખોર એકનાથ શિંદેની મુખ્યમંત્રી નેમપ્લેટમાં પૂર્વમુખ્યમંત્રી એવુ લખાઈ જાય તો કહેવાય નહીં..

દિલ્હીના રાજકારણમાં રાજકીય ધમાસાણ અંગે તેમનો ઈશારો આપના સીએમ કેજરીવાલ તરફ તો નથી ને..? કેમ કે કેજરીવાલને જેલમાં બંધ તેમના ડે.સીએમ મનિષ સિસોદિયાની સાથે મોકલવાની રાજકીય ગણતરીઓ ચાલી રહી છે. સીબીઆઈએ એકવાર તો કેજરીવાલને બોલાવ્યાં અને જવા દીધા હવે ફરીથી બોલાવે તો ઠાકૂર તો ગિયો...?! કેજરીવાલ જેલમાં ગયા તો સમજો કે તેમની સરકાર પણ બરખાસ્ત..? સુલેજીની આગાહીઓ ખરેખર રાજકીય રીતે ખતરનાક છે...તો, સાહેબાન...કદરદાન...દિલ થામ કે બૈઠો....દિલ્હી ઔર મુંબઈ મેં હોને જા રહા હૈ...અરે ભાઈ ઠહરો...ઠહરો...પરદે મેં રહેને દો પરદા ન ઉઠાવો..પરદા જો ઉઠ ગયા તો ભેદ ખુલ જાયેંગા...!

-પ્રવીણ ઘમંડે





Sakar-9, 821,Lobby-1, Ashram Rd, beside Old Reserve Bank of India, Ahmedabad, Gujarat 380009

## ગાંધીનગર CRPFના અધિકારીએ જાતે ગોળી મારી જીવન ટૂંકાવ્યું...

ગુજરાત | વંદન

ગાંધીનગર સ્થિત CRPF કેમ્પમાં એક સબ ઈન્સપેક્ટરે પોતાની જ બંદૂકથી ગોળી મારીને આપઘાત કર્યો હોવાની ઘટના સામે આવી છે. આ ઘટનાને લઈને સમગ્ર કેમ્પમાં ચકચાર મચી જવા પામી છે. ચીલોડા પોલીસે આ મામલે ગુનો નોંધીને પરિવારજનો સહિત કેમ્પના કર્મચારીઓની પુછપરછ શરૂ કરી છે.

મૂળ દસક્રોઈના બીલાસીયાં ગામના વતની કિશનભાઈનો પરિવાર અમદાવાદ રખીયાલ સૂર ધારા સોસાયટી ખાતે રહે છે. એક વર્ષ પછી કિશનભાઈ રિટાયર્ડ થવાના હતા અને બે દિવસ અગાઉ જ પરિવારને મળવા માટે ઘરે ગયા હતા. આજે તેઓ પોતાની ફરજ ઉપર હાજર હતા. એ વખતે બેરેક QATમાં લોખંડનાં પલંગ ઉપર તેઓ સૂઈ ગયા હતા. તેમણે પોતાની AK-47 ગનથી ફાયરિંગ કરી આત્મહત્યા કરી હતી.

કેમ્પમાં અચાનક ફાયરીંગનો અવાજ આવતા અન્ય જવાનો દોડી આવ્યાં હતા અને ઉચ્ચ અધિકારીઓને પણ જાણ કરવામાં આવી હતી. છેલ્લા ઘણા સમયથી કિશનભાઈનાં પગનું હાડકું વધી રહ્યું હતું. જે બીમારીના કારણે કિશનભાઈ પીડિતા હતા. પરિવારની પૂછપરછ કરતાં હાલમાં કોઈ ચોક્કસ કારણ જાણવા મળ્યું નથી. તેમજ સાથી કર્મચારીઓની પણ પુછપરછ કરવામાં આવી રહી છે.

## 10 લાખમાં આઈડી-પાસવર્ડ ખરીદી એપથી સટ્ટો રમાડનાર ઝડપાયો

ગુજરાત | વંદન



માણસા નગરપાલિકા સામે આવેલા બાલ ક્રિટાગણ શોપિંગ સેન્ટરમાં તીસ્તા એન્ટરપ્રાઈઝ નામની ઓફિસના ઓથાર હેઠળ આઈપીએલ ક્રિકેટ મેચનો લાઈવ સટ્ટો રમી રમાડતા શખ્સને એલસીબીએ પૂર્વ બાતમીના આધારે ઝડપી પાડી કુલ રૂ. 77 હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી લેવાયો છે. સટ્ટાબાજ શખ્સે પાંચ પાંચ લાખ રૂપિયામાં આઈડી - પાસવર્ડ માણસાના જ ઈસમ પાસેથી ખરીદી એપ્લિકેશન બનાવીને સટ્ટો રમી રમાડતો હોવાનું ખુલવા પામતા બંને વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે. માણસા નગરપાલિકાની સામેના શોપિંગ સેન્ટરમાં તીસ્તા એન્ટરપ્રાઈઝ નામની ઓફિસના ઓથાર હેઠળ આઈપીએલ ક્રિકેટ મેચ ઉપર લાઈવ સટ્ટો રમાડવામાં આવતો હોવા છતાં સ્થાનિક પોલીસ ગાઢ નિંદ્રામાં પોઢી ગઈ હતી. ત્યારે ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાંચના પીઆઈ દિવાનસિંહ વાળાની ટીમના જમાદાર ભવાનસિંહ પૃથ્વીસિંહ અને રાજવીરસિંહ અત્તરસિંહને એલસીબી કચેરીએ ઉપરોક્ત સ્થળે સટ્ટા બેટિંગ ચાલતી હોવાની ગંધ આવી ગઈ હતી. ઓફીસમાં દરોડો પાડવામાં આવ્યો હતો જ્યાં પ્રકાશ ઉર્ફે કે બી બાબુભાઈ ચૌધરી (રહે. માણસા બાપુપુરા વેલજીવાસ) આઈપીએલની પંજાબ - રોયલ ચેઈન્જર બેંગ્લોરની લાઈવ લીગ મેચનો ગ્રાહકો પાસેથી મોબાઈલ ઉપર સટ્ટો રમી રમાડતાં રંગેહાથ ઝડપાઈ ગયો હતો.

## દહેગામ તાલુકાના કડજોદરામાં બોગસ તબીબ ઝડપાયો...

ગુજરાત | વંદન

દહેગામ તાલુકાના કડજોદરા ગામે એક ડિગ્રી વિના તબીબી પ્રેક્ટિસ કરતો મુન્નાભાઈ એમબીબીએસ ઝડપાયો છે. કડોદરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસરની ફરિયાદના આધારે પોલીસે આ બોગસ તબીબની સામે કાર્યવાહી કરી છે પરંતુ આ કાર્યવાહી બાદ ખુદ તંત્ર જ સવાલોના ઘેરામાં આવી જવા પામ્યું છે.



તાજેતરમાં કડજોદરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર મોનિકા પટેલની ફરિયાદના આધારે રખિયાલ પોલીસે કડજોદરા ગામ ખાતે કોઈપણ પ્રકારની તબીબી ડિગ્રી વિના દવાખાનું ખોલી પ્રેક્ટિસ કરતા અને એલોપથી દવાઓ આપતા મિનેશ પટેલ નામના એક બોગસ તબીબને ઝડપી લઈ તેની વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી છે, તેના દવાખાનામાંથી એલોપથી દવાઓનો જથ્થો પણ કબ્જે લીધો છે.


# ચારધામ યાત્રાના પેકેજમાં ગત વર્ષ કરતાં ૨૫ ટકાનો તોતીંગ વધારો

## યાત્રા પણ મોંઘી થઈ: ગુજરાતમાંથી 50 હજારથી વધુ શ્રદ્ધાળુઓ જશે : કેદારનાથ માટે હેલિકોપ્ટર ભાડું ₹ 62 હજાર

ગુજરાત | વંદન

આગામી ૨૨ એપ્રિલના અખા ત્રીજના દિવસથી ચારધામ યાત્રાનો પ્રારંભ થઈ ચુક્યુ છે.. ચારધામ યાત્રાના પેકેજમાં ગત વર્ષની સરખામણીએ ૨૫ ટકા જેટલો વધારો નોંધાયો છે.

દેશ-વિદેશમાંથી ૫૦ લાખથી વધુ શ્રદ્ધાળુઓ આ વખતે ચારધામની યાત્રા કરવા માટે આવે તેવી સંભાવના છે. અત્યારસુધી ૧૪.૫૦ લાખ શ્રદ્ધાળુઓ રજીસ્ટ્રેશન કરાવી ચૂક્યા છે. જેમાં કેદારનાથમાં ૩.૪૦ લાખ, બદ્રીનાથમાં ૨.૯૨ લાખ, યમુનોત્રી માટે ૧.૫૨લાખ અને ગંગોત્રી માટે ૧.૭૭ લાખથી વધુ રજીસ્ટ્રેશન થઈ ચૂક્યા છે. આ વર્ષે ગુજરાતમાંથી અંદાજે ૫૦ હજારથી વધુ શ્રદ્ધાળુઓ ચારધામની યાત્રાએ જાય તેવી સંભાવના છે. ચાર ધામ યાત્રાને પગલે દિલ્હી, હરિદ્વાર માટેની ટ્રેનના વેઈટિંગ પણ ૨૦૦ને પાર જોવા મળી રહ્યા છે.



ચાર ધામની યાત્રાના પેકેજ રૂપિયા ૩૫ હજાર શરૂ થાય છે. આમ, ગત વર્ષની સરખામણીએ ચાર ધામની યાત્રાના પેકેજમાં ૨૫ ટકાનો વધારો નોંધાયો છે. કેદારનાથમાં હેલિકોપ્ટરની યાત્રામાં જવા માટેનું ભાડું ૨૫ ટકા વધીને ૬૨ હજાર થઈ ગયું છે.

### શ્રદ્ધાળુઓ માટે રજીસ્ટ્રેશન ફરજીયાત

ચારધામની યાત્રા અગાઉ શ્રદ્ધાળુઓ માટે રજીસ્ટ્રેશન ફરજીયાત છે. આ રજીસ્ટ્રેશન વેબસાઇટ, મોબાઇલ એપ, વોટ્સ એપ અને ટોલ ફ્રી નંબરથી થઇ શકે ચે. રજીસ્ટ્રેશનની ચકાસણી ઉત્તરાખંડમાં વ્યવસ્થા કરાઇ છે. રિસ્ટ બેન્ડ અને ફિઝિકલ રજીસ્ટ્રેશનની એક કોપી માન્ય ગણાશે. મોબાઇલ ક્યુઆર કોડ સ્કેન કરીને પણ રજીસ્ટ્રેશનની ચકાસણી કરી શકાશે.

એક ટૂર ઓપરેટરના જણાવ્યાં અનુસાર ગત વર્ષની જેમ આ વખતે પણ ચાર ધામની યાત્રા માટે ગુજરાતમાંથી ખૂબ જ ધસારો છે. કેદારનાથ યાત્રા માટે હેલિકોપ્ટરની બૂકિંગ સાઈટમાં અનિયમિતતાથી શ્રદ્ધાળુઓને ભારે પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે.

## વય મર્યાદાના કારણે નિવૃત્ત થશે અમદાવાદના CP શ્રીવાસ્તવ

# પોલીસ કમિશ્નર તરીકે શમશેરસિંહ અથવા અનુપમસિંહ ગેહલોતનું નામ સૌથી આગળ

ગુજરાત | વંદન

ગુજરાતમાં નજીકના દિવસોમાં IPS અધિકારીઓની બદલીઓનો ગંજીફો ચીપાશે. જેમાં અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરાના પોલીસ કમિશ્નરોની બદલીઓ પણ કરવામાં આવી શકે છે. અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર સંજય શ્રીવાસ્તવ આગામી 30 એપ્રિલના રોજ નિવૃત્ત થતાં હોવાથી તેમના સ્થાને આઈબીના વડા અને એસીબીના ડાયરેક્ટર અનુપમસિંહ ગેહલોત તેમજ વડોદરાના પોલીસ કમિશ્નર ડો.શમશેરસિંહનું નામ મોખરે ચાલતું હોવાનું પોલીસબેડામાં ચર્ચાઈ રહ્યું છે.આ ઉપરાંત સુરત પોલીસ કમિશ્નર અજય તોમર અને જેલોના વડા ડો. કે.એલ.એન રાવના નામોની ચર્ચાઓ ચાલી રહી છે.



આ ઉપરાંત અમદાવાદ ક્રાઈમ બ્રાંચના જેસીપી અને અમદાવાદ રેન્જ આઈજીપી વી.ચંદ્રશેખર સહિતના અનેક અધિકારીઓની બદલીઓ કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.અમદાવાદ શહેર પોલીસ કમિશનર સંજય શ્રીવાસ્તવ 30મી એપ્રિલના રોજ નિવૃત થતા હોવાથી તેમના સ્થાને કોને બેસાડવા તે બાબતે અનેક તર્ક વિતર્ક ચાલી રહ્યા છે. આ ઉપરાંત શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતી કથળી ગઈ હોવાથી લોકોમાં પોલીસની છબી સુધારવા માટે ડેમેજ કંટ્રોલ તરીકે અને કડક અધિકારી તરીકેની છાપ ધરાવતા ડો.શમશેરસીંગ પર સરકારની નજર છે. તેમને અમદાવાદ શહેર પોલીસ કમિશનર તરીકે મુકાય તેવી પ્રબળ શકયતા સેવાઈ રહી છે.

આઈ.બીના વડા અનુપમસિંહ ગેહલોત સરકારની ગુડબુકમાં હોવાથી તેમને અમદાવાદ પોલીસ કમિશનર તરીકે મુકવામાં આવે તેવી પણ ઉચ્ચ પોલીસ અધિકારીઓમાં ચર્ચાઓ ચાલી રહી છે. તેઓ ઈન્ટેલીજન્ટ બ્યુરોમાં હોવાથી સરકારની ખુબ જ નજીકના અધિકારી માનવામાં આવે છે.વિધાનસભાની ચૂંટણીમાં અનુપમસિંહ ગેહલોતે સરકારની ખુબ જ મદદ કરી હતી. જેના કારણે સરકારને ગુજરાતમાં ખુબ જ સારા પરિણામો મળ્યા છે. આ ઉપરાંત ગેહલોતને સુરત પોલીસ કમિશનર પણ બનાવાય તેવી શકયતા પણ નકારી શકાતી નથી. જો અજય તોમરને સુરતથી હટાવશે તો ગેહલોતને તેમના સ્થાને મુકાય તેમ છે.

## ભુખ્યાને અન્ન તરસ્યાને જળ...




અમદાવાદમાં ઉનાળાની ભીષણ ગરમી 40 ડિગ્રીએ પહોંચી ગઈ છે અને હજુ તેમા વધારો થઈ શકે તેમ છે. એક સમયે ઠેર-ઠેર દેશી માટલા મુકીને પાણીને દેશી પરબ જોવા મળતી હતી. તરસ્યો નાગરિક ત્યાં આવી ને માટલામાંથી પાણી કાઢી પોતાની તરસ છિપાવી સમય જતા આધુનિક યુગમાં હવે મોબાઇલ પરબનો જમાનો આવ્યો છે. શહેરના દરેક ઝોનમાં સાર્વજનિક સ્થળે એક-એક મોબાઇલ પરબ ઉભી રહેશે કોઈપણ તરસ્યો નાગરિક ત્યાં આવીને શીતળ જળ પીને પોતાની તરસ છિપાવે તેવી વ્યવસ્થા શરૂ થઈ છે. કોર્પોરેશન અને પોલીસના સહકારથી આ નવી જળ વ્યવસ્થાનો પ્રારંભ થયો છે. તસ્વીર: મૌર્ય ભાગ્યવાન


# બેંગ્લોર એક્સપ્રેસના કોચમાંથી મુસાફરોના ₹. ૧.૭૫ લાખની ચોરી

**» અમદાવાદ રેલવે સ્ટેશનથી ઉપડી ત્યારે તપાસ પર્સ ગાયબ હતું**

ગુજરાત | વંદન

અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશન તસ્કરો માટેનું સ્વર્ગ બની ગયું છે. જેમાં મોબાઈલ ચોરી, સામાન ચોરીના બનાવો સતત વધી રહ્યા છે. જેમાં હવે બેંગાલુરુથી રાજસ્થાન જતી બેંગ્લોર એક્સપ્રેસના કોચમાંથી બે મુસાફરોના બે પર્સની ચોરી થઈ હતી. જેમાં રોકડ, મોબાઈલ ફોન અને કિંમતી દાગીના સહિત કુલ રૂપિયા ૧.૭૫ લાખની મત્તાની ચોરી થઈ હતી. આ અંગે રેલવે પોલીસે રાબેતા મુજબ ફરિયાદ નોંધવાની કાર્યવાહી કરવામાં આવી છે.

દિનેશ ઘાંચી રાજસ્થાનના પાલી જિલ્લાના વતની બેંગાલુરૂ ખાતે રહેતા રહે છે. ગત ૧૧ એપ્રિલ રોજ તેને વતનમાં જવાનું હોવાથી બેંગ્લોર એક્સપ્રેસના કોચ નંબ૫ એ માં બેઠા હતા. ૧૩મી એપ્રિલે સવારે ટ્રેન અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશનથી ઉપડી ત્યારે તપાસ કરતા તેમની પત્નીનું પર્સ ગાયબ હતુ. જેમાં મોબાઈલ ફોન અને ૧૦ હજારની રોકડ મળીને ૩૦ હજારની મત્તા હતી. જ્યારે આ કોચમાં જ મુસાફરી કરી રહેલા અન્ય રેણુ પંજાબી નામની મહિલા પેસેન્જરના પર્સની પણ ચોરી થઈ હતી.જેમાં બે મોબાઈલ ફોન, ડાયમંડની વીંટી મળીને કુલ રૂપિયા ૧.૪૫ લાખની મત્તા હતી. આ અંગે પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.




## ગૃહમંત્રી હર્ષ સંઘવીએ મો. નંબર 84014 00400 જાહેર કર્યો

# 27 એપ્રિલથી રાજયવ્યાપી 'યુથ-20' કાર્યક્રમ, રાજયના ચારે ઝોનમાં યોજાશે

ગુજરાત | વંદન

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ 27મી એપ્રિલે અમદાવાદથી 'વાય-20 ગુજરાત સંવાદ' કાર્યક્રમનો ભવ્ય આરંભ કરાવશે. આ કાર્યક્રમમાં સક્રિયતાથી ભાગ લેવા ગાંધીનગરથી યુવક સેવા, સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગના મંત્રી હર્ષ સંઘવીએ ખાસ મોબાઈલ નંબર 84014 00400 જાહેર કર્યો છે. આ ફોન પર મિસ્ડ કોલ કરીને રજિસ્ટ્રેશન કરી શકાશે.

આ ઉપરાંત 'વાય-20 ગુજરાત સંવાદ' કાર્યક્રમના પોસ્ટરનું પણ લોન્ચિંગ કરવામાં આવ્યું છે. રાજયના પાંચ લાખથી વધુ યુવાનોને જોડવામાં આવશે. મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોથી ભારત જી-20નું પ્રતિનિધિત્વ કરી રહ્યું છે, તે માત્ર ગુજરાત માટે જ નહીં, પરંતુ સમગ્ર દેશ માટે ગર્વની વાત છે. જી-20ને પરિણામે બી-20, વાય-20 સહિત વિવિધ ગ્રુપના મહત્વના વિષયોની ચર્ચા તથા આવનારા વર્ષોના બેસ્ટ વિઝન માટે બેઠકો યોજી તેના આયોજન માટે ગુજરાતમાં અનેક કાર્યક્રમો યોજવાના અવસર પ્રાપ્ત થયા છે.



ગુજરાત સરકાર દ્વારા રાજયના વધુને વધુ યુવાનો યુથ-20ના ગુજરાત સંવાદ કાર્યક્રમમાં જોડાય તે માટે આયોજનો કરવામાં આવ્યા છે. જેના થકી રાજયના યુવાનોને દેશ માટે જરૂરી મંતવ્યો આપી દેશના વિકાસમાં સહભાગી થવાનો મોકો મળશે. યુથ-20 (વાય-20) કાર્યક્રમના પોસ્ટર લોન્ચિંગ બાદ એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યુથ-20 ચેરપર્સન અનમોલ સોવિત, ભારતીય જનતા યુવા મોરચાના પ્રમુખ પ્રશાંત કોરાટ, સ્વામી વિવેકાનંદ યુવા બોર્ડના ક્ધવીનર કૌશલ દવે તેમજ અન્ય હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. સ્ટેચ્યુ ઓફ યુનિટી, અંબાજી મંદિર, સોમનાથ મંદિર, વિલ્સન હિલ, કચ્છનું સફેદ રણ, પોલો ફોરેસ્ટ, છોટા ઉદેપુરના ડુંગર વિસ્તારો, દાંડી સત્યાગ્રહ સ્થળ, મોઢેરાનું સૂર્યમંદિર, જાંબુઘોડાના કુદરતી સૌંદર્ય વિસ્તારો જેવા ગુજરાતના વિવિધ લોકપ્રિય સ્થાનો ઉપર વિશિષ્ટ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ ઝોન મુજબ થશે, જેમાં સૌપ્રથમ દક્ષિણ ઝોન અને ત્યારબાદ તબક્કાવાર મધ્ય ઝોન, ઉત્તર ઝોન અને સૌરાષ્ટ્ર ઝોનમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે.

## મજૂરોના હિતમાં ગુજરાત સરકારનો મહત્વનો નિર્ણય

# બાંધકામ શ્રમિકોને બપોરે 1 થી 4 વાગ્યા સુધી કામમાંથી મુક્તિ આપવાની રહેશે

## ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી દ્વારા આ અંગે પરિપત્ર બહાર પડાયો

ગુજરાત | વંદન

કાળઝાળ ગરમીથી બધા ત્રાહિમામ પોકારી ગયા છે. ગુજરાતભરમાં તાપમાનનો પારો 41 ડિગ્રીને પાર પહોંચી ગયો છે. લોકોને ઘરની બહાર નીકળવુ મુશ્કેલ બની રહ્યું છે. આવામાં કામના ભારણ અને આવકને કારણે મજૂર વર્ગ કામ કરવા મજબૂર બની છે. મજૂરોના હિતમાં ગુજરાત સરકારે મહત્વનો નિર્ણય લીધો છે. જે મુજબ બાંધકામ શ્રમિકોને બપોરે 1 થી સાંજે 4 વાગ્યા સુધી કામમાંથી મુક્તિ આપવાની રહેશે. ઉનાળામાં ગરમીના કારણે શ્રમિકોને બપોરે કામમાંથી મુક્તિ આપવાની જાહેરાત કરાઈ છે. આગામી એપ્રિલ અને મે માસ દરમિયાન શ્રમિકોને બપોર દરમિયાન વિશ્રામ આપવાનો રહેશે. ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી દ્વારા આ અંગે પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે.



ઔદ્યોગિક સલામીત અને સ્વાસ્થયની કચેરી દ્વારા જાહેર કરાયેલા પરિપત્રમાં જણાવાયું કે, મકાન અને અન્ય બાંધકામની કામગીરીમાં રોકાયેલ બાઁધકામ શ્રમિકોને પ્રવર્તમાન ઉનાળાની સીઝનમાં અવારનવાર પડતી અતિશય ગરમીના કારણોસર લૂ લાગવી કે અન્ય સ્વાસ્થય સંબંધિત જોખમો સામે રક્ષા મળે તે હેતુથી બપોરે 1.00 થી 4.00 ના સમયગાળ દરમિયાન ખુલ્લી જગ્યા કે જ્યાં સૂર્યના તાપની સીધી અસર પડે તેવી જગ્યાએ તમામ બાંધકામ પ્રવૃત્તિ કરાવનાર બિલ્ડર્સ, એમ્પ્લોયર્સ, કોન્ટ્રાક્ટર્સ વગેરેને બાંધકામ પ્રવૃત્તિ સાથે સંકળાયેલ શ્રમયોગીને આગામી એપ્રિલ 2023 તથા મે 2023 સુધીના સમયગાળા પૂરતો આરામ માટેનો સમય ફાળવવા સૂચના આપવામાં આવે છે.

વધુમા જણાવ્યું કે, તે રીતે ફાળવેલ વિશ્રામના સમયને ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી નિયમો 2003 ના નિયમ-50 મુજબનો વિશ્રામનો સમય ગણવાનો રહેશે. તેમજ નિયમ-50(3) મુજબ આ રીતે આપવામાં આવનાર વિશ્રામના સમયગાળા સહિતનો કુલ સ્પ્રેડ ઓવર સમય દિવસમાં બાર કલાક કરતા વધે નહિ તેનુ ધ્યાન રાખવા સૂચના આપવામા આવે છે.

## પૂર્વ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, ક્રિષ્ના કુલકર્ણીની વરણી

# ગુજરાત વિદ્યાપીઠ ટ્રસ્ટીમંડળમાં બે નવા સભ્યોની સર્વાનુમતે વરણી

ગુજરાત | વંદન

ગુજરાત વિદ્યાપીઠ મંડળની બેઠક કુલપતિ અને રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષપદે હાલમાં જ ગુજરાત વિદ્યાપીઠ પરિસર, અમદાવાદમાં યોજાઈ હતી. ગુજરાત વિદ્યાપીઠ મંડળમાં સામાજિક સમરસતાના હિમાયતી, કૃષિ અને શિક્ષણ ક્ષેત્ર સાથે સંકળાયેલા ગુજરાતના પૂર્વ મંત્રી ભુપેન્દ્રસિંહ મનુભા ચુડાસમા અને આઈ.આઈ.એમ. કોલકત્તાના બોર્ડ ઓફ ગવર્નન્સના અધ્યક્ષ, પૂજ્ય ગાંધીજીની 150મી જન્મ જયંતીની ઉજવણીની રાષ્ટ્રીય કાર્યકારી સમિતિના સભ્ય અને પૂજ્ય ગાંધીજીના પૌત્રી સુમિત્રાબેન કુલકર્ણીના પુત્રી ક્રિષ્ના કુલકર્ણીની ટ્રસ્ટી તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.



ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ અને રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ મંડળની બેઠકને સંબોધન કરતાં કહ્યું હતું કે, વિશ્વ ઝડપભેર પ્રગતિ કરી રહ્યું છે. આવા વાતાવરણમાં ગુજરાત વિદ્યાપીઠનું મહત્વ વધે એ માટે પ્રતિદિન નવા સંશોધનો સાથે પ્રગતિ કરવી પડશે. વિદ્યાર્થીઓ સમયની સાથે તાલ મિલાવી શકે એવું શિક્ષણ આપવું પડશે, અન્યથા ગુજરાત વિદ્યાપીઠ માત્ર એક ઈમારત જ રહી જશે, જેનો કોઈ અર્થ નથી. પૂજ્ય મહાત્મા ગાંધીજીએ જે ઉદ્દેશો સાથે આ સંસ્થાની સ્થાપના કરી હતી એ જ ઉદ્દેશોની આજે સમાજને આવશ્યકતા છે. પૂજ્ય ગાંધીજીના વિચારો પુરાતન નથી, શાશ્વત છે. જીવનની આવશ્યકતા છે. તેમણે તમામ ટ્રસ્ટીઓને ચિંતન કરવા, નવા ઉકેલો શોધવા અને પ્રગતિશીલ અભિપ્રાયો ખુલીને વ્યક્ત કરવા અનુરોધ કર્યો હતો.

## બાળકીને 10મા માળેથી ફેંકવા મામલે મોટો ખુલાસો

# વિદેશમાં પ્રેમી સાથે શરીર સંબંધ, ભારતમાં બાળકી થતા કરી હત્યા

ગુજરાત | વંદન

અમદાવાદમાં હાલમાં જ એક કુંવરી માતાએ પોલીસ સમક્ષ સ્વીકાર કર્યો છે કે વિદેશમાં તેના પ્રેમી સાથે શરીર સંબંધ બંધાયા હતા અને તે પછી તેણીએ બાળકીને જન્મ આપ્યો હતો. જોકે તેણે તે બાળકીને દસમા માળેથી પટકી દીધી હતી. તેણે એવું પણ કહ્યું કે પોતે કેટલીક દવાઓ પણ લેતી હતી.

અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાંથી થોડા દિવસ પહેલા એક દસમા માળેથી બાળકીને નીચે પટકી દેવાયાની ઘટના બની હતી. આ ઘટનનાને લઈને વિસ્તારમાં ભારે અરેરાટી મચી હતી. અહીં સુધી કે બાળકીને ગર્ભનાળ સાથે જ હત્યા કરી દેવાઈ હતી. એક અરપણીત યુવતીએ આ બાળકીને જન્મ આપ્યો હતો અને તેમાં ખુલાસો કર્યો હતો કે તેણે વિદેશમાં પોતાના પ્રેમી સાથે શરીર સંબંધ બાંધ્યા હતા ત્યારે ગર્ભ રહી ગયો હતો. જોકે શરીર સંબંધો બાંધતા જ્યાં સમાજનો વિચાર ન્હોતો આવ્યો પરંતુ જ્યારે બાળકી જન્મી ત્યારે સમાજની લાજે બાળકીનું કરવું શું તે પ્રશ્નથી તે ચિંતિત બની હતી. તેણે બાળકીને દસમા માળેથી ફેંકી દેવાનું નક્કી કર્યું અને બાળકી કરપીણ મોતે મરી હતી.


તેણીએ બાળકીના જન્મના થોડા જ સમયમાં આ કૃત્ય કર્યું હતું. ઘણી ઉંચાઈએથી નીચે પટકાતા બાળકીનું મૃત્યુ થયું હતું. પોલીસે આ ઘટનામાં માતાને શોધી કાઢી હતી અને ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી છે. આ બધી બાબતો જ્યારે તેની પોલીસે પુછપરછ કરી ત્યારે તેણે પોલીસ સમક્ષ કહી હતી. જેમાં તેણે પોતાના પ્રેમી સાથે વિદેશમાં બે વખત શરીર સંબંધ બંધાયા ત્યારે ગર્ભ રહી ગયો હોવાની વાત કરી હતી. ગર્ભ રહી ગયા પછી તે ભારત આવી ગઈ હતી. પોતે બાળકીના જન્મથી સમાજના ડરે તેને મોતને ઘાટ ઉતારી હોવાનું કહ્યું હતું.

## તસ્વીર સમાચાર

(તસ્વીરો- મૌર્ય ભાગ્યવાન)




**ઉત્સવ-પાટોત્સવ:** શહેરમાં સ્થિત રાધા માધવ મંદિર ખાતે પાટોત્સવની ઉજવણી યોજાઈ હતી મંદિરના પુજારીઓ દ્વારા ભગવાનશ્રીની પાલખીમાં રાધા-માધવને બિરાજમાન કરી શોભાયાત્રા યોજાઈ હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં હરિભક્તો ઉપસ્થિત રહ્યાં હતા.



**ડ્રીલ મોક ડ્રીલ:** ભીષણ ગરમીમાં કે કોઈ આકસ્મિક કારણોસર હોસ્પિટલમાં આગ લાગે તો શું કરવુ તેનું માર્ગદર્શન આપવા અને હોસ્પિટલ તંત્ર તેને પહોંચી વળવા કેટલું સુસજ્જ છે તેની ચકાસણી હેતું મોક ડ્રીલનું આયોજન કરવામાં આવ્યું તે પ્રસંગની તસ્વીર.



**વારસો:** તાજેતરમાં વર્લ્ડ હેરિટેજ ડે ઉજવાયો. અમદાવાદને વર્લ્ડ હેરિટેજનો દરજ્જો મળેલો છે. એક એનજીઓ દ્વારા હેરિટેજ વોકનું આયોજન કરવામાં આવ્યું ત્યારે મુલાકાત લેનારાઓએ એક હેરિટેજ સ્થળે સમુહ તસ્વીર ખેંચાવી હતી.



**વારો અને પાણીનો મારો:** ઉનાળાની ભીષણ ગરમીમાં કોઈ ફુવ્વારાના સ્થળે ઉભા રહીએ ત્યારે જાણે કે કોઈ ધોધની નીચે ઉભા હોઈએ તેવી અદ્ભૂત અનુભૂતી અનુભવાય છે. તસ્વીરમાં કેટલાક બાળકો ગરમીમાં ઠંડક મેળવવા ફુવારાની નજીક ઉભેલા જણાય છે.

## મંગળવારે જામીન અરજી પર સુનાવણી

# મહાઠગ કિરણ પટેલને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવાનો આદેશ...



ગુજરાત | વંદન

મહાઠગ કિરણ પટેલને મેટ્રો કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. ત્યારે મેટ્રો કોર્ટે કિરણ પટેલને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવા માટે આદેશ કર્યો છે. આ ઉપરાંત જેલહવાલે થવાનો આદેશ કરતા આરોપી કિરણ પટેલે કોર્ટમાં જામીન અરજી કરી હતી. ઉલ્લેખનીય છે કે, નારોલ જમીન છેતરપિંડી કેસમાં કિરણ પટેલને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. મંગળવારે મેટ્રો કોર્ટ કિરણ પટેલની રેગ્યુલર જામીન અરજી પર સુનાવણી કરશે.

પીએમઓના એડિશનલ ડાયરેક્ટર તરીકે નકલી ઓળખ આપી જમ્મુ કાશ્મીરમાં વીઆઈપી સિક્યોરિટી સાથે ફરતા ગુજરાતી કિરણ પટેલની જમ્મુ કશ્મીર પોલીસે ધરપકડ કરી હતી. કિરણે પોતે દેશના વરિષ્ઠ સરકારી અધિકારી તરીકે ઓળખ આપી હતી. VIP સુરક્ષા કવચ સાથે તે જમ્મુ કાશ્મીરમાં સરકારી બુલેટ પ્રૂફ વાહનમાં ફરતો દેખાયો હતો.

કિરણ સામે નાણાકીય તેમજ ભૌતિક લાભ મેળવવા માટેના આશય સાથે IPCની વિવિધ કલમો હેઠળ છેતરપિંડીનો ગુનો નોંધાયો છે. દરમ્યાન અમદાવાદમાં રહેતી કિરણ પટેલની પત્નીએ જણાવ્યું હતું કે, 'કિરણ કાશ્મિરમાં ડેવલોપમેન્ટ માટે ગયા હતા. ત્યાં બધુ પોઝિટિવ જ છે.'



સાપ્તાહિક ગુજરાત વંદન **સંપાદકીય....**

# ભાજપે પ્રજાનો ભરોસો જાળવી રાખવા હલકા પુલના ભ્રષ્ટાચારીઓને ખુલ્લા પાડવા જોઈએ





સામાન્ય રીતે ઉત્તર ભારતના કોઈ રાજ્યમાંથી પહેલા ચોમાસામાં જ નવો નવો પુલ ધોવાઈ ગયો, તૂટી પડ્યો કે કાગળ પર પુલો બનાવીને કરોડો અને અબજોની કટકીકાંડના કિસ્સા અખબારોના પાને ચમકતા જોવા મળે છે. પરંતુ પ્રગતિશીલ અને સતત 30 વર્ષથી સત્તામાં રહેલા ભાજપના શાસનમાં એવો કોઈ કિસ્સો બન્યો નથી. ભાજપ એટલે ભરોસાની સરકાર અને ભાજપ એટલે ભરોસાનો પક્ષ.

પરંતુ ભરોસાની સરકાર અને ભરોસાવાળા પક્ષને બદનામ કરવાના કોઈ ભાગરૂપે કે કોઈ ભ્રષ્ટ અધિકારીને કારણે અમદાવાદ શહેરમાં હાટકેશ્વર વિસ્તારમાં બનેલા છત્રપતિ શિવાજી મહારાજ પુલનું કામ એટલી હલકી ગુણવત્તાવાળુ બન્યું કે આખરે તેને જાહેર સલામતી માટે તોડી નાંખવાનો નિર્ણય લેવાયો છે. સમગ્ર ગુજરાતચમાં આ પહેલીવાર એવુ બન્યુ કે પુલ બન્યાના 2-5 વર્ષમાં તેને તોડી નાંખવામાં આવે અને તે પણ ભ્રષ્ટાચારને કારણે.

એમ માની લઈએ કે તેમાં ભાજપના કોઈ નાના-મોટા નેતાજીની સંડોવણી નહીં હોય અને પુલ સંબંધિત કામ કરનાર અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના વહીવટીતંત્રમાં બેઠેલા લાલચુ-ભ્રષ્ટ અધિકારી કે અધિકારીઓની સાથે મળીને પુલ બનાવનાર એજન્સીએ એવુ હલકા પ્રકારનું કામ કર્યું કે આખરે પાપ છાપરે ચડીને પોકારે...તેમ પુલ બનાવનાર એજન્સીનું પાપ છાપરે નહીં પણ પુલ પર ઉભા રહીને પોકાર્યું કે આ પુલમાં કટકી લેવામાં આવી છે અને સલામત નથી...!



અમદાવાદમાં અને ગુજરાતભરમાં અનેક પુલો બન્યા છે અને હજુ કરોડોના ખર્ચે બની રહ્યાં છે. છત્રપતિ શિવાજીમહારાજના નામને બટ્ટો લગાવનાર આ પુલ જે એજન્સીએ બનાવ્યું અને જેમણે જેમણે હલકા પુલમાંથી ભાગ લઈને હલકાઈ બતાવી છે એ તમામની સામે ભરોસાના પક્ષના સત્તાધીશોએ દાખલારૂપ કાર્યવાહી કરી જેલના સળિયા ગણતા કરવા પડે. પુલ બનાવનારા ફરાર થઈ ગયા એવા સમાચાર છે. પણ છેલ્લાં બેત્રણ મહિનાથી આ પુલ બનાવવામાં ભ્રષ્ટાચાર થયો છે અને તંત્રને પુરાવા પણ મળ્યા ત્યારથી તેમની પાછળ પોલીસની વોચ ગોઠવાઈ હોત તો તેઓ ફરાર ન થયાં હોત.

અલબત, તેઓ ભાગી ભાગીને ભાગેડુ ગુનેગાર મેહુલ ચોકસીના દેશમાં તો જવાના નથી. અહીંજ ક્યાંક હશે અને પછી કોઈની સાથે હળીમળીને હાજર થઈને તરત જામીન પર છૂટી જશે તો નાગરિકોનો ભરોસાની સરકાર પરથી ભરોસો ડગમગી જશે..! મોરબી ઝુલાપુલમાં મુખ્ય આરોપી અને ઉદ્યોપતિ જયસુખ પટેલ નિરાંતે સમય પસાર કરીને હાજર થયો અને ક્યારે છૂટી જશે એ ભોગ બનનાર પરિવારો ખબર પણ નહીં પડે. અમદાવાદના આ પુલને બનાવનાર એજન્સીએ અગાઉ કોઈ પુલો બનાવ્યાં હોય તો એની પણ તપાસ કરીને તેની પણ ગુણવત્તા ચકાસી લેવી જોઈએ. ગુજરાતની શાખ અને છાપ બાંધકામની બાબતે સારી છે. પહેલીવાર આખો પુલ 5 જ વર્ષમાં ઉતારી લેવો પડે તે કોઈ જશ લેવા જેવુ તો નથી જ. ગુજરાતમાં દરેક નાના મોટા શહેરોમાં ફ્લાયઓવર બ્રજ, અન્ડરબ્રિજ, રેલવે બ્રિજ, ઓવર બ્રિજ બની રહ્યાં છે. જેની પાછળ કરોડો-અબજોનો ખર્ચ થાય છે. છત્રપતિ શિવાજી મહારાજ બ્રિજ(હાટકેશ્વર બ્રિજ)ની તમામ વિગતો બહાર આવે તો આવકાર્ય. કોણે કેટલા લીધા અને ભાજપને તથા એક રીતે જોઈએ તો વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હોમ સ્ટેટને બદનામ કરવાનું કામ કર્યું છે, એમ પણ જો કહીએ તો તેમાં જરાયે અતિશયોક્તિ નહીં ગણાય. નાગરિકો એમ નથી ઈચ્છતાં કે હલકો પુલ બનાવનારને જાહેરમાં કોરડાં મારો પણ લોકોને એટલી તો જાણ થઈ શકે કે આ એ જ છે કે જેમણે ભાજપને બદનામ કરવાનું ખોટુ કામ કર્યું છે. કમ સે કમ ભાજપે પોતાની ઉજળી છાપને યથાવત રાખવા પુલના ભ્રષ્ટાચારીઓને ખુલ્લા પાડવા જોઈએ. ધારો કે આ પુલનું કામ 50 કરોડમાં મંજૂર કરાયું તો એજન્સીએ ખરેખર કેટલામાં બનાવીને કેટલા કરોડ ઘરભેગા કર્યા તે આંકડો જાહેર કરવામાં આવે તો પારદર્શકતા જળવાશે. અન્યથા કુલડીમાં ગોળ ભાંગવામાં આવશે તો તેરી ભી ચુપ ઔર મેરી ભી ચુપ.... જેવુ થશે...?! સત્તાપક્ષને શું પસંદ કરશે-પારદર્શકતા કે જાને ભી દો યારો..?!

## ભારતને ભાગલાની પીડા આપનાર દેશમાંથી હવે તેનું જ એક રાજ્ય અલગ પડવા માંગે છે...!

# હવે બ્રિટનના ભાગલાની તૈયારીઓ..? કુદરતનો ન્યાય અહીં જ છે...અહીં જ છે..!

**મજા એ છે કે જેના ભાગલા થઇ શકે છે તે દેશના પીએમ ભારતીય કૂળના છે, તો અલગતાની માંગ કરનારના મૂળ પણ ભારતીય છે...**

સાપ્તાહિક ગુજરાત વંદન



એમ કહેવાય છે કે, ઈતિહાસનું પુનરાવર્તન થાય છે. આ ઉક્તિ સાચી પડી રહી હોય તેમ ભારતના ટુકડા કરનાર લુચ્ચા અંગ્રેજોના ઘરઆંગણે હવે તેમના જ ટુકડા કરવા પડે એવી ગંભીર સ્થિતિ આકાર લઈ રહી છે અને મજા એ છે કે પુનરાવર્તન થઈ રહેલા ઈતિહાસમાં બ્રિટનના ટુકડાની માંગણી કરનાર અને માંગણીનો હાલમાં અસ્વીકાર કરનાર બન્ને મૂળ ભારતીય કૂળના છે..!

બ્રિટનની તાજેતરની રાજકીય ઘટનાઓએ ફરી એકવાર વિશ્વનું ધ્યાન ખેંચ્યું છે. તાજેતરમાં, બ્રિટિશ રાજ્ય સ્કોટલેન્ડમાં, હમઝા યુસુફ રાજ્યના સર્વોચ્ચ નેતા એટલે કે પ્રથમ પ્રધાન તરીકે ચૂંટાયા હતા. સ્કોટલેન્ડમાં આ પ્રથમ વખત છે જ્યારે કોઈ મુસ્લિમ નેતા પ્રીમિયર તરીકે ચૂંટાયા હોય. પાકિસ્તાની મૂળના હમઝા યુસુફે સત્તા સંભાળતાની સાથે જ ફરી એકવાર અલગ દેશ સ્કોટલેન્ડની માંગ ઉઠાવી છે. તેમણે બ્રિટિશ વડાપ્રધાન ઋષિ સુનક સમક્ષ સ્કોટલેન્ડમાં જનમત સંગ્રહની માંગનો પુનરોચ્ચાર કર્યો હતો. સુનકે આ વાતને નકારી કાઢી અને કહ્યું હતું કે હમઝાને આ મુદ્દે તેનું સ્ટેન્ડ પહેલેથી જ ખબર છે, તેથી તે શક્ય નથી.

રાજકીય પરિવેક્ષ્યમાં જોઈએ તો, તેને ભાગ્યનું ચક્ર જ કહી શકાય કે ભારતના ભાગલાના 75 વર્ષ બાદ એક સમય એવો આવ્યો જ્યારે ભારતના ભાગલા કરનાર બ્રિટનના ભાગલાની ચર્ચા શરૂ થઈ ગઈ. વડા પ્રધાન ક્લેમેન્ટ એટલી અને વાઈસરોય માઉન્ટબેટન, બ્રિટિશ સામ્રાજ્યવાદીઓ જેમણે ભારતના ભાગલા પાડ્યા, તેઓ ભાગ્યે જ કલ્પના કરી શક્યા હોત કે આવો સમય આવશે અને તે આટલી જલ્દી આવશે, પરંતુ વાત અહીં સમાપ્ત થતી નથી.

આ વખતે જે ભાગલાનું રટણ કરી રહ્યો છે, તેના વડવાઓ તે સમયે પણ ભાગલાની તરફેણમાં હતા. હમઝા યુસુફ, જેનો લખનૌવી પરિવાર ધાર્મિક આધાર પર ભારતને તોડવા માટે લડ્યો હતો, તે હવે સ્કોટિશ આઝાદીનો આગ્રહ રાખીને બ્રિટનને તોડવા માટે તૈયાર છે, જ્યારે તેને એક રાખવાની જવાબદારી ઋષિ સુનાક પર છે, જેમના પૂર્વજો તે સમયે એટલે કે 1947માં અલગ દેશની તરફેણમાં ન હતા.

ઋષિ સુનકે એક વાતચીતમાં કહ્યું, "જ્યારે અમારા વડવાઓ અહીં આવ્યા ત્યારે તેઓ ઈંગ્લેન્ડ નહીં પરંતુ યુનાઈટેડ કિંગડમ આવ્યા હતા અને અમે એ જ વાતાવરણમાં ઉછર્યા હતા જ્યાં અમે એકતાની શક્તિ શીખ્યા હતા." સ્કોટલેન્ડે મુખ્યત્વે સ્કોટિશ અલગતાની વાટાઘાટો કરવા માટે પાકિસ્તાની વસાહતીઓના પુત્રને તેના નેતા તરીકે પસંદ કર્યો હોવાનું જણાય છે.

ગ્લાસગો સિટી કોલેજના પ્રોફેસર ધ્રુવ કુમાર, જેઓ છેલ્લા 18 વર્ષથી સ્કોટલેન્ડમાં રહે છે અને ત્યાંના રાજકારણમાં સક્રિય છે, કહે છે કે હમઝા સ્કોટિશ લોકશાહી માટે યોગ્ય નથી અને તેની ચૂંટણી સ્કોટિશ અર્થતંત્ર અને લોકશાહીના વારસાને પ્રશ્નમાં મૂકે છે. તેમના મતે, હમઝાએ મુસ્લિમો અને નફાખોરો પર રોક લગાવી છે. આ સિવાય હમઝા પણ ભારત વિરોધી છે અને તેમને સ્કોટલેન્ડમાં રહેતા ભારતીયો અને હિન્દુઓ પસંદ નથી.

અલગ સ્કોટલેન્ડની માંગના બળ પર આજે હમઝા યુસુફ રાજ્યની સત્તાના સુકાન પર કેમ છે? જો તેમની માંગ અને ઈચ્છા પૂરી થાય છે તો તે ઈસ્લામિક દેશો સિવાય અન્ય દેશના વડાપ્રધાન બનનાર પ્રથમ મુસ્લિમ બની શકે છે. પણ શું તે સરળ છે? એવો સવાલ પણ થઈ રહ્યો છે.

જો કે, અલગ સ્કોટલેન્ડની માંગ નવી નથી. સ્કોટલેન્ડ 1707થી યુનાઈટેડ કિંગડમનો ભાગ છે. જ્યારે આયર્લેન્ડ 1800માં જોડાયું ત્યારે તેનું નામ 'યુનાઈટેડ કિંગડમ ઓફ ગ્રેટ બ્રિટન અને આયરલેન્ડ' રાખવામાં આવ્યું હતું, પરંતુ જ્યારે 1922માં આયર્લેન્ડનો એક ભાગ અલગ થયો, ત્યારથી આ દેશનું નામ 'યુનાઈટેડ કિંગડમ ઓફ ગ્રેટ બ્રિટન એન્ડ નોર્ધન આયરલેન્ડ' છે.

ઈંગ્લેન્ડ, વેલ્સ, સ્કોટલેન્ડ અને ઉત્તરી આયર્લેન્ડ આ દેશના ચાર રાજ્યો છે. ઈંગ્લેન્ડ સિવાય, ત્રણેય રાજ્યોની અંગ્રેજી સિવાય પોતાની ભાષા છે. આ જ કારણ હતું કે 1997માં સ્કોટલેન્ડ માટે અલગ સંસદની માંગણી માટે જનમત સંગ્રહ થયો હતો, જેમાં સ્કોટલેન્ડનો વિજય થયો હતો અને સ્કોટિશ સંસદની સ્થાપના કરવામાં આવી હતી.

1999માં બ્રિટને સ્કોટલેન્ડને સ્વાસ્થ્ય, શિક્ષણ અને કૃષિ પર પોતાના કાયદા બનાવવાનો અધિકાર આપ્યો હતો, પરંતુ વિદેશ નીતિ, સંરક્ષણ જેવા મહત્વના મુદ્દાઓ પર બ્રિટનને હજુ પણ અધિકાર છે, એટલે કે આ મુદ્દાઓ સાથે સંબંધિત તમામ નિર્ણયો બ્રિટિશ સાંસદો દ્વારા લેવામાં આવે છે.

હાઉસ ઓફ કોમન્સ એટલે કે સંસદમાં સ્કોટિશ સાંસદો રાજ્યથી કેન્દ્ર સુધીના સાંસદો જેવા છે. 2014માં અન્ય લોકમત યોજાયો હતો. તે અલગ સ્કોટલેન્ડની માંગણી વિશે હતું, પરંતુ 55 ટકા લોકો યુકે સાથે રહેવા માટે સંમત થયા હતા. ફરી એકવાર હમઝા લોકમતની વાત કરી રહ્યા છે.

જો હમઝા યુકેના વડા પ્રધાન સુનાકના ઈનકાર છતાં લોકમત યોજે છે, તો તે એક પ્રકારનો બળવો જ હશે, પરંતુ તે હમઝા યુસુફનો અધિકાર છે અને તે તે કરી શકે છે. બ્રિટિશ સંસદ તેના પર કેવી પ્રતિક્રિયા આપશે તે સ્પષ્ટપણે કહી શકાય નહીં. તેમ છતાં, જો આપણે વર્તમાન પરિસ્થિતિ પર નજર કરીએ તો, લોકમતનું પરિણામ હમઝાની તરફેણમાં જતું હોય તેવું દેખાતું નથી કારણ કે હમઝાના વિરોધીઓ માને છે કે સ્કોટલેન્ડ બ્રિટનથી અલગ થવાનું જોખમ ઉઠાવી શકે તેવી આર્થિક સ્થિતિમાં નથી. દાખ્લા તરીકે, ઈંગ્લેન્ડ અને વેલ્સ સ્કોટલેન્ડના ઉત્પાદનનો 65 ટકા વપરાશ કરે છે. આવી સ્થિતિમાં સ્કોટલેન્ડ માટે આ જોખમ લેવું યોગ્ય રહેશે નહીં.


હમઝાની રાજનીતિ અલગતાવાદના મુદ્દાઓ પર આધારિત છે. સ્કોટલેન્ડની વસ્તી લગભગ 5.5 મિલિયન છે જેમાંથી લગભગ 1.5 મિલિયન કાં તો સરકારી અનુદાન પર નિર્ભર છે અથવા તો શરણાર્થી છે. મોટાભાગના શરણાર્થીઓ સીરિયા, ઈજિપ્ત, અલ્બેનિયા અને દક્ષિણ આફ્રિકન દેશોના છે અને તેમની પાસે મુસ્લિમ સમુદાય પણ મોટો છે.

હમઝા એ જ લોકોનું પ્રતિનિધિત્વ કરે છે અને પોતાના માટે નવી અને મોટી વોટ બેંક ધરાવે છે. જ્યારે હમઝાએ પ્રથમ પ્રધાન તરીકે પદ સંભાળ્યું તે દિવસે તેની ઓફિસમાં મૌલવીઓ સાથે પ્રાર્થના કરી, ત્યારે સ્કોટિશ સમુદાયમાં એક નવી ચર્ચા શરૂ થઈ. સ્કોટિશ લેબર યુનિયનના એક નેતાએ વાતચીતમાં કહ્યું કે તેઓ અલગ દેશ ઈચ્છે છે પરંતુ અલગ મુસ્લિમ દેશ નથી ઈચ્છતા.

રસપ્રદ વાત એ છે કે, યુકેના વિભાજનની માગણી કરનાર અને તેને વિભાજિત થવાથી બચાવવા માટે તૈયાર બંને વ્યક્તિ ભારતીય મૂળના છે અને આ બધું અન્ય ભારતીય મૂળના વ્યક્તિ એટલે કે આયર્લેન્ડના વડા પ્રધાન લીઓ જોઈ રહ્યા છે. અંગ્રેજો દ્વારા ભારતનું વિભાજન જેણે ભારતને ક્યારેય ન પૂરાય એવો ઘા આપ્યો, હવે એ ટુકડાઓના જુદા જુદા ભાગોમાંથી નીકળી ગયેલા લોકો જુદી જુદી ભૂમિકામાં બ્રિટનનું ભાવિ નક્કી કરી રહ્યા છે. એવું કહી શકાય કે સમયનું એક ચક્ર પૂર્ણ થઈ રહ્યું છે.





## ધર્મ

# આજે પણ નવી પેઢીને પ્રેરિત કરે છે આદિ શંકરાચાર્યે આપેલી શિક્ષા


25માં એપ્રિલે આદિ શંકરાચાર્યની જયંતી મનાવવામાં આવી રહી છે. આદિ શંકરાચાર્ય, જેમને જગતગુરુ શંકરાચાર્યના નામથી પણ ઓળખવામાં આવે છે. જગતગુરુ શંકરાચાર્ય ભારતના મહત્વપૂર્ણ ધાર્મિક ગુરુઓ અને દાર્શનિકોમાંથી એક છે. દર વર્ષે આદિ શંકરાચાર્ય જયંતી તેમના ભક્તો દ્વારા વૈશાખ માસના શુક્લ પક્ષની પંચમી તિથિ અથવા પૂર્ણિમા ચંદ્ર પખવાડિયાના પાંચમા દિવસે મનાવવામાં આવે છે. આદિ શંકરાચાર્યને ભગવાન શિવના અવતાર તરીકે પણ ઓળખવામાં આવે છે. આજના દિવસે ભગવાન શિવની પૂજા વિધિ વિધાનથી કરવા ઉપરાંત સત્સંગનું પણ આયોજન થાય છે.

જગતગુરુનો જન્મ 788 ઈ.સ. દરમિયાન કેરળના કલાડીમાં થયો હતો. શંકરાચાર્યએ 16 થી 32 વર્ષની વય દરમિયાન દેશભરમાં યાત્રા કરી અને



આ દરમિયાન તેમણે વેદોના સંદેશનો પ્રચાર-પ્રસાર કર્યો. નાની વયમાં જ જગતગુરુ શંકરાચાર્ય દિવ્ય જ્યોતિમાં વિલીન થઈ ગયા હતા, પરંતુ તેમની શિક્ષા આજે પણ નવી પેઢીને પ્રેરિત કરે છે. સનાતન ધર્મના સંતે અદ્વૈત વેદાંતના સિદ્ધાંતનો ભારપૂર્વક પ્રચાર કર્યો હતો. તેમના સંદેશાએ હિંદુ સંસ્કૃતિને એ સમયે પુનર્જીવિત કરી જ્યારે હિંદુ સંસ્કૃતિ પતનના આરે આવીને ઊભી હતી. એવું કહેવાય છે કે આદિ શંકરાચાર્યના કાર્યોએ હિંદુ ધર્મના પુનરુત્થાનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

## પુસ્તક પરિચય



▪ રિપલકુમાર પરીખ

# સંવેદનશીલ વાર્તાસંગ્રહ

સાપ્તાહિક ગુજરાત વંદન

'એક દિગ્દર્શક તરીકે હંમેશા વાર્તા એ મારું મનપસંદ સાહિત્યસ્વરૂપ રહ્યું છે. કહેવાય છે કે જે-તે સમયે જીવાતા જીવનનું પ્રતિબિંબ તે સમયનાં સાહિત્યમાં ઝીલાતું હોય છે. મારું એવું માનવું છે કે જે વાર્તા કે કથા તેમાં રહેલાં પાત્રો, તેની સાથે બનતી ઘટના (બાહ્ય અને આંતરિક), તેમનાં સંઘર્ષ અને ઘર્ષણ, તેમાંથી પસાર થતી તેમની જિંદગી, સાથે માનવીય મૂલ્યો અને તેની સમજણ કોઈ દેખીતા "પ્રીન્ચિંગ" વગર આપી જાય તે જ સાચી વાર્તા.'


- શ્રી વિરલ રાચ્છ.(થિયેટર પીપલ, ગુજરાત ગૌરવ પુરસ્કાર દ્વારા સન્માનિત)

એક્ટર, ડાયરેક્ટર અને લેખક શ્રી વિરલ રાચ્છે ઉપરોક્ત કથન જેમની વાર્તાઓનાં સંદર્ભે લખ્યું છે, તેવો એક સંવેદનશીલ વાર્તાસંગ્રહ એટલે, 'વાર્તાઓ મારી તમારી'.

ટૂંકી વાર્તાસંગ્રહ 'વાર્તાઓ મારી તમારી' નાં લેખિકા સુષમા શેઠની કલમ ભલે નવી હોય, પરંતુ તેમની ભીતરની સંવેદનાઓ, તેમની વાર્તાઓ વાંચતાં વાંચતાં ચોક્કસ ભાવુક કરી દે છે. પુસ્તકની અઠાર તદ્દન ભિન્ન વિષયની વાર્તાઓ જ્યાં પૂર્ણ થાય છે, ત્યાંથી વાચકના મનમાં તે ફરીથી શરૂ થાય છે. જેવું સાહિત્યકાર શ્રી મણિલાલ હ. પટેલે જણાવ્યું છે કે, 'ટૂંકીવાર્તા એક પુષ્પ જેવી હોય છે; જે એકત્વની છાપ છોડી જાય છે.' તેમ, આ વાર્તાસંગ્રહની વાર્તાઓ પણ આપણાં પર પુષ્પ રુપી એકત્વનો ભાવ છોડી જાય છે.

લેખક શ્રી કૃષ્ણકાંત ઉનડકટ લખે છે, 'સુષમાબહેન શેઠમાં વાર્તા કહેવાની ગજબની કુનેહ છે.' લેખિકા શ્રીમતી ગિરિમાબહેન ઘારેખાન લખે છે, 'સુષમાબહેન શેઠની વાર્તાઓ સરળ ભાષામાં લખાયેલી, સુંદર, મૌલિક, કથાવસ્તુવાળી અને લચકવાળા સંવાદોથી રસપ્રદ બનતી અને હ્રદયસ્પર્શી હોય છે.' લેખિકા શ્રીમતી નીલમબેન દોશી લખે છે, 'સુષમાબહેનની લગભગ દરેક વાર્તાને મેં દિલથી માણી છે, એમની વાર્તાઓમાં સ્પાર્ક છે, સંવેદના છે અને વિષય - વૈવિધ્ય છે, શબ્દવૈભવ છતાં સહજતા છે.' ખ્યાતનામ કલાકાર શ્રી જયંત પરીખ લખે છે, 'સુષમાબહેન શેઠની દરેક વાર્તાનાં પાત્રો નાટકની જેમ ચિંતન થેરાપી બનીને આવે છે.' તે ઉપરાંત લેખિકા શ્રીમતી પ્રીતિબહેન કોઠી, પદ્મભૂષણ શ્રી જગદીશ શેઠ અને અભિનેત્રી સુ. શ્રી. મીનલબહેન પટેલે પણ લેખિકા સુષમા શેઠની વાર્તાઓને વખાણી છે તથા તેમને આશીર્વચન આપ્યાં છે.

સાહિત્યનો વારસો પ્રાપ્ત થયેલ લેખિકા સુષમા શેઠની વાર્તાઓ મમતા વાર્તા સ્પર્ધા ઉપરાંત અખંડાનંદ દ્વારા પુરસ્કૃત થયેલી છે. કેતન મુનશી વાર્તાસ્પર્ધા, કચ્છશક્તિ વાર્તાસ્પર્ધા ઉપરાંત અનેકવિધ ઓનલાઈન પ્લેટફોર્મ્સ ઉપર પણ તેમની વાર્તાઓ પસંદગી પામી છે તથા વિજેતા થઈને ઈનામો પણ પ્રાપ્ત કર્યા છે. સંદેશ, દિવ્ય ભાસ્કર, ગુજરાત સમાચાર જેવાં મોટા દૈનિકો ઉપરાંત ઘણાં અગ્રગણ્ય સાહિત્યનાં સામયિકોમાં પણ તેમની વાર્તાઓ પ્રકાશિત થઈ છે. મનની વાત કરતાં લેખિકા લખે છે, 'મારી વાર્તાઓમાં આસપાસ બનતી ઘટનાઓમાંથી કથાબીજ શોધીને તેમાં કલ્પનાના રંગો પૂરેલ છે. વાર્તાઓ કાલ્પનિક છે પરંતુ અવાસ્તવિક નથી જ. આ વાર્તાસંગ્રહ માટે વિવિધ વિષયો ધરાવતી સંવેદનશીલ વાર્તાઓ ચૂંટી છે જે વાચકના હ્રદયને જરૂર સ્પર્શશે, અંતરમાં એક ઊંડી છાપ છોડી જશે, વાંચનારને વિચારતા કરી મૂકશે. સરળ ભાષામાં લખાયેલ અણધાર્યા ચોટદાર અંત સાથેની આ વાર્તાઓ સાથે વાચક પોતાને જોડી શકે તેવી આ સામાજિક વિષયોની વાર્તાઓ છે. કેટલીક વાર્તાઓ સ્પર્ધાઓની વિજેતા કૃતિઓ છે; કેટલીક




પ્રતિષ્ઠિત સામયિકો, અખબારોમાં છપાઈ છે તો કેટલીક તદ્દન નવી નક્કોર અપ્રકાશિત છે પરંતુ બધી જ મારી ખૂબ ગમતી માનીતી મૌલિક રચનાઓ છે. અડધી રાતે જાગી જઈને લખવાની પીડામાંથી પસાર થઈ અવતરેલી વાર્તાઓ પણ છે.'

લેખિકા સુષમા શેઠનો આ વાર્તાસંગ્રહ, 'વાર્તાઓ મારી તમારી'ની મોટાંભાગની વાર્તાઓ સ્ત્રી પાત્રો પર કેન્દ્રીત છે. 'સંપર્ક સૂત્ર' વાર્તામાં સંસારથી પરવારી ગયેલી નીલાનાં સુનકાર જીવનમાં એક રોન્ગ નંબર હરીયાળી ભરી દે છે, તેનું તાદ્રશ્ય વર્ણન છે. 'પોતીકું' વાર્તામાં એક સંવેદનશીલ માતા, વિદેશ ગયેલાં પોતાનાં એકનાં એક દીકરાની કેવી ચિંતા કરે છે, તેની મનોવ્યથાનું વર્ણન છે. રેવા પોતાનાં દિકરાને સ્વદેશ પરત આવી જવા માટે સતત સમજાવે છે અને દીકરો સતત ના પાડે છે. રેવાનાં ઘરે કામ કરતી લીલા પણ પોતાનું ગામ, પોતાનાં બાપુજી, ભાઈ-બહેનને છોડીને શહેરમાં કમાવા માટે આવી હોય છે, આ સુંદર ઉદાહરણ દ્વારા લેખિકાની વાર્તા હ્રદયસ્પર્શી બની જાય છે. 'કિંમત' વાર્તામાં દરેક સ્ત્રીનું સ્ત્રીપણું છલકી ઉઠે છે. એક સુંદર મજાની લાલ કલરની સાડી, રીમા પહેરે છે, તે પોતાની આ મોંઘી સાડીનું ખૂબ ધ્યાન રાખે છે. કામવાળી ગંગાને તો આ સાડી ખરીદી લેવી હોય છે, પરંતુ સાડી ખરીદવાની કિંમત તેની પાસે ક્યાં છે? રીમાએ બહાર ડ્રાયક્લીન કરાવવા આપેલી સાડી ગંગા ઘરે લઈ જાય છે અને તે સાડીને મનભરીને માણે છે પરંતુ પછીથી ગંગા કેવી રીતે સાડી રીમાને પરત કરે છે અને રીમાનાં શું પ્રત્યાઘાત હોય છે તે લેખિકાએ અદ્ભુત રીતે વર્ણવ્યા છે. 'અભિનય સમ્રાજ્ઞી'ની લીના અને 'ચીસ' ની આશી તરફ સંવેદના જાગે તેવું સુંદર પાત્રાલેખન લેખિકાએ કર્યું છે. આ પુસ્તકની મારી અને તમારી સંવેદનશીલ વાર્તાઓ વાંચતાં વાંચતાં વાચકનું હૈયું ભાવવિભોર થઈ જાય છે.

## રસદર્શન

# જન્મથી મૃત્યુ સુધીની સફર એટલે કે બે કૌંસ વચ્ચે ચાલતી આ જિંદગી...

સાપ્તાહિક ગુજરાત વંદન

**સરવાળે કેટલાક સુખ કેટલાક દુઃખ,**
**કેટલીક લેણદેણ કેટલીક આપલે,**
**કેટલીક ચર્ચા કેટલાક વિવાદ,**
**કેટલીક હુંસાતુસી કેટલુક મારું-તારું,**
**કેટલીક વ્યથા કેટલીક કથા**

વિગેરે વિગેરે અનેક અનેક વિવાદો સંવાદો,અને તેથી ય વધુ તે બધું જ આપણા જીવનનો એક ભાગ થઈને ચાલ્યા આવે છે.

સૌના જીવનમાં આ ઓછાવત્તા પ્રમાણમાં હોવા છતાં સૌ પોતે પોતાના ભાગે આવેલું આ કથાનક અને તેનો દોષ પોતાને જ પોતાના ભાગ્યને જ આપી પોતાની કથની અથવા કથણી સૌને કહેવામાં મશગુલ છે, ટૂંકમાં કહીએ તો આ રોજના રોદણાં રડવાની પરંપરા છે કંઈક કેટલા વર્ષોથી સદીઓથી ચાલતી આવી છે અને ચાલતી રહેશે માણસ પોતાની જિંદગીનો નાયક છે તે વાત ખરી પણ એનો અર્થ એવો નથી કે તેની કથણી જગ જાહેર થાય.

સંવાદોથી ચાલતી આ કથા મનુષ્ય જીવનના વિવિધ આયામો ને એક યા બીજા સ્વરૂપે કાંતો ઉદાહરણરૂપ રજૂ કરે છે કાંતો હાસ્યસ્પદ ઘટના તરીકે રજૂ કરે છે આ બે સિવાય જે કોઈપણ કથાની ઉજવણી થતી હોય તેમાં કોઈને



રસ નથી

કાંતો ઉદાહરણરૂપ ઉજવણી કરો કાંતો સૌને આનંદ આવે તેવી ભજવણી કરો, તમારી બીબાઢાળ જિંદગીની કથાના નાટકની ભજવણી એ તમારી જિંદગીનો જ એક ભાગ છે તેથી એમાં બીજાને શું રસ હોય, તેમાંથી બહાર આવવાનો પ્રયત્ન કરો તેને અપનાવો અને તેની સાથે કદમ પર કદમ મિલાવી અને આત્મસાત્ કરવાનો પ્રયત્ન કરો

મનુષ્યજીવનમાં અંતે કેન્દ્રમાં તો મનુષ્યનું જીવન અને તે જીવનમાં ચાલતી અનેક પ્રવૃત્તિઓ લોકો છાતી ઠોકીને કહે તું આ કથાનક, આ કથણી તેની ઉજવણી અને તેની ભજવણી ન બતાવીશ અને બતાવે તો એવી રીતે બતાવજે કે જન્મોજન્મ તે યાદ રહે એક ઉદાહરણ રૂપ!

-હરીશ શાહ

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act'.

### હાલ કાળઝાળ ગરમીમાં માતાજીને દિવસ દરમ્યાન ત્રણ સમય વસ્ત્ર પરિધાન બદલવાથી

# અંબાજી: દર્શનનાં સમયમાં કરાયો કામચલાઉ ફેરફાર : હવે ત્રણ ટાઈમ કરાશે આરતી....

ગુજરાત | વંદન

યાત્રાધામ અંબાજી ખાતે સુર્યોદય અને સૂર્યાસ્તના સમયમાં ફેરફાર થતા અંબાજી મંદિરમાં દર્શન આરતીના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. ઉપરાંત અંબાજી મંદિરમાં 23મી એપ્રીલ શનિવારના રોજ વૈશાખ સુદને અખાત્રીજથી સવાર-સાંજ બે સમયે થતી આરતી હવે ત્રણ સમય કરવામાં આવશે, જેમાં બપોરે વધુ એક આરતી કરવામાં આવશે. માનવામાં આવે છે કે, હાલ કાળઝાળ ગરમીમાં માતાજીને દિવસ દરમ્યાન ત્રણ સમય કપડાનો શણગાર બદલાતો હોવાથી આરતી ત્રણ સમય કરાશે. ઉપરાંત મંદિર સવારે 11.30 કલાકે બંધ કરાતું હતું, તેના બદલે 10.45 કલાકે બંધ કરાશે. યાત્રીકોને મંદિરમાં સવારે માતાજીની બાલ્યા અવસ્થા, બપોરે યૌવન અવસ્થા અને સાંજે પ્રૌઢ અવસ્થાના દર્શન થશે, તેમ મંદિરના ભટ્ટજી મહારાજ તન્મયભાઈ ઠાકરે જણાવ્યું હતું. અંબાજી મંદિર માં આ દર્શન આરતીના સમયમાં ફેરફાર કરાયો હોવાથી 22-04-2023થી 19-06-2023 સુધી માતાજીના મંદિરમાં અન્નકુટ ધરાવી શકાશે નહીં.



### આરતીનો સમય

» સવારે આરતીનો સમય - 7.00 થી 7.30
» સવારે દર્શનનો સમય - 7.30 થી 10.45
» બપોરે આરતીનો સમય - 12.30 થી 1.00
» બપોરે દર્શનનો સમય - 1.00 થી 4.30
» સાંજે આરતીનો સમય - 7.00 થી 7.30
» સાંજે દર્શનનો સમય - 7.30 થી રાત્રીના 9.00

### જુહાપુરામાં ઘોડિયામાં સૂતેલા બાળકને બચકાં ભરીને કૂતરા ખેંચી ગયા



ગુજરાત | વંદન

શહેરમાં ફરી એકવાર રખડતા શ્વાનનો આતંક સામે આવ્યો છે. આ વખતે શહેરના જુહાપુરા વિસ્તારમાં શ્વાન દ્વારા ઘોડિયામાં સૂઈ ગયેલા બાળક પર હુમલો કરીને તેને ખેંચી જવાનો પ્રયત્ન કર્યો છે. આ ઘટનામાં સ્થાનિકો દ્વારા બાળકને બચાવી લેવામાં આવ્યું છે. શ્રમિક પરિવારનું બાળક કે જે ઘોડિયામાં સૂતું હતું તેની સાથે બનેલી આ ઘટના કેમેરામાં કેદ થઈ ગઈ છે. જેમા દેખાય છે કે કેટલાક શ્વાન બાળકને ખેંચીને લઈ જતા દેખાય છે એ દરમિયાન સ્થાનિકોની નજર પડતા બાળકને શ્વાનના મુખમાંથી બચાવી લે છે.

### ચુકાદાને 20 વર્ષ, 1 મહિનો અને 20 દિવસ લાગ્યા...

# ગોધરાકાંડ: નરોડાગામ હત્યાકાંડમાં તમામ આરોપીઓ પુરાવાના અભાવે નિર્દોષ જાહેર

ગુજરાત | વંદન

ગુજરાત રમખાણ 2002માં આઠ હત્યાકાંડ થયા હતા. સુપ્રીમ કોર્ટ દ્વારા બનાવેલી ખાસ સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT)એ આઠેય કેસની તપાસ હાથ ધરી હતી.

ગઈકાલે અમદાવાદની સ્પેશિયલ કોર્ટ નરોડા ગામ હત્યાકાંડનો ચુકાદો આપતા તમામ હત્યાકાંડની સુનાવણી પૂરી થઈ ગઈ છે. છેલ્લા હત્યાકાંડના ચુકાદાને 20 વર્ષ, 1 મહિનો અને 20 દિવસ લાગ્યા હતા. આઠ મોટા હત્યાકાંડમાં બે કેસમાં તમામ આરોપીઓ નિર્દોષ જાહેર થયા છે. જ્યારે છ કેસમાં 149 આરોપીઓ દોષિત જાહેર થયા છે તો 238 આરોપીઓ નિર્દોષ છૂટ્યા છે.

28 ફેબ્રુઆરી 2002ના નરોડા પાટિયા વિસ્તારને ટોળાએ ચારે તરફથી ઘેરી લીધા બાદ ત્યાં અનેક મકાનોને આગ લગાડવામાં આવી હતી. જેમાં 97 લોકોના મોત થયા હતા. જેમાં સ્થાનિક પોલીસે 46 લોકોની ધરપકડ કરી હતી. ત્યારબાદ SITએ વધુ 24 લોકોની ધરપકડ કરી હતી. જો કે, 70 આરોપીઓમાંથી સાત આરોપીઓનું ટ્રાયલ દરમિયાન મોત થયું હતું. આ હત્યકાંડમાં 32 લોકો દોષિત જાહેર કરાયા હતા. જ્યારે 29 આરોપીઓને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા.

#### ગોધરામાં સાબરમતી એક્સપ્રેસ સળગાવનારા દોષિતોને સુપ્રીમ કોર્ટે આપ્યા જામીન

સુપ્રીમ કોર્ટે ગોધરા સ્ટેશન પર 2002માં સાબરમતી એક્સપ્રેસના કોચને આગ લગાડવા અને પથ્થરમારો કરીને મુસાફરોની હત્યા કરવા બદલ આજીવન કેદની સજા પામેલા આઠ દોષિતોને જામીન પર મુક્ત કરવાનો આદેશ આપ્યો. મૃત્યુદંડની સજા પામેલા ચાર દોષિતો હાલ જેલમાં રહેશે. મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડ અને ન્યાયમૂર્તિ પીએસ નરસિમ્હાની બેન્ચે આદેશ આપ્યો હતો. આ લોકો 17-18 વર્ષથી જેલમાં છે. ઉલ્લેખનીય છે કે હાલમાં જ ગોધરાકાંડ પછી ગુજરાતમાં ફાટી નીકળેલા રમખાણો દરમિયાનના નરોડા ગામ હત્યા કાંડમાં 11 લોકોને જીવતા સળગાવી દેવાના કેસમાં સ્પેશ્યલ કોર્ટે આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા હતા.

## સાપ્તાહિક રાશિફળ

પંડિત અજય શર્મા

**મેષ** (અ.લ.ઈ): પારિવારિક સુખ-સુવિધાઓ અંગે વધુ પડતો ખર્ચ થશે, પરંતુ આવકની સ્થિતિ સારી હોવાને કારણે કોઈ તણાવ રહેશે નહીં બહારની પ્રવૃત્તિઓમાં થોડી સાવધાની રાખવાની જરૂર છે. સંબંધીઓની સાથે વ્યવહાર કરતી વખતે સાવચેત રહો, વેપારમાં પ્રવૃત્તિઓનું આયોજન થશે.

**વૃષભ** (બ.વ.ઉ): જે કામ લાંબા સમયથી અટવાયેલા હતા તે આ સપ્તાહે પૂર્ણ થશે. ફક્ત તમારી ક્ષમતા અને મહેનત પર વિશ્વાસ હોવો જરૂરી છે. સંબંધી તરફથી સારા સમાચાર મળવાથી આનંદ થશે. બિનજરૂરી ખર્ચ પર નિયંત્રણ રાખો, નહીંતર તમારું બજેટ ખોરવાઈ શકે છે.

**મિથુન** (ક.છ.ઘ): પ્રભાવશાળી અને મહત્વપૂર્ણ લોકોની સંગતમાં રહેવાની તક મળશે, જ્ઞાનવર્ધક માહિતી પણ ઉપલબ્ધ થશે. માનસિક શાંતિ રહેશે. કોઈના પર આંધળો વિશ્વાસ ન કરો. અંગત બાબતોને અવગણશો નહીં. કાર્યસ્થળ પર તમારી દેખરેખ હેઠળ તમામ પ્રવૃત્તિઓ કરો.

**કર્ક** (ડ.હ): આવનાર અઠવાડિયું તમને ઘણી સિદ્ધિઓમાં વ્યસ્ત રાખશે. કોઈપણ મહત્વપૂર્ણ મુદ્દા પર પરિવારના સભ્યો સાથે પણ સકારાત્મક ચર્ચા થશે. કોઈ પણ પ્રકારની યાત્રા સ્થગિત કરવી યોગ્ય છે. કારણ કે તેના કોઈ પરિણામ પ્રાપ્ત થશે નહીં. પરિવારના સભ્યો વચ્ચે સંપૂર્ણ સુમેળ રહેશે.

**સિંહ** (મ.ટ): આગામી સપ્તાહે કોઈ સારા સમાચાર મળવાના છે. મિલકત સંબંધિત મુદ્દાઓમાં સકારાત્મક પરિણામો સામે આવશે. વ્યવહારુ બનો અને ભાવનાઓમાં આવીને કોઈ મહત્વપૂર્ણ નિર્ણય ન લો. ધંધામાં કોઈ નવું કામ શરૂ કરવાને બદલે, ફક્ત પ્રવૃત્તિઓ પર ધ્યાન કેન્દ્રિત કરો.

**કન્યા** (પ.ઠ.ણ): ઘરના વડીલોનો સ્નેહ અને આશીર્વાદ જળવાઈ રહેશે. ધાર્મિક સામાજિક કાર્યોમાં સમય પસાર કરશો. તેનાથી આધ્યાત્મિક અને માનસિક શાંતિ મળશેસમય પ્રમાણે પોતાનામાં પણ બદલાવ લાવવા જરૂરી છે. ઘણી વખત તમારા સિદ્ધાંતોને વધુ પડતું વળગી રહેવાથી પણ નુકસાન થઈ શકે છે.

**તુલા** (ર.ત): આ સપ્તાહે જો તમે નવું મકાન કે મિલકત ખરીદવાનું વિચારી રહ્યા છો તમારો નિર્ણય ખૂબ જ યોગ્ય છે. તેના પર તાત્કાલિક કાર્યવાહી કરો. મહેનત કરવા છતાં ઓછા પરિણામને કારણે મન કંઈક અંશે ઉદાસ રહેશે. વધુ પડતો કામનો બોજ તમને શારીરિક અને માનસિક રીતે થકવી શકે છે.

**વૃશ્ચિક** (ન.ય): ઘરગથ્થુ સુવિધાઓની ઓનલાઈન ખરીદીમાં આનંદમાં સમય પસાર થશે. પરિવારના સભ્યોની જરૂરિયાતોનું ધ્યાન રાખવું. કેટલીકવાર તમારા વિચારોની સંકુચિતતા પરિવારના સભ્યો માટે મુશ્કેલી ઊભી કરે છે. કોઈપણ વ્યવસાય સંબંધિત રોકાણ કરતા પહેલા સારી રીતે સંશોધન કરો.

**ધન** (ભ.ધ.ફ): તમે તમારામાં અદભુત આત્મવિશ્વાસ અનુભવશો. અને કોઈપણ સંજોગોમાં પોતાનું કાર્ય પૂર્ણ કરવાની ક્ષમતા હશે. નાણાં સંબંધિત કામકાજમાં ખાસ સાવધાની રાખવાની જરૂર છે. વિદ્યાર્થીઓએ સોશિયલ મીડિયામાં અને મિત્રો સાથે હેંગઆઉટ કરવામાં તેમનો સમય બગાડવો જોઈએ નહીં.

**મકર** (ખ.જ): ગ્રહોની સ્થિતિ ખૂબ અનુકૂળ છે. પરંતુ તેનો સારો ઉપયોગ કરવો તે તમારા પર છે. કોઈ અજાણ્યા વ્યક્તિ સાથે અંતર રાખો. તમે ગેરસમજ અથવા છેતરપિંડીનો ભોગ બની શકો છો. મિલકત સંબંધિત વ્યવસાયમાં કોઈપણ નિર્ણય લેતી વખતે કાળજી રાખો.

**કુંભ** (ગ.સ.શ.ષ): મિત્રો અને સહકર્મીઓ સાથે કોઈ ખાસ હેતુ માટે યોજના બનશે. વ્યવસ્થિત દિનચર્યા રાખો અને નકામા કામોમાં સમય ન બગાડો. ભવિષ્ય માટે તેમની યોજનાઓ અમલમાં મૂકતા પહેલા, તમને વ્યવસાયમાં કેટલાક ફાયદાકારક કરારો મળશે. નોકરીમાં કોઈ સહકર્મી સાથે વાદ-વિવાદમાં ન પડવું.

**મીન** (દ.ચ.ઝ): ઘરના વડીલોનો સ્નેહ અને આશીર્વાદ જળવાઈ રહેશે. ધાર્મિક સામાજિક કાર્યોમાં સમય પસાર કરશો. તેનાથી આધ્યાત્મિક અને માનસિક શાંતિ મળશે. સમય પ્રમાણે પોતાનામાં પણ બદલાવ લાવવા જરૂરી છે. ઘણી વખત તમારા સિદ્ધાંતોને વધુ પડતું વળગી રહેવાથી પણ નુકસાન થઈ શકે છે. વેપારમાં લાભદાયક સ્થિતિ છે, મનોરંજન અને સૌંદર્ય પ્રસાધનોનો વેપાર ખાસ કરીને પ્રગતિમાં રહેશે.

### સેલ્ફી લઈને સ્ટેટસમાં મૂકી પછી કેનાલમાં કૂદી ગયા

# કપડવંજના સગીર પ્રેમીપંખીડાએ ઘરેથી ભાગી જઈ ખેડામાં કર્યો આપઘાત

ગુજરાત | વંદન

કપડવંજમાં સગીર વયના પ્રેમી પંખીડાએ આંત્રોલી નહેરમાં ઝંપલાવ્યું હોવાની ઘટનાને લઈને ચકચાર મચી છે. નહેરના કાંઠેથી મળેલા બાઈકના આધારે સગીર પ્રેમી પંખીડાએ આપઘાત કર્યાની થિયરી ઉપર પોલીસે તપાસ શરૂ કરી હતી. જેમાં બહિયલથી આવેલી તરવૈયાઓની ટીમને કિશોરનો તો મૃતદેહ મળી આવ્યો, પરંતુ હજી કિશોરીની શોધખોળ કરવામાં આવી રહી છે.

મળતી માહિતી અનુસાર, કઠલાલના નાની મુંડેલ ગામમા રહેતા સગીર વયના યુવક અને યુવતી વચ્ચે પ્રેમ સંબંધ બંધાયો હતો. ત્યારે બંને બુધવારે વહેલી સવારે પોતાના ઘરેથી નીકળી ગયા હતા. કિશોર બાઈક લઈને આવી પ્રેમિકાને લઈને કપડવંજના આંત્રોલી પાસેથી પસાર થતી નર્મદા કેનાલે પહોંચ્યો હતો.



જ્યાં બાઈક પાર્ક કર્યા બાદ કિશોરે પોતાની પ્રેમિકા સાથે સેલ્ફી લઈને પોતાના વોટ્સઅપ સ્ટેટસમાં 5.19 મિનીટે ફોટો મૂકી નીચે "મિસ યુ મારી જાન"નું લખાણ લખ્યું હતું. સ્ટેટસ મૂક્યાના થોડા સમયમાં જ મિત્રો અને પરિજનો એ સ્ટેટસ જોતા ચિંતિત બન્યા હતા અને પોલીસને જાણ કરી બન્નેની શોધખોળ હાથ ધરી હતી.

# સનાથલ સર્કલ નજીકના કૂવામાંથી હાડપિંજરના અવશેષો મળ્યા

» અવશેષો માનવના કે પશુના તેની તપાસ માટે FSLની મદદ લેવાઈ

ગુજરાત | વંદન

શહેરના છેવાડે આવેલા સનાથલ સર્કલ નજીકના કૂવામાંથી માનવ હાડપિંજરના અવશેષો મળી આવ્યા છે. ઘટનાની જાણ થતાં જ ચાંગોદર પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. ઉલ્લેખનીય છે કે, કંકાલ માનવના છે કે પછી કોઈ પશુના છે તે જાણવા માટે એફએસએલની મદદ લેવામાં આવી રહી છે.

અમદાવાદના પોલીસ કંટ્રોલરુમમાં સરખેજની બોર્ડર પર આવેલા સનાથલ સર્કલ નજીક કૂવામાં માનવ હાડપિંજર પડ્યું હોવાનો ગુરૂવારે એક ફોન આવ્યો હતો. પોલીસ કંટ્રોલરુમમાં ફોન રણક્યા બાદ સરખેજ પોલીસ તેમજ લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ચાંગોદર પોલીસની હદ લાગતી હોવાના કારણે સરખેજ પોલીસે તેમને પણ જાણ કરી દીધી હતી. ઘટનાની જાણ થતા ચાંગોદર પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી કૂવામાંથી કંકાલ બહાર કાઢ્યું હતું.કુવામાંથી મળેલા માનવ કંકાલના કેટલાક અવશેષો મળી આવ્યા હતા. તેથી પોલીસે તાત્કાલિક એફએસએલની મદદ લીધી હતી.

# ટિકિટ વગર મુસાફરી કરતાં 32 લાખથી વધુ લોકો દંડાયા

### 27.84 કરોડ રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવ્યો

ગુજરાત | વંદન

આમ તો ટ્રેનમાં અનેકવાર ટિકિટ વગર મુસાફરી કરતા મુસાફરો પકડાતા હોય છે, ટિકિટ વગર મુસાફરી કરતાં મુસાફરો સામે કાર્યવાહી કરવામાં રેલવેને કરોડોની કમાણી થઈ હોય. આ કલ્પના હકીકત સાબિત થઈ છે.

પશ્ચિમ રેલ્વેના અમદાવાદ મંડળ દ્વારા ખુદાબક્ષો પાસેથી 27.84 કરોડ રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. રેલવેમાં ટિકિટ વગર મુસાફરી કરવીએ ગુનો બને છે, તેમ છતાં પણ અનેક લોકો ટિકિટ વગર મુસાફરી કરતા હોવાનું સામે આવ્યું છે. પશ્ચિમ રેલવેને અમદાવાદ મંડળ દ્વારા એક વર્ષમાં ટિકિટ વગરના મુસાફરો પાસેથી 27.84 કરોડ રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે.



પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી જીતેન્દ્ર જયંતે જણાવ્યું કે, પશ્ચિમ રેલવે દ્વારા જે ટિકિટ ચેકીંગ અભિયાન હાથ ધરાયું છે, તેનાથી એક રેકોર્ડ બ્રેક આવક થઈ છે. આ દંડ અલગ અલગ નિયમોના ભંગ બદલ વસૂલવામાં આવ્યો છે. ટિકિટ વગર ટ્રેનમાં મુસાફરી કરતા લોકો કે અનધિકૃત રીતે અન્યની ટિકિટ પર મુસાફરી કરતા લોકો પાસેથી આ દંડ વસૂલવામાં આવ્યો છે. પ્લેટફોર્મ ટિકિટ વગર સ્ટેશન પર ફરતા લોકો પાસેથી પણ દંડ વસૂલવામાં આવ્યો છે. આ રેકોર્ડ બ્રેક આવક બદલ ચાર કર્મચારીઓને પુરસ્કૃત કરવામાં આવ્યા છે. જેમાં અમદાવાદના એક કર્મચારીએ એક કરોડ ઉપરની દંડની રકમ એકત્રિત કરી છે. અન્ય એક મહિલા કર્મચારીએ 57 લાખની રકમ એકત્રિત કરી છે.

#### ગંદકી કરનાર પાસેથી 4.36 કરોડનો દંડ વસૂલ્યો

રેલવેના અધિકારીઓએ જણાવ્યું હતું કે, વર્ષ 2022-23માં 3244408 લોકો ટિકિટ વગર મુસાફરી કરતાં હોવાથી તેમની પાસેથી દંડ વસૂલ કરવામાં આવ્યો છે. જે રકમ 2021-2022 કરતાં 39.86 ટકા વધુ છે. સાથે સાથે રેલવે પરિસરમા ગંદકી કરતા લોકો પાસેથી પણ મોટો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. રેલ્વેએ 4.36 કરોડ રૂપિયાનો દંડ ગંદકી કરનાર પાસેથી વસૂલ્યો છે.

# અદાણી ટ્રાન્સમિશન લિ.ને SEBI ICAI BRSR બેક ટેસ્ટિંગ અંતર્ગત યોગદાન માટે સ્વિકૃતી મળી

ગુજરાત | વંદન

ભારતની સૌથી મોટી ખાનગી ટ્રાન્સમિશન અને વીજ વિતરણન કંપની અને વિશ્વ સ્તરે વૈવિધ્યસભર અદાણી પોર્ટફોલિયો ધરાવતા અદાણી સમૂહનો ભાગ અદાણી ટ્રાન્સમિશન લિ.ને સેબી ICAI BRSR બેક ટેસ્ટિંગ માટે હાથ ધરેલા ઉપાયો મારફત આપેલા યોગદાન માટે ગૌરવપૂર્ણ સ્વીકૃતિ પ્રાપ્ત થઇ છે.

અદાણી ટ્રાન્સમિશન લિ.એ સ્વૈચ્છિક રીતે નાણા વર્ષ 21-22માં તેનો સૌ પ્રથમ BRSR જાહેર કર્યો હતો. કંપનીએ બિન-નાણાકીય રિપોર્ટિંગ પ્રથાઓ તરફ જરુરી વધુ પગલા ભરીને તેની કોર્પોરેટ ટકાઉપણાની સફરમાં મુખ્ય યોગદાન આપ્યું હતું જેને નવી દિલ્હીની ઈન્સ્ટિટ્યૂટ ઑફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઑફ ઈન્ડિયા (ICAI) ના સસ્ટેનેબિલિટી રિપોર્ટિંગ સ્ટાન્ડર્ડ્સ બોર્ડ (SRSB)એ આ જટિલ કવાયતમાં બેન્ચમાર્ક બનાવવા માટે ATLને માન્યતા આપી હતી. અદાણી ટ્રાન્સમિશનનો BRSR ને અપનાવવાનો હેતુ તેના લાંબાગાળાના ધ્યેયો, સ્થિતિ અને તેના દેખાવને અસરકારક રીતે બજારને અવગત કરવાનો છે. દેશની ટોચની 1,000 લિસ્ટેડ કંપનીઓ માટે બિઝનેસ રિસ્પોન્સિબિલિટી અને સસ્ટેનેબિલિટી પર રિપોર્ટ આપવાનું ફરજિયાત બનાવવાનું સેબીએ તાજેતરમાં કરેલો નિર્ણય ભારતમાં લાંબાગાળાના રિપોર્ટિંગ માટે ગેમ-ચેન્જર છે.

### એક ધક્કા ઔર દો...!



ગુજરાતના પડોશી રાજ્ય રંગીલા રાજસ્થાનમાં કોંગ્રેસની સરકારમાં સચીન પાયલટ રાજકીય ગરબડ કરીને ભાજપના ટેકાથી મુખ્યમંત્રી થવા મોર બની થનગાટ કરે...તેમ હણ હણી રહ્યાં છે... પરંતુ તેના કરતા વધારે ચાલાક, ચતુર અને અનુભવી મુખ્યમંત્રી અશોક ગેહલોત ફાવવા દેતા નથી. અમદાવાદના એસટી બસ મથકે રાજસ્થાનની એસટી બસો પણ આવે છે. ગેહલોતના પોસ્ટર લગાવેલ રાજસ્થાનની એક બસ કોઈ કારણોસર બંધ પડતા તેને ધક્કો મારી ચાલુ કરવાના પ્રયાસો થઈ રહ્યાં છે. તસ્વીર જોઈને અસંતુષ્ઠ સચીન પાયલટના મનમાં એવી રાજકીય ટિપ્પણી થતી હશે કે એક ધક્કા ઔર દો...ગેહલોત કો....?

તસ્વીરઃ મૌર્ય ભાગ્યવાન

## શબ્દોની સંતાકૂકડી 58

ગુજરાત વંદન સાપ્તાહિક

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | | 2 | | ■ | 3 | 4 |
| | ■ | | ■ | 5 | | |
| 6 | 7 | | 8 | ■ | | ■ |
| ■ | | ■ | 9 | 10 | | 11 |
| 12 | ■ | 13 | | | ■ | |
| ■ | 14 | ■ | 15 | | 16 | ■ |
| 17 | | | | ■ | 18 | |

### ઊભી ચાવી

(1) અવટંક, ઓળખ, સરનેઈમ [3]
(2) આસક્તિ, મોહ [3]
(3) મૂર્ખ, અક્કલ વગરનું [4]
(4) નસીબને અંગ્રેજીમાં કહેવાય [2]
(7) આદિત્ય, ભાસ્કર, સૂરજ [2]
(8) એક મરીમસાલો, તમાલવૃક્ષનું પાંદડું [5]
(10) ધાતુની વસ્તુ ખખડવાનો અવાજ [3]
(11)કાંઠો, કિનારો [2]
(14) સાચવણી, સંભાળ, રક્ષણ [2]
(16) તન, શરીર [2]

### આડી ચાવી

(1) ન્યાયાલય, કોર્ટ [4]
(3) ઘંટ, ઘંટડી [2]
(5) નોકર, દાસ [3]
(6) લાકડાં વહેરવાનું ઓજાર [4]
(9) વડે, થકી [4]
(12) વાયુ, પવન, હવા [1]
(13) દ્રષ્ટિ, અભિગમ, વૃત્તિ [3]
(15) તળેલી પુરી જેવી એક વાની [3]
(17) સજાને પાત્ર, દંડને પાત્ર [4]
(18) લાજ, શરમ [2]

### શબ્દોની સંતાકૂકડી-57નો ઉકેલ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 લા | લ | 3 ચ | ■ | 3 સુ | 4 મ | 5 ન |
| ડુ | ■ | 6 લ | ક્ષ | ■ | 7 દ | ક |
| ■ | 8 ર | ણ | ■ | 9 છા | ■ | શો |
| 10 વાં | સ | ■ | 11 બા | બ | 12 ત | ■ |
| 13 દ | મ | 14 દા | ટી | ■ | 15 ડ | 16 વ |
| રું | ■ | દ | ■ | 17 છા | ■ | હા |
| ■ | 18 આ | ર | સ | પ | હા | ણ |

શબ્દોની સંતાકૂકડી-58નો ઉકેલ આવતા અંકે

## કોયડો નં. 60 સુડોકુ

ગુજરાત વંદન સાપ્તાહિક

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 2 | | 6 | | 4 | | 8 | |
| 6 | | 4 | | 8 | | 1 | | 3 |
| | | | 3 | | 1 | | 5 | |
| 5 | | 3 | | 7 | | | | 2 |
| | 7 | | 2 | | | | 4 | |
| 2 | | 9 | | 5 | | 6 | | 8 |
| | 3 | | 7 | | 5 | | 9 | |
| | | | 1 | | | | | 4 |
| | | 8 | | | 2 | | | 7 |

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

### સુડોકુ-60નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 2 | 1 | 6 | 5 | 4 | 7 | 8 | 9 |
| 6 | 5 | 4 | 9 | 8 | 7 | 1 | 2 | 3 |
| 9 | 8 | 7 | 3 | 2 | 1 | 4 | 5 | 6 |
| 5 | 4 | 3 | 8 | 7 | 6 | 9 | 1 | 2 |
| 8 | 7 | 6 | 2 | 1 | 9 | 3 | 4 | 5 |
| 2 | 1 | 9 | 5 | 4 | 3 | 6 | 7 | 8 |
| 4 | 3 | 2 | 7 | 6 | 5 | 8 | 9 | 1 |
| 7 | 6 | 5 | 1 | 9 | 8 | 2 | 3 | 4 |
| 1 | 9 | 8 | 4 | 3 | 2 | 5 | 6 | 7 |

# સૌરાષ્ટ્ર, ઉત્તર અને દક્ષિણ ગુજરાત

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

શ્રી યંત્ર વિશ્વનું સૌથી મોટું સાડા ચાર ફૂટનું શ્રી યંત્ર છે, તાંબુ, પિત્તળ, લોખંડ, સોનું અને ચાંદીએ પંચ ધાતુમાંથી બનાવાશે

## અંબાજી મંદિરમાં સૌથી મોટું શ્રી યંત્ર સ્થાપિત કરાશે

**એક કરોડના ખર્ચે પંચ ધાતુમાંથી બનનાર શ્રી યંત્રનું વજન 2200 કિલો હશે**

ગુજરાત | વંદન

અમદાવાદના ભક્તજનો દ્વારા અંદાજીત 1 કરોડના ખર્ચે પંચ ધાતુમાંથી નિર્મિત દિવ્ય અને ભવ્ય શ્રી યંત્ર માં અંબાને અર્પણ કરવામાં આવશે. શ્રી યંત્રનું નિર્માણ નિર્વિઘ્ને પૂર્ણ થાય તે માટે શ્રી યંત્રની પ્રતિકૃતિ સમાન મેરુ શ્રી યંત્ર સાથે ચારધામની યાત્રાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

આદ્ય શક્તિ મા અંબાના ધામ અંબાજી ખાતે આવનારા સમયમાં વિશ્વનું સૌથી મોટું શ્રી યંત્ર સ્થાપિત થવા જઈ રહ્યું છે. અમદાવાદના જય ભોલે ગ્રુપ દ્વારા અંદાજીત 1 કરોડના ખર્ચે પંચ ધાતુમાંથી નિર્મિત દિવ્ય અને ભવ્ય શ્રી યંત્ર માં અંબાને અર્પણ કરવામાં આવશે. શ્રી યંત્રનું નિર્માણ નિર્વિઘ્ને પૂર્ણ થાય તે માટે જય ભોલે ગ્રુપના સભ્યો દ્વારા શ્રી યંત્રની પ્રતિકૃતિ સમાન મેરુ શ્રી યંત્ર સાથે ચારધામની યાત્રાનો નિર્ણય કરવામાં આવ્યો છે. શ્રી યંત્રના નિર્માણમાં કોઈ વિઘ્ન ન આવે એ માટે જય ભોલે ગ્રુપ અમદાવાદ 11 હજાર કિ.મી.ની ચારધામની યાત્રા કરશે જેનું આજે કલેક્ટરના હસ્તે પ્રસ્થાન કરવામાં આવ્યું છે.





જય ભોલે ગ્રુપ અમદાવાદના દીપેશભાઈ પટેલ દ્વારા નિર્માણ થઈ રહેલું શ્રી યંત્ર વિશ્વનું સૌથી મોટું સાડા ચાર ફૂટનું શ્રી યંત્ર છે. જે તાંબુ, પિત્તળ, લોખંડ, સોનું અને ચાંદીએ પંચ ધાતુમાંથી બનાવવામાં આવશે. આ શ્રી યંત્ર અંદાજીત એક કરોડના ખર્ચે બનશે. પંચ ધાતુમાંથી બનનાર શ્રી યંત્રનું વજન 2200 કિલો હશે. જ્યારે શ્રી યંત્રની લંબાઈ, પહોળાઈ અને ઊંચાઈ સાડા ચાર ફૂટ હશે.હાલમાં વિશ્વનું સૌથી મોટું શ્રી યંત્ર ઉત્તરાખંડના ડોલાશ્રમમાં સ્થાપિત છે જે સાડા ત્રણ ફૂટનું છે.

રનવે, એપ્રોન, ટેક્સી વે, બોક્સ કલવર્ટ, સહિતની કામગીરી સો ટકા પૂર્ણ

## રાજકોટના હીરાસર એરપોર્ટની કામગીરી હવે અંતિમ ચરણમાં

ગુજરાત | વંદન

હીરાસર એરપોર્ટને કાર્યરત કરવા માટે જરૂરી કામગીરી અંતિમ ચરણમાં છે. કન્સ્ટ્રક્શન કામગીરી મોટાભાગની પૂર્ણતાના હારે છે. ૩૦૪૦ x ૪૫ મી. રનવે, એપ્રોન, ટેક્સી વે, બોક્સ કલવર્ટ, આઈસોલેશન બે, ફાયર સ્ટેશન સહિતની કામગીરી સો ટકા પૂર્ણ થઈ ચૂકી છે આ સાથે એ.જી.એલ સબ સ્ટેશન સો ટકા, ગ્રેડિંગ સો ટકા, ઈન્ટર્નલ એપ્રોચ રોડ પૂર્ણ થઈ ગયેલ છે. ઈન્ટ્રીમ ટર્મિનલ બિલ્ડીંગ ૯૫ ટકા પૂર્ણ થયેલ છે. પવન ચક્કીઓ સાત પૈકી ૬ શિફ્ટ થઈ ગયેલ છે. મેઈન એપ્રોચ રોડ પૂર્ણતાના આરે છે. એપ્રોચ રોડ પર પ્લાન્ટેશન કરવામા આવ્યું છે.



કલેક્ટર પ્રભવ જોષીએ રાજકોટ પાસે હીરાસર ખાતે નિર્માણાધિન આંતરરાષ્ટ્રીય ગ્રીનફિલ્ડ એરપોર્ટની કામગીરીની સમીક્ષાર્થે સ્થળ વિઝીટ કરી સંબંધિત વિભાગના અધિકારીઓ સાથે બેઠક કરી હતી. એરપોર્ટ ડાયરેક્ટર લોકનાથ પાધે એ જણાવ્યું હતું કે રનવે ફ્રિકશન ટેસ્ટ પૂર્ણ કરાયું છે. રનવે લાઈટ્સ, સાઈનેજ, આનુસંગિક કામગીરી પૂર્ણ કરી દેવામાં આવ્યા છે કન્સ્ટ્રક્શન સિવાય આનુસંગિક કામગીરીઓમાં જરૂરી સાધનો ફાયર ફાઈટર વ્હીકલ,એમ્બ્યુલન્સ, મેન પાવર CISF રાજકોટ એરપોર્ટ ખાતેથી શિફ્ટ કરાશે. જરૂરી ફર્નિચર માટેની ટેન્ડર પ્રક્રિયા ચાલુ છે. નેશનલ હાઈવેથી એરપોર્ટને જોડતા ઓવર બ્રિજ, રોડ, પાણી પુરવઠો, ગ્રામજનોના સ્થળાંતર તેમજ બાઉન્ડ્રી વોલને લગતા પ્રશ્નોની વહીવટી પ્રક્રિયા વહેલી તકે પૂર્ણ કરવા આ તકે કલેક્ટર પ્રભવ જોશીએ ઉપસ્થિત અધિકારીઓને તાકીદ કરતા જણાવ્યું હતું. આ સાથે હીરાસર એરપોર્ટ આવવા માટે રાજકોટ તેમજ સુરેન્દ્રનગર થી બસની વ્યવસ્થા, પોલીસ ચોકી સહિતની કામગીરી માટે કલેક્ટર દ્વારા જણાવ્યું છે.

12 વર્ષ જૂના કેસમાં કોર્ટનો ચુકાદો, 100 રૂપિયાનું પેટ્રોલ પુરાવી આપી હતી નકલી નોટ

## બનાવટી નોટ કેસમાં સેશન્સ કોર્ટે વકીલેને ફટકારી 10 વર્ષની સજા

ગુજરાત | વંદન

રાજકોટની સેશન્સ કોર્ટે નકલી નોટ કેસમાં વકીલને 50 હજારનો દંડ પણ ફટકાર્યો છે. જો આરોપી દંડ ન ભરે તો વધારાની 1 વર્ષની સખત કેદની સજાનો હુકમ કર્યો છે. સેશન્સ કોર્ટે 23 દસ્તાવેજી પુરાવા અને 11 સાક્ષીઓને તપાસ્યા બાદ આ ચુકાદો આપ્યો છે.

રાજકોટ-અમદાવાદ હાઈવે પર આવેલા યાતાયાત સંગમ પેટ્રોલ પંપ ખાતે ગત 07-12-2011ના રોજ આરોપી અબ્દુલ જમાલ દલપોતરા તેના મોટર સાયકલમાં પેટ્રોલ ભરાવવા ગયો હતો. પેટ્રોલ પંપ ખાતે તેણે રૂ.100નું પેટ્રોલ પૂરાવ્યા બાદ રૂ. 1000ની નોટ આપી હતી. જોકે, પેટ્રોલપંપના કર્મચારીને આ નોટ ખોટી હોવાનું જણાઈ આવતા તેણે આરોપી



(અબ્દુલ જમાલ દલપોતરા) ને પકડી લીધો હતો અને સમગ્ર મામલે કુવાડવા પોલીસને જાણ કરી હતી.

જે બાદ પેટ્રોલ પંપના કર્મચારી ભાવેશભાઈ નડીયાદીએ આરોપી વિરુદ્ધ કુવાડવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે નોટની ખરાઈ કરાવતા 1000ની ચલણી નોટ બનાવટી અને ખોટી હોવાનું માલુમ પડ્યું હતું. તપાસ કરતા આરોપી વાંકાનેરનો રહેવાસી હોવાનું અને વકીલ હોવાનું સામે આવ્યું હતું. જે બાદ આરોપીની ધરપકડ પછી ચાર્જશીટ ફાઈલ કરવામાં આવી હતી.

રાજકોટની સેશન્સ કોર્ટમાં સરકારી વકીલ પરાગભાઈ શાહ હાજર રહ્યા હતા. તેઓએ કુલ 23 દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ હતા અને 11 સાક્ષીઓને તપાસેલા હતા. તેમણે દલીલો કરેલ કે, આરોપી સામે પ્રાઈમાફેસી કેસ છે. આરોપી સામે ભૂતકાળમાં પણ આ પ્રકારના ગુન્હાના કેસો નોંધાયેલા છે જે પણ ધ્યાને લેવા જોઈએ.

તમામ દલીલો ધ્યાને લઇ રાજકોટની સેશન્સ કોર્ટે આરોપી અબ્દુલ જમાલ દોલપાત્રાને 10 વર્ષની સખત કેદની સજા તથા રૂ.50,000 નો દંડ ફટકાર્યો છે. આ ઉપરાંત કોર્ટે કહ્યું છે કે જો આરોપી દંડ ન ભરે તો વધારાની 1 વર્ષની સખત કેદની સજા થઈ શકે છે.

**કવિતાના ઉંબરેથી...**

## હો રાજ મને લાગ્યો કસુંબીનો રંગ...



-ઝવેરચંદ કાળીદાસ મેઘાણી

જનનીના હૈયામાં પોઢંતા પોઢંતા પીધો કસુંબીનો રંગ
ધોળાં ધાવણ કેરી ધારાએ ધારાએ પામ્યો કસુંબીનો રંગ
બહેનીના કંઠે નીતરતાં હાલરડાંમાં ઘોળ્યો કસુંબીનો રંગ
ભીષણ રાત્રિ કેરા પહાડોની ત્રાડોએ ચોળ્યો કસુંબીનો રંગ
દુનિયાના વીરોનાં લીલા બલિદાનોમાં ભભક્યો કસુંબીનો રંગ
સાગરને પારે સ્વાધીનતાની કબરોમાં મહેક્યો કસુંબીનો રંગ
ભક્તોના તંબૂરથી ટપકેલો મસ્તીભર ચાખ્યો કસુંબીનો રંગ
વહાલી દિલદારાના પગની મેંદી પરથી ચૂમ્યો કસુંબીનો રંગ
નવલી દુનિયા કેરાં સ્વપ્નોમાં કવિઓએ ગાયો કસુંબીનો રંગ
મુક્તિને ક્યારે નિજ રક્તો રેડણહારે પાયો કસુંબીનો રંગ
પીડિતની આંસુડા ધારે હાહાકારે રેલ્યો કસુંબીનો રંગ
શહીદોના ધગધગતા નિઃશ્વાસે નિઃશ્વાસે સળગ્યો કસુંબીનો રંગ
ધરતીનાં ભૂખ્યાં કંગાલોને ગાલે છલકાયો કસુંબીનો રંગ
બિસ્મિલ બેટાઓની માતાને ભાલે મલકાયો કસુંબીનો રંગ
ઘોળી ઘોળી પ્યાલા ભરિયા રંગીલાં હો પીજો કસુંબીનો રંગ
દોરંગા દેખીને ડરિયાં ટેકીલાં હો લેજો કસુંબીનો રંગ
રાજ મને લાગ્યો કસુંબીનો રંગ, લાગ્યો કસુંબીનો રંગ

## ગાંધીધામ-બાન્દ્રા ટર્મિનસ વચ્ચે 27 એપ્રિલથી સાપ્તાહિક સમર સ્પેશિયલ ટ્રેન દોડાવાશે

**» આ ટ્રેન બંને તરફ ભચાઉ, સામખિયાળી, ધ્રાંગધ્રા, વિરમગામ, અમદાવાદ, વડોદરા, સુરત, વાપી અને બોરીવલી સ્ટેશનો પર ઉભી રહેશે...**

ગુજરાત | વંદન

પશ્ચિમ રેલવે ગાંધીધામ -બાંદ્રા ટર્મિનસ વચ્ચે સાપ્તાહિક સમર સ્પેશિયલ ટ્રેન દોડાવવા જઈ રહી છે. મહત્વનુ છે કે, પશ્ચિમ રેલવેએ મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને ગાંધીધામ અને બાંદ્રા ટર્મિનસ વચ્ચે વિશેષ ભાડા પર 27 એપ્રિલથી 29 જૂન સુધી સાપ્તાહિક સમર સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લીધો છે.

ટ્રેન નંબર 09416/09415 ગાંધીધામ - બાંદ્રા ટર્મિનસ સુપરફાસ્ટ વીકલી સ્પેશિયલ [20 ટ્રીપ્સ] ટ્રેન નંબર 09416 ગાંધીધામ - બાંદ્રા ટર્મિનસ સુપરફાસ્ટ સ્પેશ્યલ ગાંધીધામથી દર ગુરુવારે 00.30 કલાકે ઉપડી 06.00 કલાકે અમદાવાદ પહોંચશે અને તે જ દિવસે 13.05 કલાકે બાંદ્રા ટર્મિનસ પહોંચશે આ ટ્રેન 27 એપ્રિલથી 29 જૂન 2023 સુધી ચાલશે.ટ્રેન નંબર 09415 બાંદ્રા ટર્મિનસ - ગાંધીધામ સુપરફાસ્ટ સ્પેશિયલ દર ગુરુવારે બાંદ્રા ટર્મિનસથી 15.50 કલાકે ઉપડશે અને 22.35 કલાકે અમદાવાદ પહોંચશે અને બીજા દિવસે 04.15 કલાકે ગાંધીધામ પહોંચશે. આ ટ્રેન 27 એપ્રિલથી 29 જૂન 2023 સુધી ચાલશે. મહત્વનું છે કે, આ ટ્રેન બંને તરફ ભચાઉ, સામાખ્યાલી, ધ્રાંગધ્રા, વિરમગામ, અમદાવાદ, વડોદરા, સુરત, વાપી અને બોરીવલી સ્ટેશનો પર ઉભી રહેશે. એસી 2 ટિયર, એસી 3 ટિયર, સ્લીપર ક્લાસ અને સેકન્ડ ક્લાસના જનરલ કોચ હશે.

**સાબરમતી-ભુજ, ભાવનગર-બાન્દ્રા અને રાજકોટ વચ્ચે ટ્રેનો શરૂ**



આ સાથે પશ્ચિમ રેલવે દ્વારા સાબરમતી-ભુજ, ભાવનગર બાંદ્રા અને રાજકોટ વચ્ચે પણ 3 ટ્રેનો શરૂ કરાઇ છે. ઉનાળુ સ્પેશિયલ ટ્રેન નંબર 09456 ભુજ-સાબરમતી સ્પેશિયલ 7 એપ્રિલ 2023થી 30 જૂન 2023 સુધી દરરોજ ભુજથી 06:50 વાગ્યે પ્રસ્થાન કરી એજ દિવસે 13:30 વાગ્યે સાબરમતી પહોંચશે. રસ્તામાં બંને દિશાઓમાં આ ટ્રેન ચાંદલોડિયા, વિરમગામ, ધ્રાંગધ્રા, હળવદ, માળિયા મિયાણા, સામાખ્યાલી, ભચાઉ, ગાંધીધામ અને અંજાર સ્ટેશનો પર રોકાશે. ટ્રેન નંબર 09456ને આદિપુર સ્ટેશન પર વધારાનું રોકાણ આપવામાં આવ્યું છે. આ ટ્રેનમાં સ્લીપર શ્રેણી અને દ્વિતીય શ્રેણીના સામાન્ય કોચ હશે.

**અનુસંધાન પેજ 01 પરથી...**

### મહારાષ્ટ્રમાં મહાભારત...

ભાજપના ટેકાથી સરકાર રચાઈ હતી. એમ કહેવાયું હતુ કે આ બધુ ભાજપના ઈશારે મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેની મહાઅખાડી સરકારને સત્તાથી દૂર કરવા ઓપરેશન લોટ્સ હાથ ધરાયું હતું. મુખ્યમંત્રી પદેથી દૂર થયેલા ઉદ્ધવ ઠાકરે દ્વારા પોતાની પાર્ટીને બચાવવા અને શિંદે સહીતના બળવાખોર ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવા કાયદાકીય પ્રક્રીયા હાથ ધરાઈ હતી જેની સમગ્ર સુનાવણી દરમિયાન કોર્ટે, વિધાનસભાનું ખાસ સત્ર બોલાવવાના મામલે તત્કાલીન રાજ્યપાલ ભગતસિંહ કોશિયારીની ભારે આલોચના કરી હતી. આ સહિત અન્ય લીગલ કેસનો ચુકાદો ટુંક સમયમાં આવે તેમ છે. અને ચુકાદામાં બળવાખોર સીએમ શિંદેની કુર્સી મુશ્કેલીમાં આવી પડે તેનો અણસાર આવી ગયો હોય તેમ ભાજપે મહારાષ્ટ્રમાં સરકાર ટકાવી રાખવા એનસીપીના અજીત પવાર પર નજર કેન્દ્રીત કરી છે.

નોધનીંય બાબત છે કે અજીત પવારની સામે ઈડી સહિતની તપાસ ચાલી રહી છે. અંદાજે એક હજાર કરોડની કથિત ગેરરીતિનો આક્ષેપ થયો છે. તેમાંથી બચવા અજીત પવાર પોતાની પાર્ટી એનસીપીમાં બળવો કરીને ભાજપની સાથે સરકાર બનાવવા તલપાપડ છે, તેમણે મુખ્યમંત્રી બનવાની એટલી બધી તાલાવેલી લાગી છે કે તેમણે એમ કહ્યું કે 2024માં શું કામ અત્યારેજ મહારાષ્ટ્રનો મુખ્યમંત્રી થવા તૈયાર છું. તેમણો આ નિવેદન એવા સમય આવ્યું છે કે જ્યારે તેવો એનીસીપીથી પોતાના ધારાસભ્યોને લઈને અલગ થવાની વેતરણમાં લાગે છે. દરમિયાનમાં આ સમગ્ર રાજકીય ઉથલપાથલ અને ખેલને લઈને ભાજપા દ્વારા હજુ સુધી કોઈ દાવો પ્રતિદાવો પ્રતિક્રિયા આપવવામાં આવી નથી. અજીત પવાર એનસીપીમાંથી ફરી એવાર અલગ પડી ભાજપ સાથે સરકાર રચવાની હિલચાલ કરી રહ્યાં હોય, મુખ્યમંત્રી શિંદેએ ભાજપાને ચિમકી આપી છે કે જો અજીત પવાર આવશે તો તેવો સરકારમાંથી નિકળી જશે. સરકારમાંથી તેમનુ નિકળવું એટલે મુખ્યમંત્રી પદેથી રાજીનામુ આપવું, જો તેમ થાય તો શિંદે ભૂતપૂર્વ મુખ્યમંત્રી બની જાય. અને તેવા સમયે સત્તામાં ન હોઈ તેવા સમયે ઉદ્ધવ ઠાકરે આણિ મંડળી શિંદે રાજકીય નિશાન બનાવી શકે તેમ છે.

### BJP નેતા...

પોલીસના જણાવ્યા અનુસાર, 14 એપ્રિલ, શુક્રવારે સાંજે દ્વારકાના બિંદાપુર વિસ્તારમાંથી ફાયરિંગની ઘટના પ્રકાશમાં આવી હતી, જ્યાં એક 60 વર્ષીય વ્યક્તિની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, બે હુમલાખોરો, જેમના ચહેરા ઢાંકેલા હતા, મટિયાલાની ઓફિસમાં પહોંચ્યા હતા અને બીજેપી નેતા પર ગોળીબાર કર્યો હતો. ભાગતા પહેલા તેણે મટિયાલા પર 10 રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. સૂત્રોએ જણાવ્યું કે બીજેપી નેતાને હોસ્પિટલમાં મૃત જાહેર કરવામાં આવ્યા હતા. સુરેન્દ્ર મટિયાલા પોતાના પરિવાર સાથે ઉત્તમ નગર વિસ્તારમાં રહેતા હતા. તેઓ નજફગઢ કિસાન મોરચાના સહ-પ્રભારી પણ હતા. તેમણે ભાજપની ટિકિટ પર MCDની ચૂંટણી પણ લડી હતી.

### મમતાએ ઈદના..

ગદ્દાર પાર્ટી છે જેની સાથે મારે લડવાનું છે. મારે એજન્સીઓ સાથે પણ લડવું પડશે. હું તેમની સાથે લડું છું કારણ કે, મારામાં તે કરવાની હિંમત છે. હું નમવા તૈયાર નથી.

ઓવૈસીને બીજેપીના એજન્ટ ગણાવતા મમતા બેનર્જીએ કહ્યું, કોઈ બીજેપી પાસેથી પૈસા લે છે અને કહે છે કે અમે મુસ્લિમ વોટ વહેંચી લઈશું. ચૂંટણીમાં એક વર્ષ બાકી છે. કોણ જીતે છે અને કોણ હારે છે તે જોઈ લઈશું.

### કોહલી જ્યાં..

મેચ માટે આરસીબીના વિરાટ કોહલી સહિત ઘણા પ્રખ્યાત ખેલાડીઓ આઈટી પાર્ક સ્થિત એક પ્રખ્યાત હોટલમાં રોકાયા હતા. પરંતુ ત્યારે જ પોલીસ વિભાગમાં ખળભળાટ મચી ગયો હતો, જ્યારે પોલીસ અધિકારીઓને ખબર પડી કે હિસ્ટ્રીશીટર ગુનેગારો પણ રૂમ બુક કરાવીને આ હોટલમાં રોકાયા છે. જો કે, એસએચઓ આઈટી પાર્ક રોહતાશ યાદવની તત્પરતાને કારણે, લગભગ 10:30 વાગ્યાની આસપાસ, હિસ્ટ્રીશીટ કરનારાઓની અટકાયતી કાર્યવાહી હેઠળ ધરપકડ કરવામાં આવી છે. ધરપકડ કરાયેલા આરોપીઓની ઓળખ રોયલ એસ્ટેટ, જીરકપુરના રહેવાસી રોહિત (33), મોહિત ભારદ્વાજ (33) બાપુધામ કોલોની, ચંદીગઢના રહેવાસી અને ઝજ્જર જિલ્લાના બહાદુરગઢના રહેવાસી નવીન તરીકે કરવામાં આવી છે

## નવતર પ્રયોગ...ગરમીમાં કૂલ...કૂલ... ઠંડા... ઠંડા...



અમદાવાદ, ગાંધીનગર, રાજકોટ, સુરત વગેરે શહેરોમાં ઓટો રિક્ષા એક આગવી ઓળખ બની ગઈ છે. એક રિક્ષા ચાલકે ઉનાળાની કાળઝાળ ગરમીમાં મુસાફરોને રાહત મળે, ઠંડક મળે તે માટે, રિક્ષાની ઉપર કુત્રિમ ઘાસ અને તેમા ફુલો મુકીને એક નવતર પ્રયોગ અમલમાં મુક્યો છે. દેખીતી રીતે જ આવી નવતર રિક્ષામાં બેસવાનો કોઈને પણ ગમી શકે. તસ્વીર : મૌર્ય ભાગ્યવાન

**અનુસંધાન પેજ 10 પરથી...**

### આને કહેવાય..

પાર્ટીનું આયોજન કર્યું હતું. તે માને છે કે, વૃદ્ધ થવું ખરાબ નથી, પણસૌથી મુશ્કેલ ભાગ એ છે કે જ્યારે તમે તમારા બાળકોને તમારી નજર સમક્ષ વરિષ્ઠ નાગરિક9સિનિયર સીટીઝન) બનતા જોશો. તે ખરેખર અઘરું છે.

મૌરીએ ઉલ્લેખ કર્યો છે કે તેઓ હોલીવુડમાં એક સાધન સમારકામની દુકાન ધરાવતા હતા અને તેમના ફાજલ સમયમાં તેમણે ધાતુના ભંગારમાંથી શિલ્પ બનાવ્યું હતું.એક ગેલેરીના માલિકે તેના કામ પર એક નજર નાખી, ગુણવત્તા જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા, અને મોરીના ચાઈનાટાઉન ગેલેરીમાં સૌપ્રથમવાર આર્ટ પ્રદર્શનનું આયોજન કર્યું હતું.

હું એક સમજદાર માણસ છું," મોરીએ ગયા ઓગસ્ટમાં લખ્યું હતું. "હું દરરોજ વર્તમાન જીવલેણ કોરોનાવાયરસથી સંક્રમિત ન થવા માટે તમામ સલાહ આપવામાં આવેલી સાવચેતી રાખીશ.. વર્તમાન વાયરસ એટલે કે કોરોના 1918 ઈન્ફ્લ્યુએન્ઝા રોગચાળા કરતાં વધુ ઘાતક છે....!

**અનુસંધાન પેજ 12 પરથી...**

### ભાજપના સાંસદ...

સામાન ચોરાઈ ગયો છે. આ તિજોરીઓમાં રોકડ રકમ સહિત 9 લાખ રૂપિયા સુધીનો સામાન ચોરાઈ ગયો છે. અહીં ચાંદીના સિક્કાઓ, 2 બિસ્કિટ, 4 ગ્લાસ, 2 થાળી, 4 વાટકી અને 2 ચમચીઓ મળીને અંદાજે 6 કિલો ચાંદીની ચોરી થઈ ગઈ હતી. ચાંદીની વસ્તુઓ ચોરાઈ એની કિંમત લગભગ 4 લાખ 20 હજાર રૂપિયા સુધી આંકવામાં આવે છે.

અમદાવાદમાં ગરમીથી મળશે થોડી રાહત

## દક્ષિણ ગુજરાતમાં કમોસમી વરસાદનું સંકટ યથાવત



ગુજરાત | વંદન

રાજ્યમાં કાળઝાળ ગરમી સાથે દક્ષિણ ગુજરાતમાં કમોસમી વરસાદનું સંકટ તોળાયું છે. હવામાન વિભાગે દક્ષિણ ગુજરાતમાં માવઠાની આગાહી કરી છે.

હવામાન વિભાગ અનુસાર, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે કમોસમી વરસાદ રહેશે. દક્ષિણ ગુજરાતમાં પણ માવઠાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. જો કે અમદાવાદ, ગાંધીનગર, વડોદરા સહિત શહેરોમાં કાળઝાળ ગરમી યથાવત રહેશે. રાજ્યમાં મોટા ભાગના વિસ્તારમાં 40થી 41 ડિગ્રી તાપમાન રહેશે.

ગુજરાતમાં ગઈકાલે ગરમીથી આંશિક રાહત અનુભવાયો હતો. રાજ્યના મોટાભાગના શહેર-જિલ્લામાં તાપમાનનો પારો 39 ડિગ્રીથી નીચે રહ્યો હતો. અમરેલી અને અમદાવાદ કે, જ્યા 39થી 41 ડિગ્રીની આસપાસ મહત્તમ તાપમાન નોંધાતું હતું. ત્યા 38 ડિગ્રીની આસપાસ તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગની આગાહી અનુસાર 22 એપ્રિલના રોજ રાજ્યના વિવિધ ભાગોમાં વરસાદ પડવાની શક્યતા છે.

ગુજરાતમાં અમદાવાદ, રાજકોટ, અમરેલી, ભાવનગર, અને કચ્છ પંથકમાં ભારેથી હળવો વરસાદ પડી શકે છે. 23થી 26 એપ્રિલ દરમ્યાન રાજ્યનું વાતાવરણ સુકુ રહેવાની શક્યતા હવામાન વિભાગે દ્વારા વ્યકત કરવામાં આવી છે.

## ગોધરામાં ટ્રકચાલકે એક્ટિવાને અડફેટમાં લેતા પોલીસકર્મીનું મોત



ગુજરાત | વંદન

પંચમહાલમાં એક માર્ગ અકસ્માતમાં પોલીસકર્મીનું મોત થયું છે. વાત જાણે એમ છે કે, ગોધરા બીવી ગાંધી પેટ્રોલપંપ પાસે એક બેફામ ટ્રકે એક્ટિવાને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. આ તરફ વિગતો મુજબ આ અકસ્માતમાં એક પંચમહાલ ડીએસપી ઓફિસમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારીનું મોત થયું છે.

રાજ્યમાં શનિવારે વધુ એક અકસ્માતની ઘટના સામે આવી છે. પંચમહાલ જિલ્લાનાં ગોધરાનાં બીવી ગાંધી પેટ્રોલપંપ પાસે એક ટ્રકે એક્ટીવાને અડફેટે લીધી હતી. જોકે બેફામ ટ્રકની ટક્કરે પંચમહાલ DSP ઓફિસમાં રીડર શાખામાં ફરજ બજાવતા પોલીસકર્મી પ્રભાતસિંહનું મોત નિપજ્યું હતું. આ તરફ પોલીસ કર્મીના અવસાનને લઈ પરિવારજનો અને પોલીસબેડામાં શોકનો માહોલ વ્યાપી ગયો છે.

## ઉત્તરપ્રદેશના મંત્રી દાવો- વિપક્ષે કરાવી માફિયા ડોન અતીક અને તેના ભાઈની હત્યા

**કેટલાક ગંભીર રહસ્યો પરથી પડદો ઉઠવાનો હતો તેથી વિપક્ષે અતીકની હત્યા કરાવી નાખી**

ગુજરાત | વંદન

કુખ્યાત માફિયા ડોન અતીક અહેમદ અને તેના ભાઈ અશરફની હત્યાના સંદર્ભમાં ઉત્તર પ્રદેશ સરકારના મંત્રી ધરમપાલ સિંહે શનિવારે એક સનસનીખેજ દાવો કર્યો છે. ધરમપાલ સિંહનું કહેવું છે કે, અતીક અહેમદની હત્યા પાછળ વિપક્ષનો હાથ છે. અતીક અને અશરફની 15 એપ્રિલે પ્રયાગરાજમાં કોલ્વિન હોસ્પિટલની બહાર ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી હતી.

ચંદૌસીમાં મીડિયા સાથે વાત કરતા મંત્રી ધરમપાલ સિંહે જણાવ્યું કે, અતીક અહેમદની હત્યા કરાવવાનું કામ વિપક્ષનું છે. કેટલાક ગંભીર રહસ્યો પરથી પડદો ઉઠવાનો હતો તેથી વિપક્ષે અતીકની હત્યા કરાવી નાખી. અતીક અને અશરફની હત્યા બાદ સમાજવાદી પાર્ટી, બસપા, કોંગ્રેસ સહિત તમામ વિપક્ષી પાર્ટીઓએ યુપી સરકાર પર નિશાન સાધ્યું હતું. આ પહેલા અતીકના પુત્ર અસદનું પણ યુપીના ઝાંસીમાં એસટીએફની ટીમે એન્કાઉન્ટર કરી દીધુ હતું. સપા પ્રમુખ



અખિલેશ સહિત વિપક્ષી પાર્ટીઓના નેતાઓએ તે એન્કાઉન્ટર પર પણ સવાલો ઉઠાવ્યા હતા.

અતીક અને અશરફની હત્યા બાદ શાઈસ્તા પરવીનની શોધ ચાલી રહી છે. શાઈસ્તા અતીકની પત્ની છે અને ઉમેશ પાલ હત્યા કેસમાં ફરાર છે. આ ઉપરાંત ગુડ્ડુ મુસ્લિમની પણ તલાશ ચાલુ છે. બંનેને શોધવા માટે પ્રયાગરાજ સહિત અન્ય જિલ્લાઓમાં પોલીસ ડ્રોન સહિત અન્ય પદ્ધતિઓ દ્વારા સર્ચ ઓપરેશન ચલાવી રહી છે. એવી અટકળો વહેતી થઈ હતી કે, શાઈસ્તા ટૂંક સમયમાં કોર્ટ સામે સરેન્ડર કરી શકે છે પરંતુ અતીકના વકીલ વિજય મિશ્રાએ આ અટકળોને અફવા ગણાવીને ફગાવી દીધી હતી. વિજય મિશ્રાનું કહેવું છે કે જ્યારે પણ કોઈ વ્યક્તિ સરેન્ડર કરે છે ત્યારે તેણે પહેલા કોર્ટમાં અરજી કરવી પડે છે. શાઈસ્તા દ્વારા અત્યાર સુધી આવી કોઈ અરજી દાખલ કરવામાં નથી આવી.

નોંધનીય છે કે, યુપીના પ્રયાગરાજમાં એક સમયે અતીક અહેમતનું આતંક હતું તેના પર લૂંટ, મર્ડર, વસુલી સહિત 100થી વધારે કેસ નોંધાયેલા છે. ઉમેશપાલની હત્યાકાંડ બાદ તેના પુત્ર અસદનું એન્કાઉન્ટર કરવામાં આવ્યું હતું. તેના બે દિવસ પછી અતીકનું પણ હત્યા કરવામાં આવી હતી.

# ઈલેક્ટ્રીક બેટરી સંચાલિત ઉદ્યોગો માટે ચીન દરવાજા ખોલવા તૈયાર?

■ વિશ્વભરના કાર ઉત્પાદકો શાંઘાઈ ઓટો શો માટે ઉત્સાહી...

ગુજરાત | વંદન

ચીનના કડક શૂન્ય-COVID પ્રતિબંધોને કારણે ગયા વર્ષે રદ કરવામાં આવ્યા બાદ, વિશ્વભરના કાર ઉત્સાહીઓ માટે શાંઘાઈ ઓટો શો તેના દરવાજા ફરીથી ખોલી રહ્યો છે. આ કાર્યક્રમમાં ભાગ લેનાર કેટલાક ચાઈનીઝ અને વિદેશી ઓટોમેકર્સ તેમના નવીનતમ મોડલ અને ટેક્નોલોજી, ખાસ કરીને ઈલેક્ટ્રિક વાહનો (EVs)નું અનાવરણ કરીને મુલાકાતીઓને પ્રભાવિત કરવાની તૈયારી કરી રહ્યા છે.

BYD, Geely અને Nio સહિતની ચાઈનીઝ કંપનીઓ અસંખ્ય ઈલેક્ટ્રિક વાહનો પ્રદર્શિત કરશે, જેની સાથે તેઓ વિશ્વના સૌથી મોટા ઓટો અને ઈવી માર્કેટમાં તેમની પહેલાથી જ મજબૂત સ્થિતિને મજબૂત કરવાનો ઉદ્દેશ્ય ધરાવે છે. આ દર્શાવે છે કે, કેવી રીતે કાર ઉત્પાદકોની મહત્વાકાંક્ષી ઈ-મોબિલિટી યોજનાઓ અને આબોહવા પરિવર્તન પર વધતી જતી ચિંતાઓની પૃષ્ઠભૂમિ સામે વિશ્વભરની સરકારોના સમર્થન વચ્ચે વૈશ્વિક ઓટો દ્રશ્યમાં EVs કેવી રીતે શોમાં આવી રહ્યા છે.

યુનાઈટેડ સ્ટેટ્સમાં બિડેન વહીવટીતંત્ર, ઉદાહરણ તરીકે, ઓટોમોબાઈલ્સમાંથી પ્રદૂષણ ઘટાડવા માટે નવા નિયમોની દરખાસ્ત કરી રહ્યું છે જેમાં 2032 સુધીમાં યુનાઈટેડ સ્ટેટ્સમાં વેચાયેલા નવા વાહનોના બે તૃતીયાંશ વાહનોની જરૂર પડશે. વર્તમાન ઈલેક્ટ્રિક વાહનોના વેચાણ કરતાં આ લગભગ દસ ગણો વધારો હશે. દરમિયાન, EU 2035 થી સમગ્ર બ્લોકમાં નવી પેટ્રોલ અને ડીઝલ કારના વેચાણ પર અસરકારક રીતે પ્રતિબંધ મૂકીને EVs પર સ્વિચને વેગ આપવાનું લક્ષ્ય રાખે છે. EV બેટરીની માંગ આકાશને આંબી રહી છે

એક અંદાજ છે કે, વિશ્વના ટોચના ઓટોમેકર્સ 2030 સુધીમાં EVs અને બેટરીઓમાં આશરે




$1.2 ટ્રિલિયન (€1.08 ટ્રિલિયન)નું રોકાણ કરવાની યોજના ધરાવે છે. અને ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી અનુસાર, વિશ્વભરમાં કુલ ઓટો વેચાણમાં બેટરીથી ચાલતી કારનો હિસ્સો 2021માં લગભગ 10%થી વધીને 2030 સુધીમાં 60%થી વધુ થઈ જશે.

આ તમામ લાખો વાહનોને ઘણી બધી બેટરીની જરૂર પડશે - ઈલેક્ટ્રિક વાહનમાં સૌથી મોંઘા ઘટક, તેની કિંમતના લગભગ 30-40% જેટલો હિસ્સો ધરાવે છે. માંગમાં અપેક્ષિત વધારાને જોતાં, સરકારો અને કંપનીઓ પર્યાપ્ત પુરવઠો સુરક્ષિત કરવા માટે દોડધામ કરી રહી છે. પરંતુ જ્યારે બેટરી ટેક્નોલોજીની વાત આવે છે ત્યારે એક દેશ સ્પષ્ટપણે મોખરે છેઃ ચીન

બ્લૂમબર્ગએનઈએફ અનુસાર, એશિયન જાયન્ટ બેટરી ઉત્પાદનમાં પ્રભુત્વ ધરાવે છે, જે વૈશ્વિક ઉત્પાદન ક્ષમતાના લગભગ 75% હિસ્સો ધરાવે છે. ચાઈનીઝ કંપનીઓ પુરવઠા શૃંખલાના વિવિધ તબક્કાઓને પણ નિયંત્રિત કરે છે - માઈનિંગ અને રિફાઈનિંગથી લઈને અંતિમ એસેમ્બલી સુધી.

આ ક્ષેત્રમાં ચીનનું વર્ચસ્વ એ હકીકત પરથી ઊભું છે કે, ચીનની સરકારે વર્ષોથી ઈલેક્ટ્રિક વાહન ટેક્નોલોજીને પ્રાથમિકતા આપી છે, આ ક્ષેત્રને ટેકો આપવા માટે સરકારી સબસિડી અને ટેક્સ બ્રેક્સમાં અબજો ડોલરનો ખર્ચ કર્યો છે. તેણે EV ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સ્થાપનાને પણ પ્રોત્સાહન આપ્યું છે અને લોકોને કમ્બશન એન્જિન કારને બદલે ઈવી ખરીદવા માટે પ્રોત્સાહિત કર્યા છે.

# લોન લેનારાઓને RBIએ આપી મોટી રાહત

■ દેશની સેન્ટ્રલ બેંકે પીનલ ચાર્જીસ અંગે નવો ડ્રાફ્ટ તૈયાર કર્યો

ગુજરાત | વંદન

શું તમે પણ સમયસર લોનના હપ્તા એટલે કે EMI ચૂકવવાનું ચૂકી ગયા છો? જો એમ હોય તો આ સમાચાર તમારા કામના છે. ભારતીય રિઝર્વ બેંક એટલે કે RBI એ વિવિધ બેંકો અને નાણાકીય સંસ્થાઓ પાસેથી લોન લેતા લોકોને મોટી રાહત આપવા માટે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. લોન સંબંધિત મામલામાં ગ્રાહકોને વધુ પારદર્શિતા આપવા માટે દેશની સેન્ટ્રલ બેંકે પીનલ ચાર્જીસ અંગે નવો ડ્રાફ્ટ તૈયાર કર્યો છે.

બેંકો અથવા નાણાકીય સંસ્થાઓ અથવા નોન-બેંકિંગ ફાઈનાન્સિયલ કંપનીઓ (NBFCs) અને હાઉસિંગ ફાઈનાન્સ કંપનીઓ (HFCs) જો લોનની રકમ નિર્ધારિત સમય અથવા વિલંબ પર ચૂકવવામાં ન આવે તો ચક્રવૃદ્ધિ સાથે જંગી વ્યાજ વસૂલ કરે છે. આ તમામ પાસાઓને ધ્યાનમાં રાખીને RBIએ નવો ડ્રાફ્ટ તૈયાર કર્યો છે. નિષ્ણાતોનું કહેવું છે કે, આરબીઆઈના આ નવા નિયમથી લોન લેનારાઓને ઘણો ફાયદો થશે. પોતાની દલીલ વ્યક્ત કરતાં તેમણે કહ્યું કે, ઘણી બેંકો હવે ચુકવણીમાં વિલંબ માટે દંડના ચાર્જને




બદલે દંડનીય વ્યાજ વસૂલશે.

આરબીઆઈના ડ્રાફ્ટમાં બેંકો અને અન્ય નાણાકીય સંસ્થાઓ દ્વારા વસૂલવામાં આવતા દંડના ચાર્જ, મોડી ચૂકવણી પર વ્યાજ દર, જોરદાર પેનલ્ટી ચાર્જના નિયમો અને શરતો, નિયમન કરેલા આદેશો અનુસાર વ્યાજ દરમાં સુધારો અને ઘણું બધું સામેલ છે.

સેન્ટ્રલ બેંકની વેબસાઈટ પર તાજેતરના નોટિફિકેશનમાં આરબીઆઈએ બેંકો, એનબીએફસી અને હાઉસિંગ ફાઈનાન્સ કંપનીઓ (એચએફસી)ને 15 મે સુધીમાં આ ડ્રાફ્ટ પર પોતાનો અભિપ્રાય આપવા જણાવ્યું છે. પેનલ્ટી ચાર્જિસ અંગે શું બદલાશે - તાજેતરના ડ્રાફ્ટમાં RBIનું ફોકસ પેનલ્ટી ચાર્જીસ પર વધુ રહ્યું છે. સેન્ટ્રલ બેંકે નોંધ્યું છે કે, બેંકો તેમની આવક વધારવા માટે દંડ લાદવા માટે આરબીઆઈ દ્વારા આપવામાં આવેલી સ્વતંત્રતાનો દુરઉપયોગ કરી રહી છે.

બીએસઈ અને એનએસઈ બન્ને પર અસર


# શેરબજારમાં 9 મહિનામાં 53 લાખ લોકોએ ટ્રેડીંગ છોડયું

■ નેશનલ સ્ટોક એકસચેંજમાં માર્ચના અંતે 3.27 કરોડ એકટીવ કલાયન્ટ રહ્યાં, બન્ને એકસચેંજમાં કેશ ટ્રેડીંગ પણ ઘટયું

ગુજરાત | વંદન

એક તરફ ભારતીય શેરબજારમાં અનિશ્ચિતતાની સ્થિતિ છે તેમ છતાં પણ શેર બ્રોકર્સ નવા ડિમેટ એકાઉન્ટ ખોલવામાં વ્યસ્ત છે પરંતુ તેની સાથોસાથ બ્રોકર્સના જુના ગ્રાહકો ગુમાવી રહી હોવાનો સંકેત છે. લાંબા સમયથી ભારતીય શેરબજારમાં નેગેટીવ રીટર્ન અથવા કોઈ રીટર્ન ન મળતું હોય

તેવી પરિસ્થિતિ છે અને નેશનલ સ્ટોક એકસચેંજનો લેટેસ્ટ ડેટા દર્શાવે છે કે એકસચેંજ પર એકટીવ કલાઈન્ટની સંખ્યા છેલ્લા 9 માસમાં 53 લાખ ઘટી છે. અને એનએસઈ પર માર્ચ માસના અંતે એકટીવ કલાઈન્ટથી સંખ્યા 3.27 કરોડ રહી છે જે ગત જુન 2022માં 3.80 કરોડ હતી. ખાસ કરીને રીટેલ રોકાણકારો હવે માર્કેટમાં ટ્રેડીંગ માટે બહુ આતુર નથી અને રીટેલ ઈન્ફલો નાણાકીય વર્ષ 2023માં રૂા.49200 કરોડ




નોંધાયો છે. જે છેલ્લા ત્રણ વર્ષમાં સૌથી ઓછો છે નાણાકીય વર્ષ 2021-22માં તે ઈન્ફલો રૂા.1.65 લાખ કરોડ હતો અને 20-21માં 68400 કરોડ હતો.

કેસ માર્કેટમાં બંને એકસચેંજ એટલે કે બીએસઈ અને એનએસઈનું ટર્નઓવર 29 ટકા ઘટયું છે જે માર્ચ 2023માં વર્ષથી વર્ષના ધોરણે રૂા.23700 કરોડ ઘટયું છે. હવે જોકે ડિમેટ એકાઉન્ટ ખોલવાની પ્રક્રિયા પણ ધીમી થઈ ગઈ છે. માર્કેટના ઈનસાઈડર કહે છે કે બુલ માર્કેટ અને નાની મુડી સાથે આવનાર રોકાણકારો હવે ઘટી ગયા છે.

# પહેલી મેથી ટાટા મોટર્સ પેસેન્જર વાહનોની કિંમતમાં વધારો કરશે




ગુજરાત | વંદન

નવી કાર ખરીદવાની ઈચ્છા ધરાવતા લોકો માટે એક માઠા સમાચાર છે. અગ્રણી કાર કંપની ટાટા મોટર્સે આગામી 1 મે, 2023થી તેની પેસેન્જર વ્હિકલની કિંમતમાં વધારો કરવાની ઘોષણા કરી છે. આ સાથે કંપની ચાલુ કેલેન્ડર વર્ષ 2023માં ત્રીજી વખત વાહનોની કિંમત વધારી રહી છે. અત્રે નોંધનીય છે કે કંપનીએ 1 એપ્રિલના રોજ તેના કોમર્શિયલ વ્હિકલની કિંમત 5 ટકા વધારી હતી.ટાટા મોટર્સ દ્વારા જારી કરાયલા એક નિવેદન અનુસાર 1 મે, 2023ના રોજથી તેના પેસેન્જર વ્હિકલ્સની કિંમતમાં સરેરાશ 0.6 ટકાનો વધારો કરવામાં આવશે. વાહનોની કિંમતમાં વૃદ્ધિ તેને મોડલ અને વેરિયન્ટ અનુસાર અલગ-અલગ હશે. આમ કંપની દ્વારા પેસેન્જર વ્હિકલની કિંમત ચાલુ કેલેન્ડર વર્ષ 2023માં બીજી વખત વધારવામાં આવી રહી છે. કંપનીએ અગાઉ ફેબ્રુઆરીમા તેના પેમેન્જર વ્હિકલની કિંમત વધારી હતી.

# ઉબેરના CEOએ સામાન્ય ડ્રાઈવર બનીને પડતી મુશ્કેલીઓની જાત માહિતી મેળવી

■ ઉબેરના ડ્રાઈવરો સાથે ગ્રાહકનું વર્તન સહીત કેટલીક બાબતોની જાતે ચકાસણી કરી

ગુજરાત | વંદન

જો તમે શહેરમાં રહો છો તો ક્યારેક ને ક્યારે ઓનલાઈન ટેક્સીનો ઉપયોગ તમે પણ કર્યો હશે. તેમાં તમે ઓલા-ઉબર જેવી કંપનીઓ ખૂબ જ ચર્ચામાં રહે છે. આ દરમિયાન અનેકવાર કેબ કંપની દ્વારા ઓવરચાર્જ કરવા, ડ્રાઈવરો સાથે સમસ્યાઓનો સામનો કરવો અને આ પ્રકારની અનેક ઘટનાઓ વિશે તમે સાંભળ્યું હશે પણ કેબ ડ્રાઈવરને થતી તકલીફો વિશે ઓછી જ ચર્ચા થાય છે. ઉબેરના ડ્રાઈવરો સામે આવતા પડકારોને ઊંડેથી જાણવા માટે કંપનીના સીઈઓ દારા ખોસરોશાહીએ આ દિશામાં એક મોટું પગલું ભર્યું હતું.

ખરેખર તો ઉબરના ડ્રાઈવરો અને સર્વિસ એજન્ટ્સની લાઈફમાં દરરોજ આવતા પડકારોને સારી રીતે સમજવા માટે તે પોતે જ એક ઉબર ડ્રાઈવર બની ગયા અને માર્ગો પર ટેક્સી પણ દોડાવી હતી. ઉબેરનું લગભગ 5 વર્ષ સુધી સંચાલન કર્યા બાદ દારા ખોસરોવશાહીએ સપ્ટેમ્બરમાં એક જૂની ટેસ્લા કાર ખરીદી અને પછી તેઓ સાન ફ્રાન્સિસ્કોના માર્ગો પર મુસાફરોને ટ્રિપની મજા આપવા અને ડ્રાઈવરોને થતી તકલીફોને સમજવા નીકળી પડ્યા. આ દરમિયાન તેમણે લાંબા સમય સુધી કાર ચલાવીને અને ડ્રાઈવરોને ટ્રિપ દરમિયાન આવતી તકલીફોને સમજી હતી. તેમણે લગભગ 100 જેટલી રાઈડ અને ડિલીવરી કરી હતી. મોટાભાગના લોકો તેમને




ઓળખી જ શક્યા નહોતા.

ખોસરોવશાહીએ આ દરમિયાન નોંધ લીધી કે જ્યારે તેમણે એક ટ્રિપ કેન્સલ કરી તો ઉબર દ્વારા તેમના પર દંડ ફટકારાયો હતો. હું તેનાથી ખૂબ જ ગુસ્સે થઈ ગયો હતો. અસભ્ય વર્તન અને ઓછું ભાડું ચૂકવતા ગ્રાહકોનો સામનો કરવાનો અનુભવ પણ તેમણે શેર કર્યો. તેમણે કહ્યું કે જ્યારે મારી ટ્રિપ પુરી થઈ તો અનેક ગ્રાહકો એવા હતા જેમણે મને ખૂબ જ ઓછું ભાડું ચૂકવ્યું. તેમણે કહ્યું કે એક ડ્રાઈવર તરીકે ઉબર એપમાં સાઈન ઈન કરવાની પ્રક્રિયા પણ ખૂબ જ જટિલ હતી. ગ્રાહકોને ડ્રોપ કર્યા બાદ અનેકવાર તેઓ ટ્રાફિકમાં ફસાઈ જતા હતા અને લાંબા સમય સુધી તેમણે ટ્રાફિક જામનો સામનો કરવો પડ્યો હતો. તેમણે કહ્યું કે ડ્રાઈવર તેમના કસ્ટમરના ડ્રોપ લોકેશનને જોઈ શકતા નથી. આ ઉપરાંત ટ્રિપને સ્ટાર્ટ કરતા પહેલા ડ્રાઈવરને તેના અંદાજિત ભાડાની વિગતો પણ મળતી નથી. તેનાથી ડ્રાઈવરોને એ ખબર જ પડતી નથી કે જે ટ્રિપ પર તે જઈ રહ્યા છે તેનાથી તેમને કેટલા પૈસા મળશે.

આ મામલે જ્યારે ખોસરોવશાહી કહે છે કે મને લાગે છે કે ઓનલાઈન કેબના બિઝનેસમાં ડ્રાઈવરોને હળવાશથી લેવામાં આવે છે તેમને ગંભીરતાથી લેવામાં આવતા નથી. મેં અગાઉ ક્યારેય કેબ ચલાવી નહોતી કેમ કે આ મારી પ્રાથમિકતા નહોતી. હંમેશા ડ્રાઈવરોની અછત તો વર્તાતી જ રહે છે.

# ઝી એન્ટરટેઈન્ટમેન્ટમાંથી ઈન્વેસ્કોએ 5.11% હિસ્સો વેચ્યો

ગુજરાત | વંદન

અગ્રણી એસેટ્સ મેનેજમેન્ટ કંપની ઈન્વેસ્કોએ ટેલિવિઝન કંપની ઝી એન્ટરટેઈન્મેન્ટ એન્ટરપ્રાઈસ લિમિટેડમાં રહેલો પોતાનો સંપૂર્ણ હિસ્સો વેચીને બહાર થઈ ગઈ છે.

પ્રાપ્ત માહિતી મુજબ ઈન્વેસ્કોએ ZEE લિમિટેડમાં રહેલો પોતાનો સંપૂર્ણ 5.11 ટકા હિસ્સો 1004 કરોડમાં વેચી લીધો છે. આ શેરહોલ્ડિંગના વેચાણ સાથે ઈન્વેસ્કોએ ઝી કંપનીમાંથી સંપૂર્ણપણે એક્ઝિટ કરી છે.

ઈન્વેસ્કો દ્વારા ZEE કંપનીના વેચવામાં આવેલા શેર સેગન્ટી ઈન્ડિયા મોરેશિયસ, મોર્ગન સ્ટેનલી એશિયા સિંગાપોર Pte અને Goldman Sachs Singapore Pte ODI એ ખરીદ્યા છે.

અમેરિકા સ્થિત ઈન્વેસ્ટમેન્ટ ફર્મ ઈન્વેસ્કોએ તેની ફર્મ OFI ગ્લોબલ ચાઈના ફંડ એલએલસી દ્વારા ઝી એન્ટરટેઈનમેન્ટ એન્ટરપ્રાઈઝ લિમિટેડ (ZEEL) ના શેર વેચ્યા છે.

BSE પાસે ઉપલબ્ધ બલ્ક ડીલના આંકડા અનુસાર OFI ગ્લોબલ ચાઈના ફંડે 4.91 કરોડથી વધુ શેર વેચ્યા છે, જેનો કંપનીમાં 5.11 ટકા હિસ્સો છે.

ઈન્વેસ્કો એ ZEE લિમિટેડના શેર સરેરાશ 204.50 રૂપિયા પ્રતિ ઈક્વિટી શેરના ભાવે વેચ્યા છે, આ ધોરણે તેની ટ્રાન્ઝેક્શન વેલ્યુ 1,004.34 કરોડ જેટલી થાય છે. માર્ચ ક્વાર્ટર સુધીમાં OFI ગ્લોબલ ચાઈના ફંડ પાસે ZEE લિમિટેડ કંપનીમાં 4.91 કરોડથી વધુ ઈક્વિટી શેર હતા, જે મુંબઈ સ્થિત મીડિયા અને મનોરંજન કંપનીમાં 5.11 ટકા હિસ્સાની સમકક્ષ છે.



# 200 મેગાવોટથી વધુની કાર્યરત ક્ષમતા સાથેના વીજ પ્લાન્ટ સાથે અદાણી ગ્રીન 'વોટર પોઝીટીવ' બની

ગુજરાત | વંદન

વિશ્વની સૌથી મોટી સોલાર પાવર ડેવલપર અને વૈવિધ્યસભર અદાણી પોર્ટફોલિયો કંપનીઓના રિન્યુએબલ એનર્જીનો એક હિસ્સો અદાણી ગ્રીન એનર્જી લિ.(AGEL) ને ઈન્ડિપેન્ડન્ટ ગ્લોબલ એસ્યોરન્સ એજન્સી, DNV દ્વારા "વોટર પોઝિટિવ" પ્રમાણિત કરવામાં આવી છે. વેરિફિકેશન સ્ટેટમેન્ટમાં દર્શાવ્યા મુજબ AGELનો જળ સંચય વપરાશ કરતાં વધારે છે.

AGELની ૨૦૦ મેગાવોટ ક્ષમતા કરતાં વધુની તામિલનાડુ, રાજસ્થાન, કર્ણાટક, ગુજરાત અને આંધ્ર પ્રદેશ ખાતે કાર્યરત સાઈટ્સ ખાતે DNV એ જળ સંતુલન સૂચકાંકનું ગુણાત્મક અને જથ્થાત્મક મૂલ્યાંકન કર્યું હતું. તદનુસાર જળ સંતુલન સૂચકાંક ૧.૧૨ (પોઝિટિવ) છે, જે નિયત સમય અગાઉ નાણા વર્ષ-૨૫ સુધીમાં નેટ વોટર ન્યુટ્રલ બનવાના લક્ષ્યાંકને કંપની પાર કરી રહી છે.

આ ચકાસણી પ્રક્રિયામાં નમૂના-આધારિત તપાસણી અને અદાણી ગ્રીન એનર્જી લિ. દ્વારા અપનાવવામાં આવેલી પાણીના હિસાબની પ્રક્રિયામાં સામેલ પદ્ધતિઓમાં માપણીની ટેકનીક, અંદાજની પદ્ધતિઓ, ધારણાઓ અને અનિશ્ચિતતાઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત DNV એ વિવિધ પ્લાન્ટની સાઈટ ઉપર પાણીના સંતુલનની વિગતો અને જથ્થાબંધ પદ્ધતિની ડેસ્ક સમીક્ષા પણ કરી હતી અને આ તમામ સાઈટ્સ પર વરસાદી પાણીના રિચાર્જ માટેના ખાડાઓ અને સંગ્રહ તળાવો જેવા વરસાદી જળ સંચયની વ્યવસ્થાની પણ સમીક્ષા કરી હતી. તમિલનાડુ, છત્તીસગઢ, રાજસ્થાન અને ગુજરાતમાં વોટર ક્રેડિટ સ્ટ્રક્ચર્સની ઓનસાઈટ ચકાસણી એજન્સીએ કરી હતી.

વોટર ક્રેડિટ અને વોટર ડેબિટ વચ્ચેનો તફાવત વોટર બેલેન્સ દર્શાવે છે જ્યારે વોટર ક્રેડિટ એ કંપની દ્વારા સંગ્રહિત વરસાદી પાણી અને ભૂગર્ભ જળ રિચાર્જ જથ્થાના અંદાજિત મીટરના જથ્થાનો સરવાળો છે, જે ચોક્કસ સ્ત્રોત અભિગમ મારફત અંદાજિત મીઠા પાણીના વપરાશને બદલે છે. વોટર ડેબિટ એ કંપનીના સોલાર અને વિન્ડ ઓપરેશનલ પ્લાન્ટમાં અંદાજિત મીટર તાજા પાણીના ઉપયોગનું પ્રમાણ દર્શાવે છે.

એક મહિનામાં તુવેરના ભાવમાં 10 રૂપિયાનો વધારો

# દાળના વધતા ભાવથી દેશમાં સામાન્ય લોકો ભારે પરેશાન



■ જાહેર કરેલ સ્ટોક-આયાત વચ્ચેનો તફાવત ઘણો મોટો છે, સરકાર વધુ કડક વલણ અપનાવી શકે છે

ગુજરાત | વંદન

દેશમાં સામાન્ય જનતા મોંઘવારીનો માર સહન કરી રહી છે. સ્થિતિ એ છે કે છેલ્લા એક મહિનામાં તુવેર (અરહર)ના ભાવમાં 10 રૂપિયાનો વધારો થયો છે. દાળના વધતા ભાવથી સરકાર પણ ચિંતિત છે. ગ્રાહક બાબતોના મંત્રાલયના જણાવ્યા અનુસાર, દિલ્હીમાં 15 માર્ચે તુવેર દાળની સરેરાશ કિંમત 110 રૂપિયા હતી, જે 17 એપ્રિલે વધીને 120 રૂપિયા થઈ ગઈ છે. એ જ રીતે 15 માર્ચે મુંબઈમાં તુવેરની કિંમત 141 રૂપિયા પ્રતિ કિલો હતી, જે વધીને 146 રૂપિયા થઈ ગઈ છે. હાલ તુવેર દાળનો મહત્તમ ભાવ રૂ.161 પ્રતિ કિલો છે.

દાળના ભાવ કેમ વધી રહ્યા છે

કર્ણાટક, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ મુખ્ય કઠોળ ઉત્પાદક રાજ્યો છે. કર્ણાટકમાં દુષ્કાળ અને મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાં અકાળ વરસાદને કારણે પાક નિષ્ફળ ગયો. ખરીફ પાકમાં કઠોળના ઉત્પાદનના અંદાજિત આંકડા અનુસાર, 2020-21માં 43 લાખ ટન તુવેર દાળનું ઉત્પાદન થયું હતું. જ્યારે વર્ષ 2021-22માં 42 લાખ ટન. આ વર્ષે 2022-23માં 36 લાખ ટન ઉત્પાદન થવાની ધારણા છે

સ્ટોકિસ્ટો, આયાતકારો અને વેપારીઓને સ્ટોક ડિસ્ક્લોઝર માટે સતત પૂછવા પર, કેટલાક સ્ટોક બહાર આવ્યા છે. પરંતુ જાહેર કરેલ સ્ટોક અને આયાત વચ્ચેનો તફાવત ઘણો મોટો છે. આવી સ્થિતિમાં સરકાર વધુ કડક વલણ અપનાવી શકે છે. આ માટે સરકારે શનિવારે અલગ-અલગ 12 જગ્યાએ બેઠકો યોજી હતી. જેમાં ગ્રાહક બાબતોના સચિવ ઈન્દોરની બેઠકમાં હાજરી આપી હતી. દરેકને દર શુક્રવારે સંપૂર્ણ અને યોગ્ય સ્ટોક ડિસ્ક્લોઝર કરવાનું કહેવામાં આવ્યું હતું. મેચિંગમાં મોટો તફાવત છે, તેથી સરકાર સતત સાચો સ્ટોક બહાર પાડવાનું કહી રહી છે. ઉપભોક્તા બાબતોના સચિવે સૂચના આપી છે કે જો વિનંતી પછી પણ તેને સ્વીકારવામાં નહીં આવે તો કાર્યવાહી કરવામાં આવશે.

એગ્રો ફાર્મર એન્ડ ટ્રેડ એસોસિયેશનના પ્રમુખ સુનીલ બલદેવાએ જણાવ્યું કે તુવેર અને અડદની કઠોળની કટોકટી જુલાઈ સુધી ચાલુ રહેશે. સરકારે અગાઉ તુવેરમાં 48 લાખ ટન ઉત્પાદનનો અંદાજ મૂક્યો હતો, જે ઘટાડીને 38 લાખ ટન કરવામાં આવ્યો છે. તેથી જ આપણી નિર્ભરતા આફ્રિકા અને મ્યાનમાર પર બની ગઈ છે. અગાઉ એવી અપેક્ષા હતી કે મ્યાનમારથી આયાત કરીને અમે દરને નિયંત્રિત કરીશું. પરંતુ મ્યાનમારમાં લોકોએ કઠોળ પકડ્યો છે. મસૂર, ચણાની દાળ તુવેર અને અડદનો વિકલ્પ છે. જે આપણી પાસે પૂરતું છે. તુવેર દાળના ભાવને કારણે લોકો હવે ચણા, મગ અને અન્ય કઠોળ તરફ વળ્યા છે.

# વૈશ્વિક બેંકો દ્વારા સ્ટીમ્યુલ્સ પાછા ખેંચાવાની સાથે ઈક્વિટીમાં પીછેહઠ થવાની સંભાવના

ગુજરાત | વંદન

વિશ્વની વિવિધ કેન્દ્રીય બેન્કોએ પોતાના અર્થતંત્રને ટકાવી રાખવા અંદાજે ૮૦૦ અબજ ડોલરના જાહેર કરેલા સ્ટીમ્યુલ્સ પાછા ખેંચાશે ત્યારે ઈક્વિટીસ ઉપરાંત અન્ય જોખમી એસેટસમાં જોરદાર નકારાત્મક અસર જોવા મળવાની ધારણાં મૂકવામાં આવી છે.

એક લાખ કરોડ ડોલરની લિક્વિડિટી ઠલવાવાને કારણે ઈક્વિટીસ સહિતની જોખમી એસેટસમાં રેલી જોવા મળી હતી એમ એક રિપોર્ટમાં જણાવાયું હતું. પ્રાપ્ત થઈ રહેલા હાઈ ફ્રિકવન્સી નિર્દેશાંકો રેલી હવે અટકી પડયાનું સૂચવે છે. અમેરિકન ફેડરલ રિઝર્વ દ્વારા તાજેતરની બેન્કિંગ કટોકટી વખતે પોતાની બેલેન્સ શીટસને ૪૪૦ અબજ ડોલર જેટલી મજબૂત બનાવાઈ હતી.

# અદાણી ગ્રૂપ પર વૈશ્વિક બેંકોના પણ બાકી લેણાં વધ્યાં

■ એક જ વર્ષમાં કમરતોડ 21 ટકાનો વધારો નોંધાયો

ગુજરાત | વંદન

જાણિતા અને ચર્ચાસ્પદ ઉદ્યોગપતિ ગૌતમ અદાણીની માલિકીના અદાણી ગ્રૂપના દેવામાં છેલ્લા એક વર્ષમાં કમરતોડ 21 ટકાનો વધારો થયો છે અને તેમાં વૈશ્વિક બેંકોના લેણા લગભગ ત્રીજા ભાગનું છે એવું બ્લૂમબર્ગ કરાયેલા આંકડાના એનાલિસિસમાં જાણવા મળ્યું છે. અદાણી ગ્રૂપની આંતરિક કામગીરીથી પરિચિત વ્યક્તિઓ તેમજ રોકાણકારો સમક્ષ કરાયેલા ડિસ્ક્લોઝર અનુસાર માર્ચ 2023 અંતે તેના કુલ દેવામાંથી 29 ટકા ઋણ ગ્લોબલ ઈન્ટરનેશનલ બેંકોનું હતુ. સૌથી રસપ્રદ વાત એ છે કે, સાત વર્ષ પહેલા કંપની ઉપર કોઈ પણ પ્રકારનું વિદેશી દેવું ન હતું.

અદાણી ગ્રૂપના લેણદારોની યાદી અને તેમાં આવેલો ફેરફાર દર્શાવે છે કે ભારતના ગુજરાતી અબજોપતિ ગૌતમ અદાણીનું અદાણી ગ્રૂપ કેટલી ઝડપથી વિકસ્યું છે અને તે ઓસ્ટ્રેલિયા અને ઈઝરાયેલ જેટલા દૂરના વ્યાપારી હિતો સાથે આંતરરાષ્ટ્રીય સ્તરે કેવી રીતે જોડાયેલું છે. અલબત્ત તાજેતરમાં અમેરિકન શોર્ટ સેલર હિડંનબર્ગ રિસર્ચે તેના રિપોર્ટમાં ગૌતમ અદાણી અને અદાણી ગ્રૂપ પર કથિત નાણાંકીય ગેરરીતિ અને છેતરપિંડીનો આરોપ મૂક્યો ત્યારે ચારેય બાજુ થી મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે.




અદાણીના અધિકારીઓ દ્વારા આરોપોનો વારંવાર ઈન્કાર અને દેવું ચૂકવવાનો આશ્વાસન આપી રહ્યા હોવા છતાં હિંડનબર્ગ રિસર્ચ વિવાદ બાદ આ કોર્પોરેટ કંપનીના શેરમાં શરૂ થયેલી વેચવાલીમાંથી હજી સુધી સંપૂર્ણપણે રિકવરી આવી નથી. આ વિવાદને કારણે જ અદાણી ગ્રૂપને તેનો 20000 કરોડ રૂપિયાનો FPO રદ કરવાની ફરજ પડી છે અને હાલ નાણાંકીય ભંડોળ એકત્ર કરવામાં પણ મુશ્કેલી પડી રહી છે. જો કે ડેટ રેશિયોમાં સુધારો થવાથી કંપનીને થોડીક રાહત મળી શકે છે. બે ગ્લોબલ રેટિંગ ફર્મ્સે કહ્યું છે કે, તેઓ અદાણી ગ્રૂપની કંપનીઓની ભંડોળ ઊભું કરવાની ક્ષમતા પર બાજ નજર રાખશે.

બ્લૂમબર્ગ દ્વારા એનાલિસિસ કરાયેલા આંકડા અનુસાર, અદાણી કંપનીઓએ છેલ્લાં કેટલાંક વર્ષોમાં કંપનીની તેની જવાબદારીઓ પૂરી કરવાની ક્ષમતાને માપતા મુખ્ય માપદંડમાં સુધારો કર્યો છે. વ્યાજ, કર, અવમૂલ્યન અને ઋણમુક્તિ પહેલાં રન-રેટ કમાણીમાં નેટ ડેટ રેશિયો માર્ચ 2023માં સમાપ્ત થયેલા નાણાકીય વર્ષમાં લગભગ 3.2 હતો. સપ્ટેમ્બર મહિનાની અદાણીએ રિપોર્ટમાં જણાવ્યુ હતુ કે, તે વર્ષ 2013માં દર્શાવેલા 7.6 ટકા કરતા ઓછો છે.


અદાણી ગ્રૂપે દાવો કર્યો છે કે. કંપનીઓએ તેમના દેવાના બોજમાં ઘટાડો કર્યો છે. સાત મુખ્ય લિસ્ટેડ અદાણી કંપનીઓ પર કુલ દેવું 31 માર્ચ સુધીમાં 20.7% વધીને 2.3 લાખ કરોડ રૂપિયા (28 અબજ ડોલર) થઈ ગયું છે. વર્ષ 2019થી આક્રમક વિસ્તરણ અને એક્વિઝિશનથી કંપનીના ઋણબોજમાં સતત વધારો થયો છે.

સાપ્તાહિક ગુજરાત વંદન gujaratvandan.com

# ભારતની આ જગ્યાઓ વર્લ્ડ હેરિટેજની યાદીમાં સામેલ છે, તમે જોઈ છે?

દુનિયાભરમાં અનેક ઐતિહાસિક હેરિટેજ સ્થળો છે, જેને જોવા માટે લોકો દૂર-દૂરથી પહોંચે છે. આ વિરાસતો માત્ર જૂની સંસ્કૃતિનો અહેસાસ જ નથી કરાવે, પરંતુ પોતાની સાથે જોડાયેલી વાર્તાઓ અને વાર્તાઓ પણ જણાવે છે. સમગ્ર વિશ્વમાં હાજર આ વારસાને સંભાળવાના હેતુથી દર વર્ષે 18 એપ્રિલે વર્લ્ડ હેરિટેજ ડે ઉજવવામાં આવે છે. આ ખાસ અવસર પર, આજે અમે ભારતની કેટલીક એવી હેરિટેજ સાઈટ્સ વિશે વાત કરીશું, જ્યાં તમારે એકવાર મુલાકાત લેવી જ જોઈએ.

### તાજમહેલ, ઉત્તર પ્રદેશ



ઉત્તર પ્રદેશના આગ્રામાં સ્થિત તાજમહેલને પ્રેમનું પ્રતિક કહેવામાં આવે છે. સફેદ માર્બલથી બનેલી આ ઈમારત જોવામાં ખૂબ જ સુંદર છે. આ મકબરો 1632માં મુગલ સમ્રાટ શાહજહાં દ્વારા તેની પત્ની મુમતાઝના મૃત્યુ બાદ તેની યાદમાં બનાવવામાં આવ્યો હતો. વર્ષ 1983માં યુનેસ્કોએ તાજમહેલને વર્લ્ડ હેરિટેજ સાઈટ્સની યાદીમાં સામેલ કર્યો હતો.

### કોણાર્ક સૂર્ય મંદિર, ઓડિશા



ભારતનું ઓડિશા રાજ્ય તેના જગન્નાથ મંદિર માટે જાણીતું હતું. પરંતુ અહીં હાજર કોણાર્ક સૂર્ય મંદિર તેની સુંદરતા માટે માત્ર દેશમાં જ નહીં વિદેશમાં પણ ખૂબ પ્રખ્યાત છે. ભગવાન સૂર્યને સમર્પિત, આ મંદિર રાજ્યનું એક મુખ્ય પ્રવાસન સ્થળ છે, જેને વર્ષ 1984માં યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ જાહેર કરવામાં આવ્યું હતું.

### અજંતા-ઇલોરા ગુફાઓ, મહારાષ્ટ્ર



મહારાષ્ટ્રના ઔરંગાબાદમાં આવેલી અજંતા-ઈલોરાની ગુફાઓ પણ ભારતના પ્રખ્યાત પર્યટન સ્થળોમાંની એક છે. દર વર્ષે તેને જોવા માટે મોટી સંખ્યામાં પ્રવાસીઓ અહીં પહોંચે છે. આ 26 ગુફાઓ છે જે ઘોડાના જૂતાના આકારના પર્વત પર બનેલી છે. આ ગુફાઓને વર્ષ 1983માં યુનેસ્કો દ્વારા વર્લ્ડ હેરિટેજ સાઈટ્સમાં સામેલ કરવામાં આવી હતી.

### મહાબલીપુરમ મંદિર, તમિલનાડુ



તમિલનાડુના મહાબલીપુરમ શહેરમાં આવેલું મહાબલીપુરમ મંદિર પણ વર્લ્ડ હેરિટેજ સાઈટ્સની યાદીમાં સામેલ છે. આ મંદિરમાં તમને પલ્લવ કાળની કલાકૃતિઓ જોવા મળશે. આ જ કારણ છે કે અહીં દૂર-દૂરથી પ્રવાસીઓ આવે છે. યુનેસ્કોએ વર્ષ 1984માં આ મંદિરને વર્લ્ડ હેરિટેજમાં સામેલ કર્યું હતું.

### ખજુરાહો મંદિરો, મધ્ય પ્રદેશ



મધ્યપ્રદેશનું ખજુરાહો મંદિર તેની અનોખી કલાકૃતિઓ માટે વિશ્વભરમાં પ્રખ્યાત છે. જૈન અને હિન્દુ મંદિરોના સંગ્રહની સાથે, તમને અહીં શૃંગારિક શિલ્પો અને કલાકૃતિઓ પણ જોવા મળશે. 20 કિલોમીટરના વિસ્તારમાં આવેલા આ મંદિરમાં કુલ 85 મંદિરો છે. આ મંદિરને વર્ષ 1986માં વર્લ્ડ હેરિટેજની યાદીમાં સામેલ કરવામાં આવ્યું હતું.

# હાય... ગરમી: ફ્રિજ વગર પાણી ઠંડુ કરવાની દેસી રીત



ગરમીની શરૂઆત થઈ ગઈ છે ત્યાં ઠંડુ પાણી પીવાની ડિમાન્ડ વધી જાય છે. મોટાભાગના લોકો ઠંડુ પાણી પીવા માટે ફ્રિજનો ઉપયોગ કરતા હોય છે, પરંતુ ફ્રિજનું ઠંડુ પાણી સ્વાસ્થ્ય માટે નુકસાનકારક સાબિત થાય છે. ઘણાં લોકો ફ્રિજનું ઠંડુ પાણી પીવાનું ઈગ્નોર કરતા હોય છે. આમ, તમે નેચરલ રીતે પાણીને ઠંડુ કરીને પીઓ છો તો હેલ્થને ફાયદો થાય છે. આમ, તમને પણ ગરમીમાં ઠંડુ પાણી જોઈએ છે અને તમે ફ્રિજનો ઉપયોગ કરવા ઈચ્છતા નથી તો આ દેસી રીત તમારા માટે બેસ્ટ છે.

માટલી પર દોરી લપેટી દોઃ ગરમીની શરૂઆત થતાની સાથે જ અનેક લોકો નવું માટલું લેતા હોય છે. નવા માટલાંમાં પાણી વધારે ઠંડુ થાય છે. તો આજે અમે તમને એક રીત વિશે જણાવીશું, જેમાં તમારું જૂનું માટલું પણ તમને કામમાં આવશે. આ માટે તમે માટલાંમાં પાણી ભરો અને પછી એની આજબાજુ ગોળ રાઉન્ડમાં સુતળીની દોરી લપેટી લો અને પછી બધી જ જગ્યાએ પાણી છાંટી લો. આ પાણીને ઠંડુ કરવાનું કામ કરે છે.

## તાંબાના માટલાંનો યુઝ કરો


આ માટે તમે તાંબાના માટલાંનો પણ ઉપયોગ કરી શકો છો. તમારા ઘરે તાંબાનું માટલું નથી તો તમે કોઈ પણ બીજા વાસણમાં પાણી ભરી શકો છો. આ એક નેચરલ રીત છે. તાંબાના વાસણમાં પાણી ઠંડુ રહે છે. તાંબાના વાસણની સૌથી મોટી ખાસિયત એ છે કે જેમ-જેમ તાંબાનું તાપમાન વધે છે એમ-એમ અંદરનું પાણી ઠંડુ થાય છે. આ તમારા માટે સૌથી બેસ્ટ રીત છે.

## કૂલિંગ ફેનની મદદ લો

ગરમીના વાતાવરણમાં તમે પાણીને જલદી ઠંડુ કરવા ઈચ્છો છો તો ખાસ કરીને કૂલિંગ ફેનની મદદ લો. કૂલિંગ ફેનથી પાણી મસ્ત ઠંડુ થાય છે. આ એક દેસી રીત છે. પહેલાંના સમયમાં લોકો આ રીતે પાણી ઠંડુ કરતા હતા. આ માટે તમે માટલાંને ટેબલ પર મુકો અને એની બાજુમાં ટેબલ ફેન મુકીને ચાલુ કરો. આમ કરવાથી થોડા ટાઈમમાં જ પાણી ઠંડુ થઈ જશે.

# ડાયાબિટીસના દર્દીઓ માટે ફળો ખાવા વધુ લાભદાયક

## કાચા ફળ અને શાકભાજી કે જ્યુસ શું વધુ ફાયદાકારક? જાણો સાચી હકીકત



આજના આ વ્યસ્ત જીવનમાં લોકોની જીવનશૈલી પણ વ્યસ્ત થઈ ગઈ છે. જેના કારણે તેમને યોગ્ય રીતે ખાવાનો સમય પણ નથી મળતો. ભાગદોડની જિંદગીમાં લોકો ક્યારેક જ્યુસ પીવે છે તો ક્યારેક કામ દરમિયાન નાસ્તો કરતા હોય છે. ઘણા એવું માનતા હોય છે કે શાકભાજી કે ફળોનો જ્યુસ પીવાથી તેમના શરીર માટે જરૂરી પોષક તત્વો મળી રહે છે. ફળો અને શાકભાજીના જ્યુસમાં વિટામિન્સ અને મિનરલ્સ સહિત ઘણા પોષક તત્વો હોય છે. જો કે, જ્યુસ પીવા કરતાં ફળો અને શાકભાજી ખાવાથી વધુ ફાયદો થઈ શકે છે.

### જ્યુસમાં ફાઈબરની માત્ર હોતી નથી

જ્યુસમાં ફળો અને શાકભાજીના મોટાભાગના વિટામિન્સ, મિનરલ્સ અને ફાયટોન્યુટ્રિઅન્ટ્સ હોય છે, પરંતુ જ્યુસ કાઢવાથી ફળો અને શાકભાજીના હેલ્ધી ફાઈબર તેમાં જ રહી જતા હોય છે. ફળો અને શાકભાજી ખાવાથી શરીરમાં જ્યુસની સાથે ફાઈબરની માત્રા પણ પહોંચે છે. ફાઈબર સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે અને તે ઘણી બીમારીઓમાં રાહત આપે છે. ફાઈબર પાચન તંત્રને સુધારવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. ફળો અને શાકભાજીનો જ્યુસ પીવાથી તેના ફાઈબર મળી શકાશે નહીં.

### ડાયાબિટીસના દર્દીઓ માટે ફળો ખાવા વધુ લાભદાયક

કેટલાક લોકોનું માનવું છે કે ફળો અને શાકભાજી ખાવા કરતાં તેનો જ્યુસ વધુ સારો હોય છે અને શરીર પોષક તત્વોને વધુ સારી રીતે શોષી શકે છે. ફળો અને શાકભાજીનો જ્યુસ પીવાથી રોગપ્રતિકારક શક્તિ મજબૂત થઈ શકે છે અને કેન્સરનું જોખમ પણ ઘટાડી શકાય છે, જો કે એવા કોઈ વૈજ્ઞાનિક પુરાવા નથી કે ફળો અને શાકભાજીનો જ્યુસ ફળો અથવા શાકભાજી ખાવા કરતાં વધુ આરોગ્યપ્રદ છે. લોકોએ આ ગેરસમજનો શિકાર ન થવું જોઈએ. ખાસ કરીને ડાયાબિટીસના દર્દીઓએ ફળોનો જ્યુસ પીવાને બદલે ફળો ખાવા જોઈએ.

# કાળઝાળ ગરમી: એક સંકલ્પ કરો, ઘરની બહાર પ્રાણી-પક્ષી માટે પાણીના કુંડા મૂકો



કાળઝાળ ગરમીની અંદર પક્ષીઓ ઠંડકવાળી જગ્યામાં રહી શકે તે આશયથી શહેરના કેટલાક જીવદયા પ્રેમી લોકોએ પોતાના ખર્ચે 'બર્ડ હાઉસ' તૈયાર કરાવે છે. દરેક પક્ષીની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવેલા લાકડાના ઘરની અંદર હવાઉજાસ સાથે નીચેના ભાગમાં લીલું ઘાસ પાથરવામાં આવે છે. જેનાથી પક્ષીઓને ઝાડ પર બેઠા હોય તેવો અહેસાસ થશે. શહેરના વિવિધ વિસ્તારોમાં ઘરની અંદર અને કેટલાક બગીચાઓ તેમજ જાહેરરસ્તા પર લાગેલા હોર્ડિંગની પાછળ પક્ષીઓના સુંદર આવાસ મૂકવામાં આવે છે.

## ગરમીની સૌથી વધુ અસર પક્ષીઓ પર

આકરા તાપની સૌથી વધુ અસર નાનકડા પક્ષીઓ પર પડી રહી છે. માણસો તો ગરમીથી બચવા માટે પોતાનો રસ્તો કરી લે છે, પણ પ્રાણી-પક્ષીઓનું શું. તાપમાનમાં વધારાને કારણે ધારી તાલુકાના પંચાયતના વડલા પરના ચામાચીડિયાના મોત થયા છે. 3 દિવસથી ધારી જંગલ વિસ્તારમાં 43 થી 44 ડિગ્રી તાપમાન રહેતા પક્ષીઓના મોત થયા છે.

ગરમીને કારણે જ્યાં માણસનો જીવ હચમચી જાય છે, ત્યાં પક્ષીઓની શુ હાલત થતી હશે. અન્ન તથા પાણી વગર અનેક પક્ષીઓ તરફડીને મરતા દેખાઈ રહ્યાં છે. ત્યારે હવે તેમના દાણાં-પાણીની વ્યવસ્થા કરવાનો સમય આવી ગયો છે. જેનાથી પક્ષીઓની જીવનદાન મળશે. અનેક પક્ષીવિદ સંસ્થાઓ આ માટે અવેરનેસ કાર્યક્રમો કરે છે, પણ તેને અમલમાં લાવવાનું કામ તો નાગરિકો જ કરી શકે છે. ગરમીની સૌથી વધુ અસર નાનકડા પક્ષીજીવ પર થાય છે. તેથી ઘરની અગાશી પર કે આંગણમાં કુંડુ લગાવવાથી, તથા તેમણે દાણાપાણી આપવાથી તેઓને ખોરાક મળી રહેશે. શહેરીજનો પણ બારીની પાસે કુંડુ મૂકી શકે છે.

## વૃક્ષોના પાંદડાને સળગાવશો નહિ...

ઉનાળામાં મોટાભાગના વૃક્ષોના પાંદડા ખરતા હોય છે. જેનો કચરો વૃક્ષ નીચે સચવાતો જાય છે. આ પાંદડાઓના ઢગલા પર કીડા થાય છે, જેનાથી પક્ષીઓ પોતાનો ખોરાક મેળવે છે. આવામાં અનેક લોકો કચરાને દૂર કરે છે, અથવા તેને બાળી નાખે છે. ત્યારે પક્ષી એક્સપર્ટસનું કહેવું છે કે, આ કચરો બાળતા નહિ. ધુમાડાના પ્રદૂષણની અસર પક્ષીઓના સ્વાસ્થય પર પડે છે. તેમજ તેઓ કુદરતી ખોરાકથી વંચિત રહે છે.

## પક્ષીઓને બચાવવા આટલું કરો

- ઘરમાં છાયડામાં મુક્ત વાતાવરણ હોય તેવી જગ્યામાં માટીના કુંડામાં પક્ષી માટે પાણી મૂકો. પક્ષીઓ નાહી પણ શકે તેવુ કુંડુ મૂકો. તેમાં સતત પાણી ભરતા રહો.
- પાણીની સાથે બાજુમાં દાણાંની પણ વ્યવસ્થા કરો. ખાસ કરીને જુવાર, બાજરી, ઘઉં, ચોખા હોય તો સારું. ભાત કે રોટલીના નાના ટુકડા કરીને પણ આપી શકાય છે
- પાણી કે દાણા માટે પ્લાસ્ટિકના બોટલ, બરણી, તાર, દોરી, માટીના વાસણો વગેરેના ઉપયોગથી ફીડર તૈયાર કરી શકાય છે. આવા ફીડર માર્કેટમાં પણ મળી રહે છે.
- બગીચાના વૃક્ષો પર પણ પાણીના કુંડા લટકાવીને મૂકો.
- વૃક્ષો પર માટીના કુંડા લગાવવા શક્ય ન હોય તો નારિયેળના કાછલીમાં પણ પાણી મૂકી શકાય છે.
- બગીચામાં જતા સમયે ઘરથી પાણી લેતા જવું, અને વૃક્ષો પર લગાવેલા કુંડામાં પાણી ભરવું.



# ભયંકર ગરમીમાં વરિયાળીની ચા પીવાના ફાયદા: આ 6 ફાયદા જાણી આજથી જ ચાલુ કરી દેશો

વરિયાળીનો ઉપયોગ કેટલીય રીતે થાય છે. મોટા ભાગના લોકો તેનો ઉપયોગ ખાવાનું ખાધા બાદ માઉથ ફ્રેશર તરીકે કરે છે. આ ઉપરાંત વરિયાળીને શરબત સાથે અને કેટલાય વ્યંજન બનાવવામાં આવે છે. પણ વરિયાળીની ચા ગરમીમાં પણ સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે. આ ચા કેટલાય પ્રકારના સ્વાસ્થ્ય લાભ આપે છે. વરિયાળીમાં કેટલાય વિટામીન, પ્રોટીન, ફાઈબર, ટોટલ કાર્બોહાઈડ્રેટ્સ, સોડિયમ, પ્રોટીન, થિયામિન, નાયથિન, ફોસ્ફોરસ, પોટેશિયમ, આયરન, કેલ્શિયમ, કોપર, મેગનિઝ, ઝિંક વગેરે પ્રચૂર માત્રામાં મળે છે. વરિયાળીની ચા સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદો થાય છે. આવો જાણીએ વરિયાળીની ચાના ફાયદા.

**સારી ઊંઘ:** હેલ્થલાઈનમાં છપાયેલ એક સમાચાર અનુસાર, સારી ઊંઘ માટે વરિયાળીની ચા ખૂબ જ ફાયદાકારક સાબિત થાય છે. સુતા પહેલા વરિયાળીની ચાપ પીવાથી મેલાટોનિનના સ્ત્રાવમાં મદદ મળે છે. જેનાથી તંત્રિકા તંત્રને આરામ મળે છે અને આરામથી ઊંઘ આવે છે. જો આપ દરરોજ પુરતી ઊંઘ લો છો, તેનાથી ચયાપચય પણ બૂસ્ટ થાય છે અને વજન ઘટવાની પ્રક્રિયા ઝડપી થાય છે. અનિદ્રાના ઈલાજ માટે વરિયાળીનો ઉપયોગ માટે પ્રાચીન ઉપચાર કહેવાય છે.

**સંક્રમણથી લડવામાં મદદ:** વરિયાળીની ચા એક રોગાણુરોધી અને એન્ટીવાયરલ ચા છે. વરિયાળીની ચાપ પીવાથી આપના શરીરને આપની પ્રતિરક્ષા પ્રણાલી પર હુમલો કરનારા રોગજનકોથી લડવામાં મદદ મળી શકે છે.

**આંખો માટે ફાયદાકારક:** એક કપ વરિયાળીની ચા પીવાથી આંખોની સમસ્યાથી બચાવ થઈ શકે છે. આ ચા શરીરમાં વિટામીન એને પ્રેરિત કરીને દ્રષ્ટિમાં સુધાર કરી શકે છે. કેમ કે વરિયાળીમાં વિટામીન એ અને એંઝાઈમ વધારે હોય છે. જેનાથી આંખોની રોશનીમાં સુધારો થાય છે. રાતના સમયે આ ચા પીવાથી આંખોની નસોને આરામ મળે છે.

**પોષક તત્વોનું બેલેન્સ:** વરિયાળીની ચામાં પ્રોટીન, મિનરલ્સ, ફાઈબર, પોટેશિયમ, સોડિયમ વગેરે હોય છે. એટલા માટે ગરમીમાં આ હર્બલ ટી પીવાથી શરીરમાં તમામ પોષક તત્બોનું બેલેન્સ બનાવી રાખે છે. પછી તે શરીરમાં વધારે પરસેવો નીકળતો હોય કે, ડિહાઈડ્રેશનની સમસ્યા હોય.

**બ્લડ પ્રેશરને કંટ્રોલ કરશે:** વરિયાળીમાં નાઈટ્રેટ્સ, સોડિયમ, પોટેશિયમ હોય છે, જે બ્લડ પ્રેશરને મેનેજ કરવામાં મદદ કરે છે. જો આપનું બ્લડ પ્રેશર હાઈ રહે છે, તો વરિયાળીની ચા આપના માટે ફાયદાકારક છે. આ હાર્ટના સ્વાસ્થ્યને સારુ રાખે છે. અચાનક આવતા સ્ટ્રોકથી બચાવે છે.

**વજન ઘટાડશે:** વરિયાળીમાં ફ્લેવોનોઈડ, પોલીફેનોલ્સ જેવા એન્ટીઓક્સિડેંટ્સ હોય છે, જે વજન ઘટાડવામાં મદદ કરે છે. સાથે જ તેમાં ફાઈબર પણ હોય છે. જેનાથી વજન કંટ્રોલમાં રહે છે. આ ચા એ લોકોએ પીવી જોઈએ, જે વજન ઘટાડવા માટે કેટલાય પ્રકારના નુસખા અજમાવતા હોય છે.

# કારેલાથી બનાવેલા આ ફેસ પેકથી સુંદરતામાં કરો વધારો, પિમ્પલ્સની સમસ્યાથી મળશે છુટકારો



કારેલા ખાવામાં કડવું લાગે છે, પરંતુ તે આપણા સ્વાસ્થ્ય માટે ખુબ જ ફાયદાકારક છે. તેમાં રહેલા વિટામિન સી, પોટેશિયમ, કેલ્શિયમ, બીટા કેરોટીન, આયર્ન, આ તમામ પોષક તત્વો આપણને સ્વાસ્થ્ય સંબંધિત ઘણી સમસ્યાઓથી સુરક્ષિત રાખે છે, પરંતુ શું તમે ક્યારેય તેના બ્યૂટિ બેનિફિટ્સ અંગે સાંભળ્યું છે? જો નથી સાંભળ્યું તો અમે તમને જણાવી દઈએ કે તમે કારેલાનો ઉપયોગ ફેસ પેક તરીકે પણ કરી શકો છો. જે ચહેરાની કુદરતી ચમક વધારે છે સાથે જ પિમ્પલ્સની સમસ્યાથી પણ બચાવે છે. સૌથી સારી વાત એ છે કે તેનાથી બનેલા ફેસ પેકથી તમે એજીંગ પણ ધીમુ કરી શકો છો. તો, વધુ વિલંબ કર્યા વગર, ચાલો આ ફેસ પેક બનાવવાની અને લાગુ કરવાની પદ્ધતિ ઝડપથી જાણીએ.

### ▪ કારેલા એલોવેરા હની ફેસ પેક

સામગ્રી- 1/2 કારેલાની પેસ્ટ, 1 ચમચી એલોવેરા જેલ, 1 ચમચી મધ

**વિધિ** | બાઉલમાં ત્રણેય વસ્તુઓને સારી રીતે મિક્સ કરીને પેસ્ટ બનાવો.

તેને ચહેરા પર લગાવો અને 15 મિનિટ પછી ધોઈ લો.

તેને અઠવાડિયામાં એકવાર લગાવો, થોડા દિવસોમાં જ ફરક દેખાશે.

### ▪ કાકડી-કારેલા ફેસ પેક

સામગ્રી - 1/2 કારેલા (બીજ કાઢી નાખેલા), 1/2 કાકડી (ઝીણી સમારેલી)

**વિધિ** | કારેલા અને કાકડીને મિક્સરમાં બ્લેન્ડ કરો.

આ મિશ્રણને ચહેરા અને ગળા પર લગાવો અને 10 મિનિટ પછી ધોઈ લો.

### ▪ કારેલા- લીમડાનો ફેસ પેક

સામગ્રી- 1 નાનુ કારેલુ, 1/2 ટીસ્પૂન હળદર પાવડર, થોડા લીમડાના પાન

**વિધિ** | લીમડો-કરેલાને મિક્સરમાં પીસી લો

તેમાં હળદર મિક્સ કરીને ચહેરા અને ગળાના પર લગાવો અને 10 મિનિટ પછી ધોઈ લો.

અઠવાડિયામાં એકવાર લગાવો, તમને પિમ્પલ્સથી છુટકારો મળશે.

### ▪ દહીં- કારેલાનો ફેસ માસ્ક

સામગ્રી- 1 ચમચી કારેલાનો રસ, 1 ચમચી દહીં, 1 ઈંડાની જરદી

**વિધિ** | તેને ચહેરા અને ગરદન પર લગાવો. 15 મિનિટ પછી ધોઈ લો.

તેને અઠવાડિયામાં બે વાર લગાવો, થોડા જ દિવસોમાં ત્વચામાં ચમક આવવા લાગશે.

### ▪ કારેલા-દહીં-ઈંડાનો ફેસ પેક

સામગ્રી- 1 ચમચી કારેલાનો રસ, 1 ચમચી દહીં, 1/2 ઈંડું

**વિધિ** | દહીં, કારેલાનો રસ અને ઈંડું મિક્સ કરીને પેસ્ટ તૈયાર કરો.

તેને ચહેરા અને ગરદન પર લગાવો અને 15 થી 20 મિનિટ સુધી રાખો.

ત્યાર બાદ હળવા હાથે સ્ક્રબ કરીને ઠંડા પાણીથી ધોઈ લો.

### IPL 2023: સોમવારે ગુજરાત ટાઈટન્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે મહામુકાબલો

# રવિવારે ચાર ટીમો વચ્ચે થશે ખરાખરી, વિરાટની સેના અને રાજસ્થાન રોયલ અને કોલકાતા તથા ચેન્નઈ વચ્ચે મેચ

ગુજરાત | વંદન

ભારતના સૌથી મોટા ખેલ તહેવાર IPLનો રોમાંચ ચરમસીમાએ પહોંચી ગયો છે. આઈપીએલની ડબલ મેચ રવિવારે જોવા મળશે. જ્યારે સોમવારે ગુજરાત ટાઈટન્સ અને રોહિતની મુંબઈ ઈન્ડીયન્સ વચ્ચે મુકાબલો થશે.


રોયલ ચલેન્જર્સ બેંગલુરુ રવિવારે પ્રથમ મેચમાં રાજસ્થાન રોયલ્સ સાથે ટકરાશે. રોયલ ચલેન્જર્સ બેંગલુરુ તેની અગાઊની મેચમાં જોરદાર જીત મેળવી છે. જ્યારે રાજસ્થાન રોયલ્સને હારનો સામનો કરવો પડ્યો હતો . બીજી મેચમાં કોલકાતા અને ચેન્નઈ સુપર કિંગ્સલ વચ્ચે મુકાબલો થશે. ચેન્નઈની ટીમ શાનદાર ફોર્મમાં છે. જ્યારે આ વખતે કેકેઆરની ટીમ નબળી દેખાઈ રહી છે. કેકેઆરના બેટમેનો ફોર્મમાં નહીં હોવાથી ચેન્નઈ સુપર કિંગ્સ મેચ જીતવા હોટ ફેવરિટ માનવામાં આવી રહી છે. અને સોમવારની બાત કરીયે તો સોમવારે ચેમ્પિયન ટીમ ગુજરાત ટાઈન્સની સામે પાંચ વખતની ચેમ્પિયન અને આઈપીએલમાં સોથી સફળ ટીમ મુંબઈ ઈન્ડીયન્સ છે. આ બન્ને ટીમ જોરદાર ફોર્મમાં છે. જેના કારણે આ મેચ રોમાંચક હોવાની શક્યતા છે.





## દિલ્હી કેપિટલ્સના ખેલાડીઓના ચોરાયેલો બેટ પાછા મળ્યા...

■ ડેવિડ વોર્નરે સોશિયલ મીડિયા પર માહિતી આપી




ગુજરાત | વંદન

દિલ્હી કેપિટલ્સ (DC)ની ટીમ બેંગ્લોરમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB) સામે મેચ રમીને દિલ્હી પરત ફરી ત્યારે ટીમ ખેલાડીઓની ક્રિકેટ કીટથી લઈને બેટ અને પેડ્સ અને અન્ય ઘણા સાધનોની ચોરી થઈ ગઈ હતી. આ પછી હવે દિલ્હી ટીમના કેપ્ટન ડેવિડ વોર્નરે પોતાની સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા માહિતી આપી છે કે પોલીસે ચોરીનો મોટા ભાગનો સામાન રિકવર કરી લીધો છે. વોર્નરે પોસ્ટ કરેલા ફોટામાં બેટ, પેડ્સ, ગ્લોવ્સ અને અન્ય વસ્તુઓ સ્પષ્ટપણે જોઈ શકાય છે.

આ ચોરાયેલા સામાનની વાત કરીએ તો ડેવિડ વોર્નર અને ફિલ સોલ્ટના 3-3 મહત્વના બેટ ઉપરાંત મિશેલ માર્શના 2 બેટ પણ ચોરાયા હતા. આ ઉપરાંત ટીમના યુવા ખેલાડી યશ ધુલના 5 બેટની ચોરી થઈ હતી. દિલ્હીની ટીમના ખેલાડીઓને આ વાતની જાણ ત્યારે થઈ જ્યારે તેમનો સામાન દિલ્હીમાં તેમની હોટલના રૂમમાં પહોંચ્યો.

સામાનની ચોરી થયા બાદ દિલ્હીના ખેલાડીઓએ પોલીસને જાણ કરી હતી, ત્યારબાદ ચોરોને પકડવાની સાથે મોટાભાગનો સામાન રિકવર કરવામાં આવ્યો છે. ડેવિડ વોર્નર અને મિશેલ માર્શના ચોરાયેલા 1-1 બેટની કિંમત લગભગ 1 લાખ રૂપિયા છે.

### પ્રથમ વખત ટીમમાં ઈંગ્લિશનો સમાવેશ, ટોડ મર્ફીને પણ સ્થાન

## WTC-ફાઈનલ માટે ઓસ્ટ્રેલિયન ટીમ જાહેર, ભારત સામે રમશે

ગુજરાત | વંદન

ઓસ્ટ્રેલિયાએ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલ માટે 17 સભ્યોની ટીમની જાહેરાત કરી છે. ફાઈનલ ઈંગ્લેન્ડના ઓવલ મેદાનમાં 7થી 11 જૂન દરમિયાન રમાશે. આ ફાઈનલ મેચ ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે થવાની છે. ટીમ ઈન્ડિયા સતત બીજી વખત ફાઈનલમાં પહોંચી છે. તો, 2021માં રમાયેલી પ્રથમ વિશ્વ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલમાં, ભારતને ન્યુઝીલેન્ડે આઠ વિકેટે પરાજય આપ્યો હતો.


ઓસ્ટ્રેલિયાએ બુધવારે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલ અને એશિઝ સિરીઝની બે ટેસ્ટ મેચ માટે ટીમની જાહેરાત કરી છે. ઓલરાઉન્ડર મિચેલ માર્શ ચાર વર્ષ બાદ ફાઈનલ માટે ટેસ્ટ ટીમમાં પરત ફર્યો છે. બે મહિના પહેલા ભારતીય પ્રવાસ પર નાગપુરમાં ટેસ્ટ ડેબ્યુ કરનાર સ્પિનર ટોડ મર્ફીને પણ ટીમમાં જગ્યા આપવામાં આવી છે.



**વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ માટે કાંગારૂ ટીમ** | પેટ કમિન્સ (કેપ્ટન), સ્કોટ બોલેન્ડ, એલેક્સ કેરી, કેમેરોન ગ્રીન, માર્ક હેરિસ, જોશ હેઝલવુડ, ટ્રેવિસ હેડ, જોસ ઈંગ્લિસ, ઉસ્માન ખ્વાજા, માર્નસ લેબુશેન, નાથન લાયન, મિચેલ માર્શ, ટોડ મર્ફી, મેથ્યુ રેન શો, સ્ટીવ સ્મિથ (વાઈસ કેપ્ટન), મિચેલ સ્ટાર્ક અને ડેવિડ વોર્નર.

### 28 મેએ ફાઈનલ મેચ રમાશે

## સતત બીજા વર્ષે આઈપીએલની ફાઈનલ અમદાવાદમાં રમાશે



ગુજરાત | વંદન

બીસીસીઆઈ દ્વારા આઈપીએલ-2023નાં પ્લેઓફ અને ફાઈનલના કાર્યક્રમની જાહેરાત કરવામાં આવી છે, જેમાં અમદાવાદમાં ક્વોલિફાયર-2 અને ફાઈનલ ફાળવવામાં આવી છે. સતત બીજા વર્ષે આઈપીએલની ફાઈનલ અમદાવાદમાં રમાશે. ગતવર્ષે પણ આઈપીએલ ક્વોલિફાયર-2 અને ફાઈનલ મેચ અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાઈ હતી.

### આ વખતે પ્લેઓફની 2 મેચ ચેન્નઈ ખાતે રમાશે

ક્વોલિફાયર-2 મેચ 26 મેનાં અને ફાઈનલ 28મેનાં રોજ અમદાવાદ ખાતે રમાશે. આ વખતે પ્લેઓફની 2 મેચ ચેન્નઈ ખાતે રમાશે. ક્વોલિફાયર-1 મેચ 23 મેનાં રોજ અને એલિમિનેટર 24મેનાં રોજ ચેન્નઈ ખાતે રમાશે. ગત વર્ષે આ મેચો કોલકાતાને ફાળવવામાં આવી હતી.

### દિલ્હી કેપિટલ્સને લાગ્યો વધુ એક ઝટકો

## પીઠની ઈજાને કારણે કમલેશ નાગરકોટી આખી સીઝનમાંથી બહાર...

ગુજરાત | વંદન

IPLની આ સીઝનમાં બહાર થનારા ઈજાગ્રસ્ત ખેલાડીઓની યાદીમાં હવે કમલેશનું નામ પણ જોડાઈ ગયું છે. આઈપીએલની 16મી સીઝનમાં દિલ્હી કેપિટલ્સ (DC) માટે કંઈ જ બરાબર થયું નથી. ટીમને હવે બીજો મોટો આંચકો લાગ્યો છે. વાસ્તવમાં ટીમનો મહત્વનો ફાસ્ટ બોલર કમલેશ નાગરકોટી પીઠની ઈજાને કારણે આખી સીઝનમાંથી બહાર થઈ ગયો છે.

અત્યાર સુધી આ સીઝન દિલ્હી કેપિટલ્સ ટીમ માટે સારી રહી નથી. ટીમને અત્યાર સુધી રમાયેલી તમામ 5 મેચોમાં હારનો સામનો કરવો પડ્યો છે, પ્લેઓફની રેસમાં રહેવા માટે દિલ્હીની ટીમને આગામી 9 મેચોમાં વધુ સારી રમત બતાવવી પડશે. કમલેશને આ



સીઝનમાં હજુ સુધી એક પણ મેચ રમવાની તક મળી નથી અને ટીમને આશા હતી કે તે ફિટ હશે.

કમલેશ નાગરકોટી ટીમ માટે ફાસ્ટ બોલિંગમાં ખૂબ મહત્વની ભૂમિકા ભજવી શક્યો હોત. 23 વર્ષીય કમલેશ અત્યાર સુધી 12 આઈપીએલ મેચ રમી ચૂક્યો છે, જેમાં તેણે 57ની એવરેજથી ભલે 5 વિકેટ ઝડપી હોય, પરંતુ તેના બોલની સ્પીડ ચોક્કસથી બધાને પ્રભાવિત કરે છે.

### મહિલા ક્રિકેટ ટૂર્નામેન્ટને થયો મોટો ફાયદો

## BCCIએ ડોમેસ્ટિક ટૂર્નામેન્ટ પર કર્યો નાણાંનો વરસાદ: હવે રણજી વિજેતાને 2 કરોડના બદલે મળશે ₹5 કરોડ

ગુજરાત | વંદન

BCCIએ આજે સ્થાનિક ટૂર્નામેન્ટની ઈનામી રકમને લઈ મોટો નિર્ણય કર્યો છે. BCCIએ સ્થાનિક ટૂર્નામેન્ટની ઈનામી રકમમાં ધરખમ વધારો કર્યો છે. આ સિઝનથી રણજી ટ્રોફી વિજેતાને હવે રૂ.2 કરોડના બદલે રૂ.5 કરોડ મળશે. સૌથી વધુ ફાયદો મહિલા ક્રિકેટની ટુર્નામેન્ટને થયો છે. મહિલા વન-ડે ટ્રોફીની વિજેતાને હવે રૂ.6 લાખને બદલે રૂ.50 લાખ અને T20 મહિલા ટ્રોફીની વિજેતાને રૂ.5 લાખને બદલે રૂ.40 લાખ મળશે.



BCCIના સચિવ જય શાહે ટ્વીટ કરીને જણાવ્યું છે કે, તેઓને એ જણાવતા આનંદ થાય છે કે, બોર્ડની તમામ ડોમેસ્ટિક ટુર્નામેન્ટની ઈનામી રકમમાં વધારો કરવામાં આવી રહ્યો છે.અત્યાર સુધી રણજી ટ્રોફીના વિજેતાને રૂ.2 લાખ, ઉપવિજેતાને રૂ.1 લાખ અને સેમીફાઈનલિસ્ટને રૂ.50 લાખ મળતા હતા. હવે વિજેતાને રૂ.5 લાખ, ઉપવિજેતાને રૂ.3 લાખ અને સેમીફાઈનલિસ્ટને રૂ.1 કરોડ મળશે. ઈરાની કપના વિજેતાને રૂ.25 લાખને બદલે 50 લાખ મળશે, જ્યારે ઉપવિજેતાને પણ હવે રૂ.25 લાખ મળશે.

દુલીપ ટ્રોફીના વિજેતાને રૂ.40 લાખને બદલે રૂ.1 કરોડ અને ઉપવિજેતાને રૂ.20 લાખના બદલે રૂ.50 લાખ રૂપિયા મળશે. વન-ડે માટે રમાયેલી વિજય હજારે ટ્રોફીના વિજેતાને રૂ.30 લાખને બદલે રૂ.1 કરોડ અને ઉપવિજેતાને રૂ.15 લાખને બદલે રૂ.50 લાખ મળશે. પ્રો.ડીબી દેવધર ટ્રોફીના વિજેતાને રૂ.25ને બદલે રૂ.40 લાખ અને ઉપવિજેતાને રૂ.15ને બદલે રૂ.20 લાખ મળશે.

સૈયદ મુશ્તાક અલી T20 ટ્રોફીના વિજેતાને રૂ.25ને બદલે રૂ.80 લાખ અને ઉપવિજેતાને રૂ.10ને બદલે રૂ.40 લાખ મળશે. સિનિયર મહિલા વન-ડે ટ્રોફીની વિજેતાને રૂ.6ને બદલે રૂ.50 લાખ અને ઉપવિજેતાને રૂ.3ને બદલે રૂ.25 લાખ મળશે. સિનિયર મહિલા T20 ટ્રોફીની વિજેતાને રૂ.5ને બદલે રૂ.40 લાખ રૂપિયા અને ઉપવિજેતાને રૂ.3ને બદલે રૂ.20 લાખ આપવાની જાહેરાત કરાઈ છે.

## સાઉદી અરબની T20 લીગમાં ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ નહીં રમે

ગુજરાત | વંદન

આઈપીએલ અત્યારે દુનિયાની સૌથી મોટી અને મોંઘી ક્રિકેટ લીગ છે. આઈપીએલમાં દર વર્ષે દુનિયાના શ્રેષ્ઠ ખેલાડીઓ રમવા માટે આવે છે પરંતુ તાજેતરમાં જ એક એવા અહેવાલ સામે આવ્યા હતા કે સઉદી અરબે કથિત રીતે આઈપીએલ માલિકોને તેમના દેશમાં દુનિયાની સૌથી અમીર ટી-20 લીગ સ્થાપિત કરવાનો પ્રસ્તાવ આપ્યો છે. આવામાં ટીમ ઈન્ડિયાના ખેલાડી આ લીગનો હિસ્સો બની શકે કે કેમ તેને લઈને મહત્ત્વના સમાચારો સાંપડી રહ્યા છે.

તાજેતરમાં જ અહેવાલો આવ્યા હતા કે, સઉદી અરબે દુનિયાની સૌથી મોંઘી ક્રિકેટ લીગનો પ્લાન બનાવી લીધો છે. દાવો તો એવો પણ કરાઈ રહ્યો છે કે આઈપીએલના આયોજકો સાથે વાતચીત ચાલી રહી છે. આ બધાની વચ્ચે ટૂર્નામેન્ટમાં ભારતીય ખેલાડીઓના રમવાના કોઈ જ ચાન્સ નથી. બીસીસીઆઈના એક સૂત્રએ કહ્યું કે, બોર્ડ પોતાના ખેલાડીઓને આ લીગ માટે રિલિઝ કરશે નહીં. બીસીસીઆઈના એક સૂત્રએ કહ્યું કે ભારતીય ખેલાડીઓને રિલિઝ કરવાનો સવાલ જ ઉઠતો નથી. વાસ્તવમાં આ સવાલનો આધાર જ ખોટો છે. એક નીતિ છે અને અમે તેના ઉપર ટકેલા રહેશું.ધ એઝના એક રિપોર્ટ પ્રમાણે સઉદી અરબ લીગ અંગે લગભગ એક વર્ષથી વાતચીત કરી રહ્યું છે પરંતુ બધું જ પાક્કું થયા બાદ આઈસીસી પાસે મંજૂરી માંગવામાં આવશે.

## ધોનીના ફેનની ગજબ દિવાનગી... બાઈક વેચીને ધોનીની મેચ જોવા પહોંચ્યો !

■ સ્ટેડિયમમાં એક ફેન દ્વારા દેખાડવામાં આવેલું પોસ્ટર સોશિયલ મીડિયામાં વાયરલ

ગુજરાત | વંદન

મેચ ભલે ચેન્નાઈ સુપર કિંગ્સે જીતી લીધી, જો કે બેંગ્લોરે પણ મેચમાં સ્ફોટક બેટિંગ કરી હતી. આ દરમિયાન સ્ટેડિયમમાં એક ફેન દ્વારા દેખાડવામાં આવેલું પોસ્ટર સોશિયલ મીડિયામાં વાયરલ થઈ ગયું. આ દરમિયાન હજારોની ભીડ વચ્ચે એક પોસ્ટર જોવા મળ્યું, જેના પર લખવામાં આવ્યું હતું કે, મેં મારું બાઈક માત્ર ધોનીને જોવા માટે વેચી દીધું. હું ગોવાથી અહીં પહોંચ્યો છું. અમુક જ ક્ષણોમાં આ પોસ્ટર બોય સોશિયલ મીડિયામાં વાયરલ થઈ ગયો.

બેંગલુરુના એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK) અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB) વચ્ચે રમાયેલી મેચમાં ચેન્નાઈએ બેંગ્લોરને 8 રનથી હરાવ્યું હતું. મેચ વિરાટ કોહલીના હોમ ગ્રાઉન્ડ પર રમાઈ




હોવા છતાં બધાની નજર ધોનીની બેટિંગ પર હતી. જો કે આ મેચમાં ચાહકો નિરાશ થયા હતા.

આ પોસ્ટર બોય કોણ છે તેણે ખરેખર આવું કર્યું છે કે કેમ તે વિશે વધુ માહિતી નથી. જો કે, આમ પહેલીવાર નથી બન્યું, જ્યારે કોઈ ફેન આ પ્રકારનું લખાણ લખ્યું હોય. આ પહેલા એક પ્રશંસકે પોસ્ટર પર લખ્યું હતું કે જ્યાં સુધી વિરાટ સદી નહીં ફટકારે ત્યાં સુધી તે લગ્ન નહીં કરે. જે ક્રિકેટ માટે લોકોનો ક્રેઝ દેખાડે છે.

## વિમેન્સ પ્રિમીયર લીગની આગામી સીઝન ફેબ્રુ.માં શરૂ થશે



ગુજરાત | વંદન

મહિલા પ્રિમીયર લીગની પહેલી સીઝનને મળેલી સફળતા બાદ બીસીસીઆઈ આ ટૂર્નામેન્ટને હવે વધુ મોટા સ્તરે આયોજિત કરવાની યોજના બનાવી રહ્યું છે. હવે આ ટૂર્નામેન્ટની આગલી સીઝન આવતાં વર્ષે ફેબ્રુઆરીમાં રમાશે અને એ ટૂર્નામેન્ટ હોમ-અવે ફોર્મેટમાં રમાશે. હોમ અવે ફોર્મેટનો મતલબ લીગની પાંચેય ટીમ પોતપોતાના હોમગ્રાઉન્ડ ઉપર પણ મેચ રમશે. મહિલા પ્રિમીયર લીગની પહેલી સીઝનના તમામ મુકાબલા મુંબઈમાં રમાયા હતા.

આ મહિનાના પ્રારંભમાં આઈપીએલ ચેરમેન અરુણ ધુમલે જણાવ્યું હતું કે, વિમેન્સ પ્રિમીયર લીગ આગલા ત્રણ સત્ર માટે પાંચ ટીમોની ટૂર્નામેન્ટ રહેશે અને તે હોમ એન્ડ અવે ફોર્મેટમાં રમાશે. અરુણ ધૂમલે જણાવ્યું કે હોમ અવે ફોર્મેટમાં આ ટૂર્નામેન્ટને આયોજિત કરવાથી ચાહકો વચ્ચે તેની લોકપ્રિયતામાં વધારો થશે.

લીગને ટીયર-2 શહેરો જેવા કે ઈન્દોરમાં લઈ જવી મુશ્કેલ બનશે કેમ કે તેના નામે ટૂર્નામેન્ટની ફ્રેન્ચાઈઝી નથી. એવી પણ ચર્ચા ચાલી રહી છે કે ડબલ્યીપીએલને વર્ષના અંત સુધી સ્થગિત કરી દેવામાં આવી જેથી તેને દિવાળીના સમયે આયોજિત કરી શકાય. જો કે આ મામલે હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી.

## નીરજ ચોપરા એશિયન ગેમ્સમાં ભાગ લેશે: કહ્યું- કોઈપણ પ્રકારની ઈજાથી બચવા માગું છું

ગુજરાત | વંદન

દેશના સ્ટાર ઓલિમ્પિયન એથ્લેટ નીરજ ચોપરા હાલમાં તુર્કીના ગ્લોરિયા સ્પોર્ટ્સ એરેનામાં પોતાની ટેકનિકલ કુશળતા સુધારવા માટે પ્રેક્ટિસ કરી રહ્યો છે. 2023માં તેના સ્પર્ધાત્મક કેલેન્ડરની શરૂઆત પહેલા, ટોક્યો ઓલિમ્પિક સુવર્ણ ચંદ્રક વિજેતા નીરજ ચોપરા કહે છે કે તે દરેક પસાર થતી ઈવેન્ટ અને વર્ષ સાથે તેનું પ્રદર્શન સુધારવા માગે છે.

ડાયમંડ લીગ 5 મેના રોજ દોહામાં શરૂ થવાની છે, જેમાં શ્રેષ્ઠ ટ્રેક અને ફિલ્ડ એથ્લેટ્સ આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ભાગ લેવા કતાર જશે. ડાયમંડ લીગમાં ભાગ લેવા દોહાની મુસાફરી કરતા પહેલા, જે તેની 2023ની પ્રથમ સ્પર્ધાત્મક ટુર્નામેન્ટ હશે. નીરજ




વાત કરે છે કે તે કેવી રીતે દોહામાં શ્રેષ્ઠ સામે સ્પર્ધા કરવાની તૈયારી કરી રહ્યો છે. 'મારી તૈયારી સારી રીતે ચાલી રહી છે. અમે તાજેતરમાં દક્ષિણ આફ્રિકામાં હતા, જ્યાં અમે સ્ટ્રેન્થ અને કન્ડિશનિંગ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા હતા. હવે અમે મારી ટેક્નિકલ સ્કિલ્સ સુધારવા માટે ગ્લોરિયા સ્પોર્ટ્સ એરેનામાં છીએ, જેથી હું સ્પર્ધા કરવા માટે ટોચની સ્થિતિમાં છું,' નીરજે રવિવાર, 16 એપ્રિલના રોજ વર્ચ્યુઅલ મીડિયા ઈન્ટરેક્શનમાં જણાવ્યું હતું.

## શ્રીશંકર અને પ્રિયંકાની વિદેશમાં ટ્રેનિંગને મંત્રાલયે મંજૂરી આપી

ગુજરાત | વંદન

રમત મંત્રાલયે કોમનવેલ્થ ગેમ્સના સિલ્વર મેડલ વિજેતા લાંબી કૂદના એથલીટ મુરલી શ્રીશંકરના આ વર્ષની વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશીપ અને એશિયન ગેમ્સની તૈયારી માટે ગ્રીસમાં એક મહિનાથી વધુ સમય સુધી તાલીમ લેવાના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે.

શ્રીશંકર ગ્રીસમાં 32 દિવસની



તાલીમ લેશે અને તેની સાથે તેના કોચ શિવશંકરન મુરલી પણ હશે, એમ મંત્રાલયના એક નિવેદનમાં જણાવાયું છે. તેમની તાલીમનો ખર્ચ ટાર્ગેટ ઓલિમ્પિક પોડિયમ (TOPS) હેઠળ ઉઠાવવામાં આવશે.

## એશિયા કપમાં ભારત પોતાની મેચ તટસ્થ સ્થળે રમશે

■ બાકીની ટીમો પાકિસ્તાનમાં મેચ રમશે

ગુજરાત | વંદન


પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) એ ભારતના મેચોનું આયોજન તટસ્થ સ્થળે કરાવવાની સાથે જ એશિયા કપની યજમાનીનો પ્રસ્તાવ એશિયન ક્રિકેટ પરિષદ (એસીસી)ને મોકલ્યો છે. પીસીબી પ્રમુખ નઝમ સેઠીએ જણાવ્યું કે તેણે આ પ્રસ્તાવને રવાના કર્યો છે જેમાં ભારત પોતાની મેચ તટસ્થ સ્થળે રમી શકે છે જ્યારે બાકીની ટીમો



પાકિસ્તાનમાં રમશે.

ભારતીય ક્રિકેટ બોર્ડ (બીસીસીઆઈ)એ બન્ને દેશો વચ્ચે રાજકીય તણાવને કારણે પાકિસ્તાનની યાત્રા કરવાનો ઈનકાર કરી દીધો હતો અને એશિયા કપને તટસ્થ સ્થળે સ્થળાંતરિત કરવાની માંગ કરી હતી. સેઠીએ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું કે અમે એશિયા કપને હાઈબ્રિડ મોડેલ પર રમાડવાનો નિર્ણય કર્યો છે જ્યાં પાકિસ્તાન એશિયા કપના પોતાની મેચ ઘરેલું મેદાન પર અને ભારત પોતાની મેચ તટસ્થ સ્થલે રમશે. એશિયા કપનું આયોજન 2થી 17 સપ્ટેમ્બર સુધી પ્રસ્તાવિત છે જેમાં છ ટીમો ભાગ લેશે. ભારત-પાકિસ્તાન ઉપરાંત એશિયા કપમાં શ્રીલંકા, અફઘાનિસ્તાન, બાંગ્લાદેશની સાથે એક ક્વોલિફાયર ટીમ ભાગ લેશે.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com




# ભારતમાં વધુ ને વધુ ખતરનાક બની રહી છે 'હીટવેવ'

■ દેશની 90 ટકાથી વધુ વસ્તી 'ડેન્જર ઝોન'માં ...

ગુજરાત | વંદન

વિશ્વભરમાં ક્લાઈમેટ ચેન્જના એટલે કે જલવાયુ પરિવર્તનની અસર થઈ રહી છે. જેના કારણ દુનિયાભરમાં મોટા ફેરફારો આવી રહ્યાં છે. આવા ફેરફારોમાં ભારત પણ બાકાત નથી. ક્લાઈમેટ ચેન્જના કારણે ભારતમાં 'હીટવેવ' વધુ ને વધુ ખતરનાક બની રહી છે. એક નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, આબોહવા પરિવર્તનને કારણે ભારતની ગરમીની સ્થિતિ વધુને વધુ ગંભીર બની રહી છે, જેમાં દેશની 90 ટકાથી વધુ વસ્તી 'અત્યંત સાવધ' અથવા 'ડેન્જર ઝોન'માં છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે દેશનો 90 ટકા હિસ્સો હિટ વેવની 'અત્યંત ચેતવણી રૂપ' અથવા 'ખતરનાક' શ્રેણીમાં છે. અભ્યાસમાં ચેતવણી આપવામાં આવી છે કે જો ભારત ગરમીના મોજાની અસરને તાત્કાલિક ઘટાડવામાં નિષ્ફળ જશે, તો તેની ટકાઉ વિકાસ લક્ષ્યોને પ્રાપ્ત કરવાની દિશામાં અસર થઈ શકે છે. કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં રમિત દેબનાથ અને તેમના સાથીદારો દ્વારા હાથ ધરવામાં આવેલા અભ્યાસમાં જણાવાયું છે કે રાજધાની દિલ્હી હીટવેવની અસરો માટે સંવેદનશીલ છે અને તે 'ડેન્જર ઝોન'માં છે. રિપોર્ટ અનુસાર, પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયના પૂર્વ સચિવ એમ રાજીવન, વૈજ્ઞાનિકો કમલજીત રે, આરકે ગિરી, એસએસ રે અને એપી ડિમરી દ્વારા તૈયાર કરાયેલા સંશોધન અનુસાર, ભારતમાં છેલ્લા 50 વર્ષમાં હીટવેવના કારણે 17,000 થી વધુ લોકો મૃત્યુ પામ્યા છે. જો કે આ પેપર 2021 માં પ્રકાશિત થયું હતું, તેમાં કહેવામાં આવ્યું હતું કે 1971 થી 2019 સુધીમાં, દેશમાં હીટ વેવની 706 ઘટનાઓ બની હતી.

# પુંછમાં ડ્રોન-સ્નિફર ડોગથી સર્ચ ઓપરેશન શરૂ; ફાયરિંગ-ગ્રેનેડ અટેકમાં 5 જવાન શહીદ થયા

ગુજરાત | વંદન



કાશ્મીરમાં સેનાની ટ્રક પર આતંકી હુમલાના મામલામાં નવી માહિતી સામે આવી રહી છે. હિન્દુસ્તાન ટાઈમ્સના અહેવાલ મુજબ, આ હુમલામાં ઘાયલ એક સૈનિકે જણાવ્યું કે ઓછામાં ઓછા 7 આતંકવાદીઓએ રોકેટ પ્રોપેલ્ડ ગ્રેનેડથી હુમલો કર્યો.બીજી તરફ જવાનો પર થયેલા આતંકવાદી હુમલાની તપાસ માટે નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NIA) અને 8 સભ્યોની ફોરેન્સિક ટીમ પુંછ જવા રવાના થઈ ગઈ છે. બપોર સુધીમાં સ્થળ ભીમ્બર ગલી વિસ્તારમાં પહોંચશે. બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ અને સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG)ની ટીમ સવારે સમગ્ર વિસ્તારની તપાસ કરવા ગઈ હતી. આ સ્થળ પુંછથી 90 કિમી દૂર છે.

સુરક્ષા દળોએ સમગ્ર વિસ્તારમાં ડ્રોન-સ્નિફર ડોગ્સ સાથે સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે. ગુરુવારે આ હુમલામાં રાષ્ટ્રીય રાઈફલ્સ યુનિટના 5 જવાનો શહીદ થયા હતા. જ્યારે એક યુવક ઘાયલ થયો હતો. પીપલ્સ એન્ટી ફાસીસ્ટ ફ્રન્ટ (PAFF) એ હુમલાની જવાબદારી લીધી છે. ગઈકાલે બપોરે, સેનાએ તેને અકસ્માત ગણાવ્યો હતો, પરંતુ સાંજે 6:33 વાગ્યે પુષ્ટિ કરી હતી કે તે આતંકવાદી હુમલો હતો. આ હુમલો રાજૌરી સેક્ટરમાં બપોરે 3 વાગ્યે થયો જ્યારે સૈનિકોને લઈને સૈન્યના ત્રણ વાહનો રાજૌરી-પુંછ નેશનલ હાઈવે પર ભીમ્બર ગલીથી પુંછ તરફ જઈ રહ્યા હતા. ભારે વરસાદ અને ઓછી વિઝિબિલિટીનો લાભ લઈને આતંકવાદીઓએ એક વાહન પર હુમલો કર્યો. આ પછી ગ્રેનેડ ફેંક્યા અને લગભગ 50 રાઉન્ડ ફાયરિંગ કર્યું. જેના કારણે વાહનમાં આગ લાગી હતી.

# 30મી એપ્રિલે 'મન કી બાત'નો 100મો એપિસોડ





ગુજરાત | વંદન

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મન કી બાત કાર્યક્રમના 100 એપિસોડ ટૂંક સમયમાં પૂરા થવા જઈ રહ્યા છે. આ અવસર પર સરકારે 100 રૂપિયાનો સિક્કો બહાર પાડવાનો નિર્ણય કર્યો છે.

કેન્દ્ર સરકારે આ અંગે તમામ તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે. આ સિક્કા પર 'મન કી બાત 100' લખેલું હશે. આ સાથે સિક્કા પર માઈક્રોફોન સાથે 2023 પણ પ્રિન્ટ કરવામાં આવશે. નોંધનીય છે કે, 30 એપ્રિલે વડાપ્રધાન મોદી મન કી બાત કાર્યક્રમ દ્વારા દેશને સંબોધિત કરશે. આ મન કી બાત કાર્યક્રમનો 100મો એપિસોડ હશે. કાર્યક્રમની શતાબ્દી પૂર્ણ કરવા માટે ભારતીય જનતા પાર્ટી દ્વારા વિશેષ તૈયારીઓ કરવામાં આવી રહી છે.

# અતીક અને અશરફની હત્યા બાદ યુપીમાં અચાનક 3000 મોબાઈલ નંબર બંધ...!

ગુજરાત | વંદન



યૂપીના પ્રયાગરાજમાં અતીક અહેમદ અને અશરફની ગોળી મારીને હત્યા કર્યા બાદ કેટલાય ચોંકાવનારા ખુલાસા થઈ રહ્યા છે. યૂપી એસટીએફ કેટલાય લોકો પર નજર રાખી રહી છે અને સતત સર્ચ ઓપરેશન ચલાવી રહી છે. ઉમેશ પાલ હત્યાકાંડના આરોપીની શોધમાં ઠેકઠેકાણે તપાસ થઈ રહી છે. યૂપી પોલીસ અને એસટીએફ તેના માટે સમગ્ર તાકાત અજમાવી રહી છે. ઉમેશના હત્યારાઓની તપાસમાં એસટીએફે 5 હજારથી વધારે મોબાઈલ નંબર સર્વિલાંસ પર લીધા હતા. આ ઉપરાંત અન્ય રીતે પણ જાણકારી એકઠી થઈ રહી છે. આ દરમ્યાન એસટીએફને કેટલાય મહત્વના પુરાવા મળ્યા હતા. અતીક અને અશરફની હત્યા બાદ સર્વિલાંસ પર લેવામાં આવેલા નંબરોમાંથી 3 હજાર મોબાઈલ અચાનક બંધ થઈ ગયા છે. તેની પાક્કી માહિતી હજૂ મળી નથી, પણ તેનાથી તપાસમાં ખૂબ જ અડચણો ઊભી થઈ રહી છે. કહેવાય છે કે, બંધ થયેલા કેટલાય નંબર અતીકના નજીકના અને સંબંધીઓના હોઈ શકે છે. અતીકના દૂરના સંબંધીઓ તેને લઈને ડરેલા છે. અને ઈચ્છે છે કે, તપાસનો રેલો તેમના સુધી ન પહોંચે. સવાલ એ પણ છે કે, આટલા વધારે મોબાઈલ નંબર એકસાથે કેવી રીતે અને શા માટે બંધ થઈ ગયા?

અતીક અને તેના પરિવારની મદદ કરનારા કેટલાય લોકો ફરાર હોવાનું કહેવાય છે. સાથે જ ઉમેશ પાલના હત્યારાઓની મદદ અથવા તો કોઈ બીજા સંબંધીના ઘરે જતા રહ્યા અને ફરવાનું બહાનું કરીને રાજ્ય છોડી ચુક્યા છે. એસટીએફના જણાવ્યા અનુસાર, જે નંબર બંધ થયા છે, તેમાંથી મોટા ભાગના લોકો રડાર પર હતા. પણ એટલા માટે તેમના પર હાથ નાખવામાં નથી આવતો કેમ કે, તેના કારણે બીજા આરોપીઓને ખબર પડી જાય અને તેને પકડી શકાય.

# 2022-23માં ₹1.01 લાખ કરોડથી વધુની જીએસટી કરચોરી પકડાઇ

■ જીએસટી ચોરીના 14,000 કેસો નોંધાયા જે ગયા વર્ષે 12,574 હતાં




ગુજરાત | વંદન

ભારતીય ટેક્સ માળખામાં ધરમૂળમાંથી ફેરફાર કરીને શરૂ કરવામાં આવેલી નવી ટેક્સ પ્રણાલી ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ(જીએસટી) થી સરકારને હવે બમ્પર કમાણી થઈ રહી છે. સમયાંતરે ટેક્સ કાયદા અને ઓનલાઈન સિસ્ટમમાં ફેરફાર કરીને તેમાં પારદર્શિતા લાવવા અને છટકબારીઓ બંધ કરવાના અથાગ પ્રયાસ કરી રહી છે. તેમ છતા ભેજાબાજો એનકેન પ્રકારે જીએસટી ચોરીનો રસ્તો શોધી કાઢે છે. તાજેતરમાં પૂરા થયેલા નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સની ચૂકવણીમાંથી બચવાના પ્રયાસોને ટેક્સ અધિકારીઓએ મોટા પ્રમાણમાં નિષ્ફળ બનાવ્યા છે અને રૂ. ૧.૦૧ લાખ કરોડથી વધુની કરચોરી શોધી કાઢવામાં સફળ થયા છે.

એક સિનિયર અધિકારીએ જણાવ્યું કે ડિરેક્ટોરેટ જનરલ ઓફ જીએસટી ઈન્ટેલિજન્સ (ડીજીજીઆઇ)ના અધિકારીઓએ પણ ગત નાણાકીય વર્ષમાં કરચોરી કરનારાઓ પાસેથી રૂ. ૨૧,૦૦૦ કરોડની વસૂલાત કરી હતી. સરકાર ટેક્સ અનુપાલનને વધારવા માટે પગલાં લઈ રહી છે.

ડીજીજીઆઈના અધિકારીઓએ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ. ૧,૦૧,૩૦૦ કરોડની કરચોરી શોધી કાઢી છે, જે પાછલા વર્ષની સરખામણીએ લગભગ બમણી છે. નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં ૫૪,૦૦૦ કરોડ રૂપિયાની કરચોરી પકડાઈ હતી. જીએસટી ન ચૂકવવા, વેપારીઓ કરપાત્ર માલસામાન અને સેવાઓના મૂલ્યની અન્ડર-રિપોટગ, કર મુક્તિના ખોટા દાવા અને ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવવાના રસ્તાઓ શોધે છે. આ સિવાય ટેક્સ ચોરીમાં નકલી રસીદો જમા કરાવવા અને બનાવટી કંપનીઓ સાથેના વ્યવહારોની વિગતો પણ દર્શાવવામાં આવી છે.

# 7.47 લાખ જળાશયો સાથે બંગાળ દેશમાં મોખરે, સિક્કિમ સૌથી પાછળ

■ દેશમાં કુલ 24.24 લાખ જળાવો-સરોવરો આવેલા છે: જલ શક્તિ મંત્રાલયનો અહેવાલ

ગુજરાત | વંદન



તાજેતરમાં જલ શક્તિ મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલી પ્રથમ વોટરબોડીઝના રિપોર્ટ મુજબ, ભારતમાં તળાવ અને સરોવરો જેવા 24.24 લાખ જળાશયો છે, જેમાં પશ્ચિમ બંગાળ સૌથી વધુ (7.47 લાખ) અને સિક્કિમ સૌથી ઓછું (134) ધરાવે છે. રિપોર્ટ જણાવે છે કે, "દેશમાં 24,24,540 જળાશયોની ગણતરી કરવામાં આવી છે, જેમાંથી 97.1% (23,55,055) ગ્રામીણ વિસ્તારોમાં અને માત્ર 2.9% (69,485) શહેરી વિસ્તારોમાં છે."

અહેવાલ મુજબ, 59.5 ટકા (14,42,993) જળાશયો તળાવો છે, ત્યારબાદ ટાંકીઓ (15.7 ટકા એટલે કે 3,81,805), જળાશયો (12.1 ટકા એટલે કે 2,92,280), જળ સંરક્ષણ યોજનાઓ ડેમ (9.3% એટલે કે 2,26,217), સરોવરો (0.9% એટલે કે 22,361) અને અન્ય (2.5% એટલે કે 58,884)". અહેવાલ મુજબ, "પશ્ચિમ બંગાળમાં સૌથી વધુ સંખ્યામાં તળાવો અને જળાશયો છે, જ્યારે આંધ્ર પ્રદેશમાં સૌથી વધુ ટાંકીઓ છે. તમિલનાડુમાં સૌથી વધુ સરોવરો છે અને મહારાષ્ટ્ર જળ સંરક્ષણ યોજનાઓ સાથે અગ્રેસર રાજ્ય છે."

પશ્ચિમ બંગાળના દક્ષિણ 24 પરગનાને સમગ્ર દેશમાં સૌથી વધુ (3.55 લાખ) જળાશયો ધરાવતા ટોચના જિલ્લા તરીકે સ્થાન આપવામાં આવ્યું છે. પશ્ચિમ બંગાળ ઉપરાંત, અન્ય છ રાજ્યોમાં એક લાખથી વધુ વોટરબોડીઝ છે, જ્યારે ચાર રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો દરેકમાં 1,000 કરતા ઓછા વોટરબોડીઝ ધરાવે છે.

ગણતરીમાં પ્રથમ વખત જળાશયોના અતિક્રમણ અંગેનો ડેટા પણ એકત્રિત કરવામાં આવ્યો હતો. અહેવાલમાં જણાવાયું છે કે, "તમામ ગણતરી કરાયેલા જળાશયોમાંથી 1.6% જળાશયો અતિક્રમિત હોવાનું નોંધાયું છે, જેમાંથી 95.4% ગ્રામીણ વિસ્તારોમાં અને બાકીના 4.6% શહેરી વિસ્તારોમાં છે. તમામ અતિક્રમિત જળાશયોમાંથી, 62.8% પાસે 25% કરતા ઓછો વિસ્તાર અતિક્રમણ હેઠળ છે, જ્યારે 11.8% જળાશયોમાં 75% કરતા વધુ વિસ્તાર અતિક્રમણ હેઠળ છે."

"જળાશયો સામાન્ય રીતે વિવિધ પ્રકારના હોય છે જેમ કે ટેન્ક જળાશયો, તળાવો અને બંધીઓ વગેરે જેવા વિવિધ નામોથી ઓળખાય છે.

# ભાજપમાં જોડાવાથી નુકશાન વધુ-ફાયદો ઓછો અજિત પવારે ભાજપમાં જોડાવાની વાત નકારી કહ્યું- 'હું મરીશ ત્યાં સુધી NCP માં જ રહીશ'

ગુજરાત | વંદન

અજિત પવારે તેમની એનસીપી પાર્ટી છોડી



અને બીજી પાર્ટીમાં જવાની અફવા પર પ્રતિક્રિયા આપી છે. NCPના નેતા અજિત પવારે કહ્યું કે, હું મરીશ ત્યાં સુધી NCPમાં જ રહીશ. જો કે આ દાવા બાદ પણ તેમના ભાજપ સાથે જવાની ચર્ચા અટકી રહી નથી. જયંત પાટીલ, છગન ભુજબળ, સુનીલ તટકરે અને અનિલ દેશમુખ જેવા પાર્ટીના મોટા નેતાઓ દેવગીરીમાં અજિત પવારના નિવાસસ્થાને ગયા અને તેમને મળ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ નેતાઓને શરદ પવારે અજિત પવારની મનની વાત જાણવા મોકલ્યા હતા. આ સાથે ભાજપ સાથે જવાનું પગલું તેમના માટે રાજકીય રીતે આત્મઘાતી બની શકે તેવી સૂચના આપવાનું પણ કહેવામાં આવ્યું હતું. નિષ્ણાતોના મતે ફાયદો ઓછો અને નુકસાન વધારે થશે. કારણ કે, અજિત પવાર સાથે માત્ર 15 ધારાસભ્યો છે. જ્યારે પક્ષપલટા કાયદાથી બચવા માટે, NCPના 53 ધારાસભ્યોમાંથી, બે તૃતીયાંશ એટલે કે લગભગ 37 ધારાસભ્યોની જરૂર પડશે.

# દેશ આખામાં વસ્તી પ્રમાણે ઓછા પોલીસકર્મીથી ગુનાખોરી બેકાબૂ...

■ એક લાખની વસ્તીએ પોલીસ કર્મીઓનો ગુણોતર 196.23ની જગ્યાએ 152.80 છે

ગુજરાત | વંદન



દેશના લગભગ તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં પોલીસ કર્મચારીઓની અછત છે. 36 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ક્યાંય પણ 'ખાકી' એટલે કે પોલીસ કર્મચારીઓની નિર્ધારિત સંખ્યા નથી. બ્યુરો ઑફ પોલીસ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ 'BPR&D' દ્વારા સંકલિત પોલીસ સંગઠનોના ડેટા અનુસાર, 1 જાન્યુઆરી, 2022 ના રોજ મંજૂર કરાયેલા આંકડા અનુસાર દેશમાં એક લાખ લોકો દીઠ પોલીસ કર્મચારીઓનો ગુણોત્તર 196.23 છે. જો આપણે વર્તમાન સમયની વાસ્તવિક સંખ્યા વિશે વાત કરીએ, તો તે આંકડો 152.80 છે. પશ્ચિમ બંગાળમાં પ્રતિ લાખ વસ્તીએ પોલીસ કર્મચારીઓની મંજૂર સંખ્યા 160.76 છે, જ્યારે વાસ્તવિક સંખ્યા માત્ર 97.66 છે. આસામમાં પ્રતિ લાખ વસ્તીએ પોલીસ કર્મચારીઓની મંજૂર સંખ્યા 231.90 છે અને વાસ્તવિક સંખ્યા 175.57 છે. નાગાલેન્ડમાં પોલીસ કર્મચારીઓની મંજૂર સંખ્યા 1212.39 છે. આ રાજ્યમાં વાસ્તવિક સંખ્યા 1189.33 છે

કેન્દ્રીય ગૃહ મંત્રાલયના રાજ્ય મંત્રી નિત્યાનંદ રાયના જણાવ્યાં અનુસાર, 'પોલીસ' એ ભારતના બંધારણની સાતમી અનુસૂચિની યાદી-2 (રાજ્ય સૂચિ) હેઠળનો રાજ્ય વિષય છે.

# અમેરિકાનું ન્યૂયોર્ક વિશ્વનું સૌથી અમીર શહેર: ભારતમાં મુંબઈનગરી ધનવાન

ગુજરાત | વંદન



દુનિયાના અમીર શહેરોમાં અમેરિકાના ન્યુયોર્કનો પહેલો નંબર છે. આ યાદીમાં જાપાનનું ટોકયો અને દ બે એરિયા ક્રમશઃ બીજા અને ત્રીજા ક્રમે છે. ઈન્વેસ્ટમેન્ટ માઈગ્રેશન ફર્મ હેનલે એન્ડ પાર્ટનર્સના એક રીપોર્ટમાં આ ઉલ્લેખ થયો છે.

મિલિયન ડોલરથી વધુની રોકાણ માંગ સંપતિવાળા હાઈ નેટવર્થ ઈન્ડીવિઝ્યુઅલ્સનુ વિશ્લેષણ કરતા ફર્મે જણાવ્યુ હતુ કે આ રીપોર્ટમાં ટોપ 10માં ચાર શહેરો તો અમેરિકાના છે. તેમાં ન્યુયોર્ક, લોસ એન્જલસ અને શિકાગો શહેર સામેલ છે. આ યાદીમાં દિલ્હીને પણ સામેલ કરાયુ છે. દિલ્હીમાં 16 અબજોપતિ છે. જયારે મુંબઈ ભારતમાં પહેલા નંબરે છે. આ લીસ્ટમાં ચીનના બે શહેર શાંઘાઈ અને બીજીંગ પણ સામેલ છે. આ યાદીમાં લંડનનો ચોથો ક્રમ છે. હાઈ નેટવર્થવાળા લોકોની સંખ્યામાં 40 ટકા વૃધ્ધિના કારણે ન્યુયોર્કે પ્રથમ સ્થાન મેળવ્યુ છે. જયારે સિંગાપોર 240100 એચએનડબલ્યુઆઈ સાથે પાંચમા સ્થાને છે જયારે સિડની 1,26,900 એચએનડબલ્યુઆઈ સાથે 10મા ક્રમે છે. આ યાદીમાં મુંબઈને 57400 એચએનડબલ્યુઆઈ સાથે સામેલ છે. ત્યારબાદ દિલ્હીનો સમાવેશ થાય છે. દિલ્હીમાં 16 અબજોપતિ, બેંગ્લુરૂમાં 8 અબજપતિ, હૈદ્રાબાદમાં પાંચ અબજપતિ, કોલકતામાં 7 અબજપતિ છે.

## 109 વર્ષ પૂરા કરનારે દુનિયા સમક્ષ જાહેર કર્યા લાંબા આયુષ્યના રહસ્યો...

# આને કહેવાય જિંદાદીલી..109મો જન્મદિન બેલે ડાન્સર સાથે ઉજવ્યો..ભાઇ...ભાઇ..!

ગુજરાત | વંદન


દરેક વ્યક્તિ લાંબુ અને સ્વસ્થ જીવન ઈચ્છે છે, પરંતુ જાણ્યે-અજાણ્યે આપણે એવી જીવનશૈલી જીવી રહ્યા છીએ જે દિવસેને દિવસે આપણી ઉંમર ઘટાડતી જાય છે. પરંતુ જો તમે પણ લાંબુ આયુષ્ય જીવવા માંગતા હો, તો તમે મૌરી માર્કઓફ પાસેથી કંઈક શીખી શકો છો.

મૌરી માર્કોફે 2023ના વર્ષની શરૂઆતમાં તેનો 109મો જન્મદિવસ ઉજવ્યો અને તે પણ બેલે ડાન્સર સાથે જન્મદિન ઉજવીને પૂરવાર કર્યું કે જીવનને જીવો, કોઈપણ રીતે... બે મહામારીઓ, બે વિશ્વ યુદ્ધ જોયા પછી, માર્કોફને લાંબો અનુભવ છે. તાજેતરમાં, તેણે આ લાંબા અને સુખી જીવનના 12 મહત્વપૂર્ણ રહસ્યો દુનિયા સમક્ષ શેર કર્યા છે. ત્યારથી દાદાજી વાયરલ થયા છે. લોકો તેમના જોરદાર વખાણ કરી રહ્યા છે. અને તેમાંથી પ્રેરણા લઈ રહ્યાં છે.

માર્કોફને ખબર છે કે આનેવાલા પલ જાનેવાલા હૈ...હો શકે તો ઈસ મેં જિંદગી બીતા દો પલ જો યે જાનેવાલા હૈ...,ની જેમ કહે છે કે, સુખી જીવનનો પહેલો પાઠ એ છે કે જીવનનો દરેક ક્ષણને જીવવી. દરેક પળને માણવી જોઈએ. કેમ કે ક્યારે શું થઈ જાય નો બડી ઈઝ નો..કબીરે પણ કહ્યું છે કે યે જીવન પાની કા બુલબુલા હૈ...કભી ભી ફૂટ શકતા હૈ...તેણે કહ્યું - હું ઘણી વખત મૃત્યુથી બચી ગયો. મને ખબર નથી કે તે કેવી રીતે થયું, જાણે કે તે તે હમણાં જ થયું. કારણ કે હું તેના વિશે બહુ વિચારતો નથી. મને સારી ઊંઘ આવે છે. હું મારા બાળપણથી આ શીખ્યો છું.

અમે એક ગંદી ગલીમાં રહેતા હતા. તે ખૂબ જ ઠંડી હતી. જો તમે વધારે વિચારશો, તો તમે કદાચ જીવી શકશો નહીં. તેણે બીજો પાઠ સંભળાવ્યો, કહ્યું- હંમેશા સક્રિય રહો.




**ટીપ્સ ઓફ લોંગ લાઈફ: વાંચવાની આદત ક્યારેય ન છોડો... તમને ભાવે તે ખાવ..હંમેશા પ્રવૃતિમય રહો...**

પ્રવૃતિમય રહો...કંઈકને કંઈક કામ કામમાં વ્યસત રહો..તમારી સંભાળ રાખવાનો પ્રયાસ કરો. જ્યાં સુધી તમે બીમાર ન હોવ, ત્યાં સુધી પથારીમાં સમય પસાર કરશો નહીં. તમને જાણીને નવાઈ લાગશે કે 103 વર્ષ જીવતા માર્કઓફ અને તેમની પત્ની દરરોજ 3.2 માઈલ ચાલતા હતા. માર્કોફે તેમના પુસ્તકમાં પણ આનો ઉલ્લેખ કર્યો છે.

ત્રીજો પાઠ- તમને ગમે તે ખાઓ.....

માર્કોફે કહે છે- મને ખબર નથી કે હું કેટલો સમય જીવીશ. હું તેના વિશે વિચારતો નથી. હું સવારે ઉઠું છું અને મારાથી બને તેટલું જીવનનો આનંદ માણવાનો પ્રયાસ કરું છું. ઉંમર માત્ર એક સંખ્યા છે. ચોથી ટિપ આપતાં, કહ્યું - તમને ગમે તે ખાઓ. મેં ક્યારેય મારા આહાર પર વધુ ધ્યાન આપ્યું નથી.મેં બેટ્ટી અને ક્યારેય વિટામિન્સ કે દવાની ગોળીઓ લીધી નથી. હું ક્યારેય ઓર્ગેનિક ફૂડ ખાતો નથી. સામાન્ય ખોરાક ખાઓ. નળનું પાણી પીવો. માર્કોફને એક જ અફસોસ છે. તેણે 16 વર્ષની ઉંમરે ધૂમ્રપાન કરવાનું શરૂ કર્યું. દિવસમાં બે થી ત્રણ પેક લેવા માટે વપરાય છે. કહ્યું- મેં આ માટે ઘણું ચૂકવ્યું.જીભનું કેન્સર થયું.....

વાંચવાની આદત ક્યારેય ન છોડો.....

ઈનસાઈડર સાથેની એકવાતચીતમાં, માર્કોફે કહ્યું, જીવનમાં વાંચવાની ટેવ ક્યારેય છોડશો નહીં. હું 6 વર્ષની ઉંમરથી ભણી રહ્યો છું...તમે જીવનમાં ઘણા પૈસા કમાઈ શકો છો પરંતુ જો શક્ય હોય તો બિનજરૂરી વસ્તુઓથી દૂર રહો. ફક્ત જરૂરી વસ્તુઓ જ તમારી સાથે રાખો. વધુ હાથ અને પગ ફેલાવશો એટલે વધુ સમસ્યાઓ સર્જાશે. ગરીબી હોવા છતાં, માર્કોફ ક્યારેય ભૂખ્યા નહોતા. નાનપણથી જ માર્કોફે બુટ પોલીસ, અખબાર વેચવા, ફ્રુટ શોપ સ્થાપવા, પેસ્ટ્રી વેચવા જેવા અનેક કામો કરીને જીવનના તમામ રંગો જોયા છે. .

તે કહો છે- તમારી સંસ્કૃતિને ક્યારેય ભૂલશો નહીં. તમારી જાતને પ્રેમ કરો અને અન્ય લોકોને પણ ઘણો પ્રેમ આપો. કારણ કે આ પ્રેમ ક્યારેય નાશ પામતો નથી, તમે હંમેશા મેળવો છો. તેમણે કહ્યું કે તમારા દાંતનું ધ્યાન રાખો અને હંમેશા હસતા રહો.

"તે હવે યુનાઈટેડ સ્ટેટ્સમાં 24મા સૌથી વૃદ્ધ વ્યક્તિ છે," મોરીના પુત્ર, સ્ટીવે કહ્યું, જેમણે પેસિફિક પેલિસેડ્સમાં તેના બેકયાર્ડમાં જન્મદિવસની ...અનુસંધાન પેજ નં. 6 પર

# મિથુનના પુત્રએ અક્ષરા સિંહ સાથે કામ કરવાની ઈચ્છા વ્યક્ત કરી





બોલિવૂડ સુપરસ્ટાર મિથુન ચક્રવર્તીનો પુત્ર નતાશા ચક્રવર્તી તેની આગામી ફિલ્મ બેડ બોયના પ્રમોશનમાં વ્યસ્ત છે. તેણે ભોજપુરી અભિનેત્રી અક્ષરા સિંહના જોરદાર વખાણ કર્યા. તેણે કહ્યું કે હું અક્ષરા સિંહનો મોટો ફેન છું અને તેની સાથે ફિલ્મ કરવા માંગુ છું. એટલું જ નહીં, નમાશીએ અક્ષરા પર વખાણ કર્યા.

એક ઈન્ટરવ્યુમાં નમાશી ચક્રવર્તીએ કહ્યું હતું કે તે અક્ષરા સિંહ સાથે હિન્દી અને ભોજપુરીમાં ફિલ્મ બનાવવા માંગે છે. તેણે અક્ષરાના ભારે વખાણ કર્યા. નોંધનીય છે કે, નમાશી ફિલ્મ બેડ બોયથી બોલિવૂડમાં ડેબ્યૂ કરવા જઈ રહી છે. આ ફિલ્મના દિગ્દર્શક રાજકુમાર સંતોષી છે.

બેડ બોય ફિલ્મમાં નતાશી સાથે અભિનેત્રી અમરીન કુરેશી પણ જોવા મળશે. બંને આ ફિલ્મના પ્રમોશનમાં વ્યસ્ત છે. ફિલ્મના પ્રમોશન દરમિયાન જ્યારે પત્રકારોએ તેમને પૂછ્યું કે શું તમે ભોજપુરીમાં ફિલ્મ કરવા ઈચ્છો છો? આ સવાલના જવાબમાં નમાશી ચક્રવર્તીએ કહ્યું કે તે ચોક્કસપણે કરશે. આ પછી તેણે કહ્યું, 'હું અક્ષરા સિંહનો મોટો ફેન છું અને તેની સાથે કામ કરવાનું મને ચોક્કસ ગમશે.'



# દેશ છોડતા પ્રિયંકા ચોપરાનું છલકાયુ દર્દઃ કહ્યું- પોતાના લોકોથી દૂર રહેવું મુશ્કેલ

અભિનેત્રી પ્રિયંકા ચોપરા તેની સીરિઝ સિટાડેલ માટે ખૂબ જ ચર્ચામાં છે. અભિનેત્રીએ આગલા દિવસે શ્રેણીના વર્લ્ડ વાઈડ પ્રીમિયરમાં હાજરી આપી હતી. તાજેતરમાં જ પ્રિયંકા દીકરી માલતી સાથે પહેલીવાર ભારત આવી હતી.

પ્રિયંકા ચોપરા પતિ નિક જોનાસ અને પુત્રી માલતી સાથે નીતા મુકેશ અંબાણી અંબાણી કલ્ચરલ સેન્ટર ઈવેન્ટમાં હાજરી આપવા મુંબઈમાં હતી. આ દરમિયાન તેણે કેટલાક ઈન્ટરવ્યુ પણ આપ્યા હતા. જ્યાં તેણે ગ્લોબલ સ્ટાર બનવાના સંઘર્ષ અને પોતાનો દેશ છોડીને વિદેશમાં સ્થાયી થવામાં પડતી મુશ્કેલીઓ વિશે વાત કરી હતી.પ્રિયંકા ચોપરાએ એક ટીવી ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે તે એવા તમામ કલાકારોને મળવા ઈચ્છે છે જે વિદેશમાં આવે છે અને તેમને મદદ કરીને તે સારું લાગે છે. પ્રિયંકાએ કહ્યું, "મને એક ફોન આવ્યો અને હું ઈચ્છું છું કે ફોન આવે. તમે કોઈને ઓળખતા નથી, તમે સેટ પર જાઓ, કામ કરો, ઘરે આવો અને પછી શું? દિવાલો પોતાને કાપવા માટે આવતી હોય છે. અભિનેત્રીએ વધુમાં કહ્યું કે, "પોતાની કમ્યુનિટી ને છોડીને, પોતાના ખાવાને છોડીને, પોતાની ફેમિલીને છોડીને, ફેમિલી, મિત્રોને છોડીને ત્યાં જવું મારા માટે ખૂબ જ મુશ્કેલ હતું."

# 'ધડક 2'માંથી ઈશાન ખટ્ટર અને જાન્હવી કપૂરની જોડી આઉટ..!



બોલિવૂડ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના જાણીતા પ્રોડ્યુસર કરણ જોહરે થોડા વર્ષો પહેલા જ્હાન્વી કપૂર અને ઈશાન ખટ્ટરને ધડક નામની ફિલ્મથી બૉલીવુડમાં લૉન્ચ કર્યા હતા. આ ફિલ્મમાં આ બંને સ્ટાર્સની શાનદાર એન્ટ્રી થઈ, જેના કારણે દર્શકોએ તેમને તરત જ સ્વીકારી લીધા. ધડકએ જાહ્નવીને બોલિવૂડની એક મોટી અભિનેત્રી બનાવી, જેના પછી તેને સતત ફિલ્મો મળી રહી છે. હવે જ્હાન્વી કપૂરને પણ સાઉથ સિનેમાની ફિલ્મો મળવા લાગી છે. ટૂંક સમયમાં તે સાઉથના ઘણા મોટા સ્ટાર્સ સાથે ફિલ્મો કરતી જોવા મળશે.

બોલિવૂડના કોરિડોરમાંથી બહાર આવેલા નવીનતમ અહેવાલો અનુસાર, કરણ જોહર ધડકની સિક્વલ બનાવવાનું વિચારી રહ્યો છે. કરણ જોહર નવી લીડિંગ જોડી સાથે ધડક 2 બનાવવાની યોજના બનાવી રહ્યા છે, જેના કારણે તેણે સિદ્ધાંત ચતુર્વેદી અને તૃપ્તિ ડિમરીને સાઈન કર્યા છે. કરણ જોહરના બેનર હેઠળ બની રહેલી ધડક 2નું નિર્દેશન શાઝિયા ઈકબાલ કરશે. શાઝિયા ઈકબાલની આ પહેલી બોલિવૂડ ફિલ્મ હશે. તેણે આ પહેલા ક્યારેય કોઈ ફિલ્મ ડિરેક્ટ કરી નથી.

## નવી જોડી સાથે ધડક 2 બનાવવાનું વિચારી રહ્યાં છે કરણ જોહર...!

ફિલ્મ 'ધડક'ના લીડ સ્ટાર ઈશાન ખટ્ટર અને જાહ્નવી કપૂરને ફિલ્મ 'ધડક 2'માંથી કટ કરવામાં આવ્યા છે. ફિલ્મ 'ધડક 2'માં સિદ્ધાંત ચતુર્વેદી અને તૃપ્તિ ડિમરીનો એન્ટ્રી થયો છે. જોકે, ફિલ્મ 'ધડક 2'ને લઈને સત્તાવાર માહિતી જાહેર કરવામાં આવી નથી.

કરણ જોહર નવા આવનારાઓમાંથી સ્ટાર બનાવવા માટે જાણીતો છે. કરણ પોતાના બેનર હેઠળ જે કલાકારોને લોન્ચ કરે છે, તે તેમને સ્ટાર બનાવે છે. ગલી બોય બાદ સિદ્ધાંત ચતુર્વેદીની કરિયર ડગમગી ગઈ છે. શું તે ધડક 2 થી બોક્સ ઓફિસ પર કમબેક કરી શકશે? તે જોવું રસપ્રદ રહેશે. સિદ્ધાંત ગલી બોય પછી સમાચારમાં હતો પરંતુ તે પછી તેની એક પણ ફિલ્મ હિટ સાબિત થઈ નથી. જોકે તેમણે તેને ગોશિપ ગણાવ્યું હતું

# 'શાકા લાકા બૂમ બૂમ'નો 'સંજુ' હવે દેખાય છે આવો હેન્ડસમ





13 વર્ષ બાદ કિન્શુક વૈદ્યનો ફોટો વાયરલ થઈ, લોકોએ કહ્યું- શું તમે જાદુઈ પેન્સિલ ફેરવી?

તમને સ્ટાર પ્લસ પર આવનારો શો 'શકા લાકા બૂમ બૂમ' યાદ હશે. આ શો નાના બાળકોમાં ખૂબ જ લોકપ્રિય હતો. આ સાથે તેમાં કામ કરનાર તમામ બાળ કલાકારો પણ ખૂબ જ પ્રખ્યાત હતા. જોકે હવે આટલા વર્ષો પછી તમામ બાળ કલાકારો મોટા થઈ ગયા છે. શોમાં સંજુનું પાત્ર કિન્શુક વૈદ્યએ ભજવ્યું હતું, જેની પાસે જાદુઈ પેન્સિલ હતી અને તે તેની મદદથી કંઈપણ બનાવી શકતો હતો. સંજુના પાત્રમાં કિન્શુક વૈદ્યને લોકોએ ખૂબ પસંદ કર્યો. સિરિયલને સમાપ્ત થયાને ઘણો સમય વીતી ગયો છે, પરંતુ આજે પણ લોકો તેના પાત્રોને ખૂબ યાદ કરે છે. આ ક્રમમાં સીરિયલમાં લીડ રોલમાં જોવા મળેલ સંજુનો એક ફોટો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેને જોઈને લોકો ખૂબ જ આશ્ચર્યમાં છે. આ ફોટોમાં કિંશુક વૈદ્ય ખૂબ જ હેન્ડસમ લાગી રહ્યા છે. કિંશુક હવે મોટો થઈ ગયો છે અને તેના વ્યક્તિત્વ સામે મોટા હીરો ફેલ હોય તેમ દેખાય છે. વાયરલ થઈ રહેલા આ ફોટોમાં કિંશુક કાર લઈને ઉભો છે અને કેમેરા સામે જોઈ રહ્યો છે. તેના આ ફોટોને 16 હજારથી વધુ લોકોએ લાઈક કર્યો છે. તેના ફોટો પર કોમેન્ટ કરતાં એક યુઝરે લખ્યું, 'તમે ખૂબ જ હેન્ડસમ દેખાઈ રહ્યા છો'. તો ત્યાં બીજા યુઝરે લખ્યું છે કે, 'તમે હોટનેસ અને ક્યૂટનેસનું પરફેક્ટ ઉદાહરણ છો'. આ રીતે લોકો કિંશુક વૈદ્યના ફોટા પર પ્રેમ વરસાવી રહ્યા છે. અભિનેતાના વર્ક ફ્રન્ટની વાત કરીએ તો, તે શાક લાકા બૂમ બૂમ પછી ઘણી સીરિયલ્સમાં જોવા મળ્યો છે. તે 'જાત ના પૂછો પ્રેમ કી' અને 'એક રિશ્તા પાર્ટનરશિપ કા' જેવા શોમાં જોવા મળ્યો છે.

# પર્પલ ડ્રેસમાં અભિનેત્રી મૌની રોયનો કહેર



## નવા લુકથી ચાહકોને આશ્ચર્યચકિત કર્યા

અભિનેત્રી મૌની રોયે સોશિયલ મીડિયા પર ઘણી એક્ટિવ રહે છે. તાજેતરમાં, મૌની રોયે તેના નવા લુકથી ચાહકોને આશ્ચર્યચકિત કર્યા છે. તેણે પર્પલ ડ્રેસમાં તેની નવીનતમ તસવીરો શેર કરી છે, જેણે સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી છે. મૌની રોય પોતાની અદભૂત તસવીરોથી ચાહકોને પ્રભાવિત કરતી રહે છે. અભિનેત્રી સોશિયલ મીડિયા દ્વારા ફેન્સ સાથે જોડાયેલી રહે છે. હાલમાં જ તેણે પર્પલ ડ્રેસમાં કેટલાક ફોટો શેર કર્યા છે, જેમાં તે ખૂબ જ હોટ લાગી રહી છે.

અભિનેત્રીની તસવીરોએ ચાહકોના હૃદયના ધબકારા વધારી દીધા છે. ફોટામાં મૌની તેના પગને ફ્લોન્ટ કરતી જોવા મળે છે. તેની સ્ટાઈલથી ન જાણે કેટલા લોકોના દિલ ચોરાઈ ગયા.

દરેક વ્યક્તિ મૌની રોયની ફેશન સેન્સના વખાણ કરે છે. લેટેસ્ટ તસવીરોમાં, બલૂન સ્લીવએ તેના આઉટફિટને વધુ સ્ટાઈલિશ બનાવી દીધો છે. અભિનેત્રીએ ખુલ્લી હેરસ્ટાઈલ અને ન્યુડ મેકઅપ સાથે તેના લુકને કમ્પલીટ કર્યો છે.

અભિનેત્રીની સુંદરતા અને તેની સ્ટાઈલ ચાહકોને દિવાના બનાવે છે. મૌની તેની બોલ્ડનેસ માટે ઘણી ચર્ચામાં રહે છે. તેનું ઈન્સ્ટા બોલ્ડ અને સિઝલિંગ ફોટાઓથી ભરેલું છે. લેટેસ્ટ ફોટોશૂટમાં અભિનેત્રી અદ્ભુત પોઝ આપીને ચાહકોના દિલમાં ધૂમ મચાવી રહી છે.

મૌનીને સિરિયલ નાગીનમાં ચાહકો દ્વારા ખૂબ જ પસંદ કરવામાં આવી હતી, તે અત્યાર સુધી તેના રોલને ભૂલ્યા નથી, તેથી જ કેટલાક ચાહકોએ કોમેન્ટ બોક્સમાં નાગીનનું ઈમોજી પણ શેર કર્યું છે. દર્શકોને પણ ફિલ્મ 'બ્રહ્માસ્ત્ર'માં મૌનીનો રોલ પસંદ આવ્યો હતો.

# એક ઇન્ટેન્સ લવ ડ્રામામાં એક સાથે જોવા મળશે અનિલ કપૂર, દિવ્યા ખોસલા-હર્ષવર્ધન રાણે







અનિલ કપૂર, દિવ્યા ખોસલા અને હર્ષવર્ધન રાણે ટૂંક સમયમાં એક ઈન્ટેન્સ લવ ડ્રામા ફિલ્મમાં સાથે જોવા મળશે. અને હવે સાંભળવા મળી રહ્યું છે કે આ ફિલ્મનું શૂટિંગ પણ શરૂ થઈ ગયું છે. કહેવાય છે કે અનિલ કપૂર, દિવ્યા ખોસલા અને હર્ષવર્ધન રાણે આ દિવસોમાં લંડનમાં ગુપ્ત રીતે તેમની ફિલ્મનું શૂટિંગ કરી રહ્યા છે. ટી-સિરીઝ દ્વારા નિર્મિત આ ફિલ્મનું શૂટિંગ લંડનમાં શરૂઆતથી અંત સુધી કરવામાં આવશે. એક વિશ્વસનીય સ્ત્રોત જણાવે છે કે, "આ ઈન્ટેન્સ લવ ડ્રામા એક મહિલાના જીવનમાં બે પુરુષો વિશે છે. દિવ્યા ફીમેલ લીડમાં જોવા મળશે, જ્યારે અનિલ કપૂર અને હર્ષવર્ધન રાણે મેલ લીડમાં જોવા મળશે. અભિનય દેવ આ ફિલ્મનું નિર્દેશન કરી રહ્યા છે. અભિનય દેવ પીઢ અભિનેતા રમેશ અને સીમા દેવનો પુત્ર છે. તેણે અગાઉ આમિર ખાનની ફિલ્મ દિલ્હી બેલી અને ઈરફાન ખાનની બ્લેક કોમેડી બ્લેકમેલનું નિર્દેશન કર્યું હતું.

# રણવીર સિંહના ડૂબતા કરિયરને હવે 'બૈજૂ બાવરા'થી મોટી આશા



સૌ કોઈ વાકેફ એ વાતથી હશે કે એક સમય ચડતી કે પડતી સૌને ભાગે આવે જ છે. આ જ મુશ્કેલ પરિસ્થિતિનો સામનો હાલ બોલિવૂડ સ્ટાર રણવીર સિંહ કરી રહ્યો છે. રણવીર સિંહની છેલ્લા કેટલાય સમયથી એક પણ ફિલ્મ હિટ ગઇ નથી. તેની છેલ્લી રિલીઝ થયેલી ફિલ્મ સર્કસ પણ સિનેમાઘરોમાં નીચે પટકાઇ ગઇ હતી. ત્યારે ચોમેરથી તકલીફોમાં મૂકાયેલા રણવીર સિંહની કારકિર્દી 'બૈજૂ બાવરા'થી ઉંચકાશે તેવો દાવો થઈ રહ્યો છે. સંજય લીલા ભણશાળી હવે આ પ્રોજેક્ટ આગળ વધારે તેની રણવીર રાહ જોઈ રહ્યો છે. સંજય લીલા ભણશાળીએ 'બૈજૂ બાવરા'નો પ્રોજેક્ટ અભેરાઈએ ચઢાવ્યો હોવાની અફવા અગાઉ ચગી હતી. પરંતુ હવે અભિનેતા પ્રાર્થના કરી રહ્યો છે કે જલ્દી આ પ્રોજેક્ટ આગળ વધે. સંજય લીલા ભણશાળીએ અગાઉ તેને 'ગોલીયોં કી રાસલીલા, રામ-લીલા', 'પદ્માવત' અને 'બાજીરાવ મસ્તાની' જેવી ફિલ્મોમાં તક આપી છે.તેથી રણવીરને આશા છે કે સંજય લીલાની ફિલ્મથી જ તેની કારકિર્દી ફરી પાટે ચઢશે. રણવીર એક સમયે યશરાજ ફિલ્મ્સનો માનીતો કલાકાર હતો. પરંતુ, હવે ફલોપ ફિલ્મોની પરંપરા બાદ તેને ત્યાંથી હાંકી કઢાયો છે. જોકે, રણવીરની નજીકના સૂત્રો દાવો કરી રહ્યા છે કે આ વાત તદ્દન ખોટી છે અને આજની તારીખે પણ રણવીર કોઈપણ પ્રોજેક્ટમાં આગળ વધતાં પહેલાં યશરાજ ફિલ્મ્સના માલિક આદિત્ય ચોપરાની સલાહ લે છે.

સંજય લીલા ભણશાળી હવે જલ્દી આ પ્રોજેક્ટ આગળ વધારે તેની રાહ જોઈ રહ્યો છે રણવીર

ગુજરાત
સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# ડમી-પેપર લીક કાંડ: આખરે યુવરાજસિંહ જાડેજાની ધરપકડ

■ યુવરાજ સિંહની સાથે અન્ય 6 જણા પણ કસ્ટડીમાં રિમાંડ મેળવાયા

ગુજરાત | વંદન

ડમી ઉમેદવાર કાંડ મામલે કલોકની પૂછપરછ બાદ વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાની ખંડણી સહિતના ગુનામાં ભાવનગર પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર ડમી ઉમેદવાર કાંડ મામલે ભાવનગર પોલીસ દ્વારા સમન્સ પાઠવવામાં આવતા યુવરાજસિંહ હાજર થયા હતા 7 કલાક સુધી તેમની પૂછપરછ કરવામાં આવી હતી. પોલીસે જણાવ્યા અનુસાર યુવરાજસિંહે નાણાના વ્યવહારો અંગે કરેલા પ્રશ્નોના ગોળ ગોળ જવાબો આપ્યા હતા અને પોલીસે બતાવેલા પુરાવા અંગે યુવરાજસિંહ જવાબ આપવામાં અસમર્થ થતાં આખરે તેમની ધરપકડ કરવામાં આવી હતી. નોંધનીય છે કે, શુક્રવારે સવારે યુવરાજસિંહે મીડિયાની સામે પોતાની ગમે ત્યારે ધરપકડ થઈ શકે તેવી આશંકા વ્યક્ત કરી હતી અને સાંજે એ જ થયું. મહત્વનું છે કે, યુવરાજસિંહ જાડેજાએ સરકારી ભરતીઓમાં થતાં અનેક કૌભાંડો ઉજાગર કર્યા છે.

## પ્રકાશ પાસેથી 45 તો પ્રદીપ બારૈયા પાસેથી 55 લાખ પડાવ્યા



યુવરાજસિંહ જાડેજાની ધરપકડ બાદભાવનગર પોલીસ દ્વારા એક પ્રેસ કોન્ફરન્સ કરવામાં આવી હતી. જેમાં રેન્જ આઈજીએ ખુલાસો કરતા જણાવ્યું કે, યુવરાજસિંહ અને તેમના માણસોએ રૂષિત બારૈયા નામના એક ડમી વિદ્યાર્થીનો વિડીયો બનાવ્યો હતો અને તે વિડીયોનો ડર પ્રકાશ દવેને બતાવી તેનું નામ પોતાની પ્રેસ કોન્ફરન્સમાં નહીં લેવા માટે ધાક ધમકી આપીને 45 લાખ રૂપિયા પડાવ્યા હતા. તેવી જ રીતે પ્રદીપ બારૈયા નામના વ્યકિત પાસેથી યુવરાજસિંહ તથા તેના માણસોએ 55 લાખ રૂપિયા લીધા હોવાની વિગતો પોલીસ તપાસમાં સામે આવી છે.

**6 લોકો સામે નોંધાયો ગુનો**

- યુવરાજસિંહ જાડેજા
- શિવુભા જાડેજા
- કાનભા જાડેજા
- ઘનશ્યામ લાધવા જોષી
- બિપીન ત્રિવેદી
- રાજુ

# ઘરની ચાર દીવાલમાં બેસીને દારુ પીવાની છૂટ માગતી રિટ, ઓગસ્ટમાં થશે સુનાવણી




ગુજરાત | વંદન

ગુજરાતમાં દારુબંધી હોવા છતા પણ ખુલ્લેઆમ દારુ વેચાતો હોય છે. દેશી દારુ હોય કે પછી વિદેશી દારુ હોય, રાજ્યમાં જ્યાં જોઈએ ત્યાં દારુ સરળતાથી મળી રહે છે. ત્યારે દારુબંધીના કાયદાને પડકારતા કેસમાં હાઈકોર્ટમાં પેન્ડિંગ અરજીની સુનાવણી નક્કી કરવાની માગ સાથે અરજદારો દ્વારા શુક્રવારે રજૂઆત કરવામાં આવી હતી. અરજદારોએ દલીલ કરી હતી કે, દારુબંધીના કાયદાને પડકારતી અરજીઓ ટકી શકે તેમ અગાઉ હાઈકોર્ટે ઠેરવ્યું હતું. ત્યારે આ કેસોની સુનાવણી કરીને તેનો નિર્ણય કરવો જોઈએ. તો બીજી તરફ, રાજ્ય સરકારના એડવોકેટ જનરલે આવા પ્રકારના કેસોમાં કોઈ ઉતાવળ ન હોવાથી તેમાં તાકીદની સુનાવણીની કોઈ જરુર નથી એવી પણ દલીલ કરી હતી. ત્યારે એક્ટિંગ ચીફ જસ્ટીસ એ.જે. દેસાઈ અને જસ્ટિસ બિરેન વૈષ્ણવની ખંડપીઠે આગામી 7 ઓગસ્ટના રોજ આ કેસની સુનાવણી ફિક્સ કરી છે. જેથી હવે ઘરની ચાર દીવાલમાં બેસીને દારુ પીવાની છૂટ મળી શકે કે નહીં, નશાબંધીના કાયદાની જોગવાઈઓ રદ્દ થઈ શકે નહીં તે અંગે હાઈકોર્ટ નિર્ણય કરશે.

## AAP સફાયા તરફ, આપનું વિપક્ષ પદ જોખમમાં!

# આમ આદમી પાર્ટીના વધુ બે કોર્પોરેટર કનુ ગેડિયા, અલ્પેશ પટેલ ભાજપમાં જોડાયા

ગુજરાત | વંદન





સુરત આમ આદમી પાર્ટીમાં આજે ફરી ગાબડું પડ્યું છે. 6 દિવસ પહેલાં AAPના છ કોર્પોરેટર ભાજપમાં જોડાયા હતા. ત્યારે આજે વધુ બે કોર્પોરેટરે આમ આદમી પાર્ટીનો સાથ છોડી ભાજપમાં જોડાયા છે. વોર્ડ નં.3ના આપના કોર્પોરેટર કનુ ગેડિયા અને વોર્ડ નં.2ના આપના કોર્પોરેટર અલ્પેશ પટેલ ભાજપમાં જોડાયા છે. અત્યારસુધીમાં 12 કોર્પોરેટરે AAPનો છેડો ફાડી ભાજપમાં જોડાયા છે. આથી આમ આદમી પાર્ટી સફાયા તરફ હોવાની ચર્ચા લોકોમાં ઉઠી છે.

સ્થાયી સમિતિના ચેરમેન પરેશ પટેલે જણાવ્યું હતું કે, ટોટલ 10 પ્લસ 2 એટલે 12 કોર્પોરેટર ભાજપમાં જોડાયા છે. એટલે હવે આમ આદમી પાર્ટીના 15 કોર્પોરેટર બાકી રહ્યા છે. કાયદાની ભાષામાં 12 કોર્પોરેટર સુધી વિરોધ પક્ષ રહી શકે, 12થી ઓછા કોર્પોરેટર થાય તો વિરોધ પક્ષ શક્ય નથી. આવવા-લાવવાનું એવું કશું જ નથી. પણ એ લોકોને ભાજપની વિચારધારા ગમે એટલે એ સંજોગોમાં એ ભાજપમાં જોડાઈ શકે છે. કોઈ આવશે તો જોડીશું તેમાં કોઈ પ્રશ્ન નથી. 27માંથી 9 કોર્પોરેટર આમ આદમી પાર્ટીમાંથી ભાજપમાં જોડાઈ તો પક્ષાંતર ધારો લાગતો નથી.

## નવા રથમાં જગતના નાથ નીકળશે નગરચર્યાએ...



અમદાવાદમાં આ વર્ષે નીકળનારી એતિહાસિક ભગવાન જગન્નાથજીની રથયાત્રામાં હવે ત્રણ નવા નક્કોર રથોમાં વિરાજમાન ભગવાન શ્રી જગન્નાથજી, મોટા ભાઈ બલરામ અને બહેન સુભદ્રા જોવા મળશે. જગન્નાથ મંદિર દ્વારા વર્ષો જુના રથોને વિરામ આપી નવા રથો બનાવ્યા છે. ગૃહમંત્રી હર્ષ સંઘવી દ્વારા આજે તેની વિધિસર આરતી ઉતારીને પૂજા અર્ચના કરવામાં આવી હતી. તસ્વીર : મૌર્ય ભાગ્યવાન

## પરીક્ષાને લઈ 8 મનપા વિસ્તાર આયોજન કરવામાં આવ્યું છે

# ગુજરાતભરમાં આજે TAT-2ની પરીક્ષા યોજાશે



ગુજરાત | વંદન

રાજ્યમાં TAT-2 ની પરીક્ષાને લઈ મહત્વના સમાચાર સામે આવ્યા છે. ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા આયોજિત ગુજરાત ટેટ 2ની પરીક્ષા આગામી 23 એપ્રિલ રવિવારે યોજાશે. રાજ્યમાંથી કુલ 2 લાખ 76 હજાર ઉમેદવાર પરીક્ષા આપશે. જ્યારે પરીક્ષાને લઈ 8 મનપા વિસ્તાર આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યમાં શિક્ષકોની ઘટને લઈ અનેક વિવાદો થાય છે. આ મુદ્દો વિધાનસભા સીધી પહોંચી ચૂક્યો છે. ત્યારે બાળકોના શિક્ષણને લઈ હવે રાહત થશે. રાજ્યમાં ધોરણ 5 થી 8 માટે શિક્ષકોની ભરતી કરવામાં આવશે. ટેટ 2 ની પરીક્ષા અંગે બોર્ડ ચેરમેન પ્રકાશ ત્રિવેદીએ આ અંગે જણાવ્યું હતું કે 2,76,000 જેટલા ઉમેદવારો ધોરણ 6 થી 8ના શિક્ષક બનવાની માટેની આ પરીક્ષા આપશે. રાજ્યની 8 મહાનગરપાલિકા વિસ્તારમાં આ પરીક્ષાનું સંચાલન થશે. આ પરીક્ષામાં સમાજ વિદ્યા, ગણિત વિજ્ઞાન, ભાષા નું કોમન પેપર લેવામાં આવશે.

### 9230 વર્ગખંડોમાં લેવાશે પરીક્ષા

જેમાં ગુજરાતી માધ્યમના કુલ 2 લાખ 65 હજાર 791 ઉમેદવાર પરીક્ષા આપશે. જ્યારે અંગ્રેજી માધ્યમ ના કુલ 6113 ઉમેદવાર પરીક્ષા આપશે. હિન્દી માધ્યમ માં કુલ 4162 ઉમેદવાર પરીક્ષા આપશે. ત્યારે ટેટ 2 નું પરીક્ષા રાજ્યના 8 મનપા 926 મકાનોમાં 9230 વર્ગખડોમાં પરીક્ષા લેવાશે.

## સુરતમાં કીર્તિ પટેલનો વધુ એક વિવાદ

# ગાય ભરેલી બે ટ્રકને ઉભી રાખીને ડ્રાઈવરને માર્યો

ગુજરાત | વંદન



સુરતના કામરેજમાં બે ટ્રકો ગાય ભરીને જઈ રહી હતી, ત્યારે કીર્તિ પટેલે આ ટ્રકોને રોકી હતી અને તેના સાગરીતોને બોલાવી લીધા હતા. ગાયને કતલખાને લઈ જઈ રહ્યા છો તેમ કહીને કીર્તિ પટેલે અને તેના સાગરીતોએ ટ્રકના ડાઈવરને ઢોરમાર માર્યો હતો અને ડ્રાઈવરોને ધમકી પણ આપી હતી કે, જો બીજી વખત અહીં દેખાશો તો તાપી નદીમાં ફેકી દઈશું.

કામરેજ કામરેજ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ અરવિદભાઈને થઈ હતી. જે બાદ પોલીસની ટીમ ઘટના સ્થળ પર પહોંચી હતી પોલીસને જોતા કીર્તિ પટેલ અને તેના સાગરીતો ફરાર થઈ ગયા હતા. પોલીસે બંને ટ્રક અને ટ્રક ડ્રાઈવરને પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી. જેમાં એક ટ્રકચાલકનું નામ મગાભાઈ વકાતર અને બીજા ટ્રક ડ્રાઈવરનું નામ ફાલ્ગુનભાઈ પરમાર છે. પોલીસે બંને ટ્રક ડ્રાઈવરની પૂછપરછ કરી હતી, જેમાં સામે આવ્યું હતું કે, ટ્રકમાં રહેલી ગાય ગીર ગંગા ગૌશાળા ચેરિટેબલ ટ્રસ્ટ ગઢડાની છે. તમામ કાગળીયા સાથે ગાયને લઈ જવામાં આવી રહી હતી. ટ્રક જેવી કામરેજ ટોલનાકા પાસે પહોંચી હતી ત્યારે કેટલાક લોકોએ ટ્રકને રોકી હતી અને ગાયને કતલખાને લઈ જાવ છો તેમ કહીને ડ્રાઈવરને માર માર્યો હતો. સમગ્ર મામલે કામરેજ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલે કીર્તિ પટેલ અને તેના પાંચ સાગરીતો સામે માર મારવો અને જાનથી મારી નાંખવાની ધમકી સહિતની કલમો મુજબનો ગુનોં નોંધ્યો છે.

# ભાજપના સાંસદ વિદેશ પ્રવાસે, ઘરફોડ ચોરો ઘરની મુલાકાતે!

■ ચાંદીના સિક્કાઓ, 2 બિસ્કિટ મળીને અંદાજે 6 કિલો ચાંદીની ચોરી થઈ

ગુજરાત | વંદન





રાજ્યમાં અત્યારે ચોરીના કિસ્સાઓ સતત વધી રહ્યા છે. તેવામાં અરવલ્લી-સાબરકાંઠાના સાંસદ દીપસિંહ રાઠોડ અમેરિકા પ્રવાસ પર ગયા હતા. જોકે આ દરમિયાન તસ્કરોએ તેમના મકાનના તાળા તોડી લાખો રૂપિયાની રકમની ચોરી કરી લીધી હતી. આ દરમિયાન ચોરોએ ઘરના મુખ્ય દરવાજાનું તાળુ તોડ્યું હતું. એમાંથી લગભગ 6 કિલો ચાંદી તથા 7 કિલો સોનાના દાગીના ચોરાઈ ગયા હતા. ઘરમાં 1 લાખ રૂપિયાથી વધુની રોકડ પણ હતી. આવી રીતે કુલ 9 લાખ રૂપિયાની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. ઘરમાં CCTV પણ બંધ હોવાથી ચોરીનો આ મામલો વધારે ગૂંચવાયો છે. સ્થાનિકોને પણ આ અંગે કોઈ જાણ નથી એમ કહેવાઈ રહ્યું છે.

પ્રાંતિજમાં રણજીતસિંહ રાઠોડ નિવાસ શાળાના ટ્રસ્ટી છે. જેથી કરીને તેમના પિતા કે જેઓ સાંસદ છે તે અહીં સ્થિત મકાનમાં રહે છે. દીપસિંહ રાઠોડ 12 એપ્રિલના દિવસે અમેરિકા પ્રવાસ કરવા માટે ગયા હતા. જોકે આ દરમિયાન રણજીતસિંહે હવન માટે પૂજન સામગ્રી અને અન્ય કામ અર્થે આ ઘર ખોલ્યું હતું. ત્યારથી લઈને મકાનને તાળુ લાગેલું છે. પરંતુ અચાનક જ લગભગ 20 તારીખે રણજીતસિંહ ત્યા આવે છે તો તાળુ તૂટેલુ જોવા મળે છે. અહીં ઘરમાં તમામ સામાન વેરવિખેર થયેલો નજરે પડે છે. એટલું જ નહીં લાખો રૂપિયાની રકમ ચોરાઈ ગઈ હોવાનું પણ સામે આવ્યું હતું. દીપસિંહના પુત્ર રણજીતે ત્યારપછી પોલીસમાં આ અંગે ફરિયાદ નોંધાવી દીધી છે. તેમાં જણાવ્યું છે કે ઘરમાં રહેલી ત્રણ લોખંડની તિજોરીઓના તાળા તૂટ્યા છે અને અંદરથી કિમતી

...અનુસંધાન પેજ નં. 6 પર

## અમદાવાદમાં આજે રાષ્ટ્રીય હાસ્ય કવિ સંમેલનનું આયોજન

ગુજરાત | વંદન

રાષ્ટ્રીય એકતા સમિતિ, પરપ્રાંતીય સંગઠન-ગુજરાત અને અખંડ રાષ્ટ્રીય હિન્દુ સેના દ્વારા રવિવારે અમદાવાદમાં ભવ્ય રાષ્ટ્રીય હાસ્ય કવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ સંમેલનમાં દેશના જાણીતા હાસ્ય કવિઓ ભાગ લેશે.

રાષ્ટ્રીય એકતા સમિતિના પ્રમુખ મહેન્દ્ર યાદવે જણાવ્યું કે અમદાવાદના બાપુનગર ચંદ્રપ્રસાદ દેસાઈ હોલ ખાતે સાંજે 7.30 વાગ્યાથી હસ્ય કવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. દિનેશ બાવરા (સ્ટેજ ડિરેક્ટર - મુંબઈ), પંડિત અનિલ ચૌબે (કોમેડી, વારાણસી), અખિલેશ દ્વિવેદી (કોમેડી, પ્રયાગરાજ), રામ ભદાવર (વીર રાસ, ઈટાવા), ડૉ. અંજના કુમાર (ગઝલ, કાનપુર), હરિ બહાદુર હર્ષ (વીર) રાસ, પ્રતાપગઢ) અને સોનલ જૈન (શ્રૃંગાર, સુરત) ગીત-ગઝલો રજૂ કરશે.

## ગોધરા: મસ્જિદમાં નમાઝ અદા કરાવી રહેલા મૌલાનાનું હાર્ટ એટેકથી મોત

ગુજરાત | વંદન

રાજ્યમાં હાર્ટ એટેકથી મોતનું પ્રમાણ સતત વધી રહ્યું છે. આ દરમિયાન ક્યારેક ક્રિકેટ રમતા તો ક્યારેક બાઇક પર અથવા તો કારમાં હાર્ટ એટેક આવવાના કિસ્સામાં સતત વધારો થઈ રહ્યો છે. આ દરમિયાન આજે વધુ એક કિસ્સો સામે આવ્યો છે. જેમાં ગોધરામાં આવેલ ઈદગાહ મસ્જિદમાં નમાજ અદા કરાવી રહેલા મૌલાનાનું હાર્ટ એટેકથી અવસાન થયું છે. રમઝાન માસમાં મુસ્લિમ બિરાદરો કઠિન રોઝા રાખીને અલ્લાહની ઈબાદત અને બંદગી કરે છે. રમઝાન ઈદની પંચમહાલ જિલ્લા સહિત રાજ્યભરમાં હર્ષો ઉલ્લાસપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે ગોધરામાં ઈદનો તહેવાર માતમમાં ફેરવાયો છે.

## ઘડી બે ઘડી આરામ...વિશ્રામ...!



ઘટાદાર વૃક્ષ હોય એટલે આરામની પળો માટે વિવિધ પ્રકારના પક્ષીઓ તેની ડાળે બેસીને નિરાંત અનુભવે છે. શહેરના નારોલથી લાંભા જતા વચ્ચે રસ્તામાં એવા અનેક ઘટાદાર વૃક્ષો છે કે, જે પશુ-પક્ષીઓને છાંયડો આપવાની સાથે વિરામ પણ આપે છે. તસ્વીરમાં એક ઘટાદાર વૃક્ષની ડાળીઓ પર સંખ્યાબંધ પક્ષીઓ સામુહિક ગોષ્ઠી માટે એકત્ર થયા હોય તેવું જણાય છે. નજીકના વિજળીના થાંભલામાં પ્રકાશથી વૃક્ષનો રંગ સોનેરી-સોનેરી થયેલો જણાય છે. એ આછેરી સોનેરી પ્રકાશમાં પણ ધોળા દૂધ જેવા પક્ષીઓ ચમકી રહેલા દેખાય છે. તસ્વીર : મૌર્ય ભાગ્યવાન

## બ્રહ્મ સમાજનો નિર્ણય: લગ્ન પ્રસંગે ડી.જે વગાડવા, વરઘોડો કાઢવા પર પ્રતિબંધ

ગુજરાત | વંદન

બનાસકાંઠાના ડીસામાં બ્રહ્મ સમાજે નવા નિયમો લાગુ કર્યા છે. સમાજ સુધારણા અને લગ્ન સહિતના પ્રસંગોમાં થતા ખર્ચા બંધ કરવા માટેના નિયમો બ્રહ્મ સમાજ દ્વારા જાહેર કરવામાં આવ્યા છે. સમાજ દ્વારા લગ્ન પ્રસંગે ડી.જે, દાંડિયારાસ, વરઘોડો કાઢવા પર પ્રતિબંધ લાદી દેવામાં આવ્યો છે. લગ્નને લઈ આર્થિક ભારણ ઓછું થશે. પુત્ર પુત્રીના લગ્નને કારણે આર્થિક ભારણ નહીં વધે તેને માટે આ પગલું લેવામાં આવ્યું છે. સાથે જ વર-વહુને બ્યુટી પાર્લરવાળાને બોલાવવા પર પણ સામાજિક પ્રતિબંધ કરાઈ છે. વધુમાં મરણ વિધિ પોણા મહિનાના બદલે 12 દિવસમાં સંપન્ન કરી દેવા નિર્ણય કરાયો છે.

/gujaratvandan

નિડર, નિષ્પક્ષ, અને વિશ્વસનીય
ગુજરાત વંદન

ગુજરાત વંદન તરફથી
આકર્ષક વાર્ષિક લવાજમ ઓફર
₹ 260/-
(એક વર્ષ માટે)

ભરો ફક્ત 260/- ₹ ને મેળવો

આખું વર્ષ ગુજરાત વંદન અખબાર
+
ઘર વપરાશની ઉપયોગી ચીજવસ્તુ

આ ઉપરાંત જાણીતા સલૂન સિક્રેટ સેવન્ટીનનો
30% ડિસ્કાઉન્ટ સાથેનો વાઉચર
Secret 7ટીન Hair & Nails Studio


વહેલા તે પહેલાના ધોરણે આપના અખબાર વિતરકનો સંપર્ક કરવા વિનંતી.
+91 63572 63573

ગુજરાત વંદન
વ્યવસ્થાપક માર્કેટીંગ
820, સાકાર-9, આશ્રમ રોડ, સીટી ગોલ્ડની બાજુમાં, અમદાવાદ-380009

# પીરાણા: ખુલ્લા પ્લોટમાં વૃક્ષો, લાકડામાં વિકરાળ આગ, 15 ફાયર ફાઇટર દોડી ગયા

■ પવનની ગતિને કારણે આગ પ્રસરી રહી છે

ગુજરાત | વંદન



અમદાવાદના પીરાણા પીપળાજ રોડ ઉપર બાલાજી પેટ્રોલ પંપ નજીક આવેલા ખુલ્લા પ્લોટમાં ભીષણ આગ લાગી હતી. ફાયરબ્રિગેડની 15 જેટલી ગાડીઓ તાત્કાલિક ઘટનાસ્થળે રવાના કરવામાં આવી . ખુલ્લા પ્લોટમાં આવેલા ઝાડ અને લાકડાઓમાં આગ લાગી હતી. આજુબાજુમાં ફેક્ટરીઓ પણ આવેલી છે અને ત્યાં સુધી આગ પહોંચે તેવી પરિસ્થિતિને લઈ મોટી સંખ્યામાં ફાયર બ્રિગેડની ગાડીઓ રવાના કરવામાં આવી હતી. ભારે જહેમત બાદ ફાયર બ્રિગેડે આગને કાબૂ સફળતા મેળવી હતી.

ફાયરબ્રિગેડ કન્ટ્રોલરૂમ તરફથી મળતી માહિતી મુજબ પીરાણા પીપળાજ રોડ ઉપર બાલાજી પેટ્રોલ પંપની બાજુમાં સ્પિંચ કંપની આવેલી છે. ત્યાં ખુલ્લા પ્લોટમાં અને આસપાસના વિસ્તારમાં આગ લાગી હોવાનો મેસેજ મળ્યો હતો. જેથી ફાયર બ્રિગેડની 15 જેટલી ગાડીઓ અને ઉચ્ચ અધિકારીઓ તાત્કાલિક પીરાણા ખાતે રવાના થયા હતા. ખુલ્લા પ્લોટમાં આગ લાગી હતી અને પવનની ગતિ વધારે હોવાથી આગ વધુ ફેલાઈ હતી. જેથી ફાયરબ્રિગેડની ટીમ દ્વારા ચારેય તરફથી પાણીનો મારો ચલાવી આગને હાલ કાબૂમાં કરવામાં સફળતા મળી હતી